ફાઇલ તારીખઃ ૦૭/૦૩/૨૦૨૪
દાખલ તારીખઃ ૦૭/૦૩/૨૦૨૪
ફેંસલ તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬
અવધિઃ <u>વર્ષ માસ દિવસ</u>

## સુરતના મહેરબાન છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, સુરત.

**<u>ફોર્મ– "એ"</u>**

**આંક–૧૨૪**

**ચુકાદા તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬**

**<u>પોકસો કેસ નં. ૫૧/૨૦૨૪</u>**

**(ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ – ૩૬૩, ૩૭૬(૨)(જે)(એલ)(એમ), ૩૭૬એ, ૩૭૬એબી તથા જાતિય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩એ ના ભંગ બદલ કલમ–૪(૨) તથા કલમ–૫(આઇ)(કે)(એમ) ના ભંગ બદલ કલમ–૬ તથા કલમ–૮ તથા ૯(આઇ)(કે)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબ.)**

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષ** | **શ્રી સરકાર.**<br>મુળ ફરીયાદીઃ–ભોગબનનારની માતા ઉ.વ.૩૦, ધંધો–ઘરકામ, રહે– સુરત શહેર. |
| **વિ. એ.પી.પી.શ્રી.** | **શ્રી વિ. એલ. ફળદુ** |
| **આરોપી** | **અંકિત ઓમપ્રકાશ ગૌતમ.**<br>ઉ.આ.વ.૨૯,ધંધો–એમ્બ્રોડરી મશીન ચલાવવાની મજુરી, રહેઃ–ખાતા નં. ૨૯૫, પંડોળ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ–૦૨, ચામુંડા પાન કોલ્ડ્રીંકસની ઉપર બીજા માળે અશોકભાઇના ખાતામાં વેડરોડ, |

| | |
|---|---|
| | ચોકબજાર, સુરત.<br>મુળ રહેવાસી–ગામ–સીરસા, તા. ધાટમપુર, થાના–સજેતી, જિ.કાનપુર(ઉત્તરપ્રદેશ). |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **એલ.એ.ડી.સી. કુ. આર. જી. પારેખ** |

## <u>ફોર્મ– "બી"</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૦૨/૨૦૨૪ ના ક.૨૦/૩૦ થી ક.૨૩/૧૫ વાગ્યા દરમ્યાનમાં |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૧/૦૨/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૨/૦૮/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | ૧૫/૦૬/૨૦૨૬ |

## <u>આરોપીની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સં કલમ – ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** | ૨૧/૦૨/૨૦૨૪ | યુ. ટી. પી. | ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૭૬(૨)(એમ), ૩૭૬ એબી તથા જાતિય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૩એ ના | દોષિત ઇ.પી.કો. કલમ૩૬૩,૩૭૬(૨)(એમ), ૩૭૬એબી તથા પોકસો એકટની | આખરી હુકમ મુજબ | ૨૧/૦૨/૨૦૨૪ થી આજ દિન સુધી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ભંગ બદલ કલમ-૪(૨) તથા કલમ-૫(i),(એમ) ના ભંગ બદલ કલમ-૬ તથા કલમ-૯(આઇ) (એમ) ના ભંગ બદલ કલમ-૧૦ મુજબ. | કલમ-૩એ ના ભંગ બદલકલમ -૪(૨), ૫(આઇ) (એમ) ના ભંગ બદલ કલમ-૬, કલમ-૯ (આઇ) (એમ) ના ભંગ બદલ કલમ-૧૦ | | |

## મુદ્દામાલની વિગતઃ-

## મુદ્દામાલ પાવતી નં. તા.૨૧.૧૨.૨૦૨૪

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ કાગળના કવરમાં રતાશ પડતાં ઘાસ લાગેલ છે તે માર્ક-૧ | | સાહેદ નં.૫ |
| ૦૨ | એક શીલબંધ કાગળના કવરમાં માટી લાગેલ કંટ્રોલ ઘાસ છે તે માર્ક-૨ | | સાહેદ નં.૫ |
| ૦૩ | એક સીલબંધ કાગળના કવરમાં લેગીંસ છે તે માર્ક-૩ | | સાહેદ નં.૧, ૨, ૩, ૫ |
| ૦૪ | એક સીલબંધ કાગળના કવરમાં એક ગુલાબી કલરની કુર્તી છે જેમાં સફેદ કલરની ડીઝાઇન છે તે માર્ક-૪ | | સાહેદ નં.૧, ૨, ૩, ૫ |
| ૦૫ | એક સીલબંધ કાગળના કવરમાં એક ડાબા પગનું કેસરી કલરનું ચંપલ છે તે માર્ક-૫ | | સાહેદ નં.૧, ૨, ૩, ૫ |
| ૦૬ | એક સીલબંધ કાગળના કવરમાં એક જમણા પગનું વાદળી કલરનું ચંપલ છે તે માર્ક-૬ | | સાહેદ નં.૧, ૨, ૩, ૫ |

## મુદ્દામાલ પાવતી નં. તા.૨૧.૨.૨૦૨૪

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક કાગળના સીલબંધ કવરમાં એક કાળા કલરની ટોપી છે જેમાં સફેદ અક્ષરોમાં adidas લખેલ છે તે માર્ક-૧૮ | | સાહેદ નં.૩, ૫,૧૬ |
| ૦૨ | એક કાગળના શીલબંધ કવરમાં એક HYRUN કંપનીનું ડાબા પગનું સેન્ડલ છે તે માર્ક-૧૮(૧) | | સાહેદ નં.૫ |
| ૦૩ | એક કાગળના સીલબંધ કવરમાં એક HYRUN કંપનીનું જમણા પગનું સેન્ડલ છે તે માર્ક- | | સાહેદ નં.૫ |

| | | | |
|---|---|---|---|
| | ૧૮(૨) | | |

**મુદ્દામાલ પાવતી નં. તા.૨૨.૨.૨૦૨૪**

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક કાગળના સીલબંધ કવરમાં એક આછા ગુલાબી કલરની ફુલ બાયની કોલર વગરની જર્સી જે મેલા જેવી જે ગળાના આગળના ભાગે ફાટેલી છે તે માર્ક–"૨૬" | | સાહેદ નં.૫ |
| ૦૨ | એક કાગળના શીલબંધ કવરમાં એક ડાર્ક ગ્રીન કલરની આખી બાયની ટીશર્ટ મેલા જેવી છે તે માર્ક–"૨૭" | | સાહેદ નં.૫ |
| ૦૩ | એક કાગળના સીલબંધ કવરમાં એક કાળા કલરનું ટ્રેક પેન્ટ મેલા જેવું છે તે માર્ક–"૨૮" | | સાહેદ નં.૫ |
| ૦૪ | એક કાગળના સીલબંધ કવરમાં એક ડાર્ક ગ્રીન કલરની બનિયાન મેલા જેવી. જેના ગળાના પાછળના ભાગે અંગ્રેજીમાં LUXCOZI લખેલ છે તે માર્ક–"૨૯" | | સાહેદ નં.૫ |
| ૦૫ | એક કાગળના સીલબંધ કવરમાં એક કોફી કલરનો જાંગીયો જેમાં કમરના ભાગે અંગ્રેજીમાં DOLLAR લખેલ છે. જેનાઆગળના ભાગે રતાશ પડતા તથા સફેદ કલરના સુકાયેલ ડાધાઓ જણાય છે તે માર્ક–"૩૦" | | સાહેદ નં.૫ |

**મુદ્દામાલ પાવતી નં. તા.૨૨.૨.૨૦૨૪**

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં પ્લાસ્ટીકની હેડ કલરની sdndisk કંપનીની ૧૬જી.બી.ની પેનડ્રાઇવમાં તા.૨૦–૨–૨૦૨૪ ના રોજના ક.૨૦/૧૫ થી ક.૨૦/૨૪ પી.એમ સુધીના ગુનાને સુસંગત કેમેરા નં.૦૮ ના ફુટેજ છે તે જે તે માર્ક–"૩૧" આપેલ છે તે. | ૪૪ | સાહેદ નં.૬, ૯, ૧૦, ૧૨, ૨૫ |

**મુદ્દામાલ પાવતી નં. તા.૨૨.૨.૨૦૨૪**

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં સ્ટીલની sdndisk કંપનીની ૧૬જી.બી.ની પેનડ્રાઇવમાં કેમેરા નં.૧ ના ક.૦૬/૪૦ થી ક. ૬/૫૦ તથા કેમેરા નં.૩ ના ક.૦૬/૪૦ થી | ૪૬ | સાહેદ નં.૧, ૨, ૬, ૧૨, ૧૫,૧૬,૨૫ |

| | | | |
|---|---|---|---|
| | ક.૦૬/૪૭ તથા કેમેરા નં.૪ ના ક.૦૬/૪૦ થી ક.૦૬/૫૦ તથા કેમેરા નં.૬ ના ક.૦૬/૪૦ થી ક.૦૬/૫૦ સુધીના ગુનાને સુસંગત કુટેજ છે જે કેમેરાના કુટેજમાં તા.૦૨/૦૩/૨૦૦૦ બતાવે છે જેને માર્ક- "૩૨" આપેલ છે તે. | | |

## મુદ્દામાલ પાવતી નં. તા.૨૨.૨.૨૦૨૪

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં સ્ટીલની sdndisk કંપનીની ૧૬જી.બી.ની પેનડ્રાઇવમાં કેમેરા નં.૧ ના ક.૦૮/૦૦ થી ક. ૯/૦૦ પી.એમ. તથા ક.૧૧/૦૦ થી ક.૧૨/ ૦૦ પી.એમ. તેમજ કેમેરા નં.૨ ના ક.૦૮/૦૦ થી ક.૦૯/૦૦ પીએમ. તથા ક.૧૧/૦૦ થી ક.૧૨/૦૦ પી.એમ. સુધીના ગનાને સુસંગત કુટેજ છે જે કુટેજમાં તા.૨૦-૨-૨૦૨૪ ના રોજની બતાવે છે જેને માર્ક-"૩૩" આપેલ છે તે. | ૫૧ | સાહેદ નં.૭, ૧૧, ૧૨,૨૮ |

## મુદ્દામાલ પાવતી નં. તા.૨૬.૨.૨૦૨૪

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ કાગળના કવરમાં આરોપી અંકિત ઓમપ્રકાશ ગૌતમનો ઑરેજ કલરની ગોળ ગળાની કુલ બાયની જર્સી તથા બ્લુ કલરના જીન્સ પેન્ટ પહેરેલ અલગ અલગ પોજનો ફોટો છે તે માર્ક- "સી" | ૭૦ | સાહેદ નં.૮, ૧૩ |

## મુદ્દામાલ પાવતી નં. તા.૨૬.૨.૨૦૨૪

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | એક સીલબંધ કાગળના કવરમાં રહેમતનગર જયઅંબે કિરાણા સ્ટોર્સની બહાર લાગેલ કેમેરા નં.૨ તથા ૩ માં આરોપી અંકિતનું ગેઇટ એનાલીસસ કરેલ તેના કુટેજની પેનડ્રાઈવ છે તે માર્ક-"૩૪". | ૩૬ | સાહેદ નં.૫, ૧૦, ૧૨,૨૫ |
| ૦૨ | એક સીલબંધ કાગળના કવરમાં વેડરોડ પંડોળ નેહા સીકવન્સ એમ્બ્રોડરી ખાતાના કેમેરા નં.૧ તથા ૩ માં આરોપી અંકિતનું ગેઇટ એનાલીસસ કરેલ તેના કુટેજની પેનડ્રાઇવ છે તે માર્ક- | ૩૮ | સાહેદ નં.૫, ૧૧, ૧૨,૨૫ |

| | | | |
|---|---|---|---|
| | "૩૫". | | |

## (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–

| અનુ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી/ભોગ બનનારની માતા | ફરિયાદી | ૦૭ |
| ૨ | ભોગ બનનારના પિતા | સાહેદ | ૧૧ |
| ૩ | ભોગ બનનાર | સાહેદ | ૧૨ |
| ૪ | ડૉ.દિપાલી સીવાસને | તબીબી સાહેદ | ૧૩ |
| ૫ | દશરથભાઇ સુરજીભાઇ ફણેજા | પંચ સાહેદ | ૧૭ |
| ૬ | શિવમ મુન્નાભાઇ જોષી | પંચ સાહેદ | ૪૧ |
| ૭ | શેરસીંગ જેસીંગ રાઠોડ | પંચ સાહેદ | ૪૯ |
| ૮ | યશ વિનુભાઇ તરસરીયા | પંચ સાહેદ | ૫૪ |
| ૯ | અજય લક્ષ્મણપ્રસાદ ગુપ્તા | સાહેદ/ દુકાનદાર | ૫૮ |
| ૧૦ | ધીરેન્દ્રસીંગ રંજનસીંગ રાજપુત | સાહેદ/દુકાન દાર | ૬૦ |
| ૧૧ | રામચંન્દ્ર કલુ દુરજા નિશાદ | સાહેદ/ખાતાના માલિક | ૬૨ |
| ૧૨ | અબ્દુલ ગની મોહમદ હનીફ ડોકટર | સાહેદ/ સીસીટીવી ફુટેજ કબજે કરનાર | ૬૩ |
| ૧૩ | જયેશભાઇ ગોપાલભાઇ પટેલ | સાહેદ/આરોપી નાફોટા પાડનાર | ૬૯ |
| ૧૪ | બકુલેશભાઇ વેસ્તાભાઇ ગામીત | પોલીસ સાહેદ | ૭૧ |
| ૧૫ | વિજય ચંદુભાઇ વસાવા | સાહેદ/પાડોશી | ૭૪ |
| ૧૬ | સનાતન દીનબંધુ શેઠ્ઠી | સાહેદ/પાડોશી | ૭૬ |
| ૧૭ | વંદના સુરજ યાદવ | સાહેદ/પાડોશી | ૭૮ |
| ૧૮ | મોન્ટુ વકીલભાઇ ચૌરસીયા | સાહેદ/દુકાન દાર | ૭૯ |
| ૧૯ | ડો. અનુરામગ મોહનભાઇ સહાણે | તબીબ સાહેદ | ૮૦ |
| ૨૦ | અરૂણાબેન રમેશભાઇ વસાવા | પોલીસ સાહેદ | ૮૬ |
| ૨૧ | આશીષકુમાર રાજેન્દ્રભાઇ નાયક | સાહેદ/ મામલતદાર | ૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ઝલ્પાબેન રમણભાઈ ઉપાધ્યાય | સાહેદ/નાયબ મામલતદાર | ૯૧ |
| ૨૩ | નેહલકુમાર સન્મુખલાલ ગામીત | સાહેદ/ સાયન્ટીફીક ઓફિસર | ૯૪ |
| ૨૪ | પ્રવિણસિંહ નારસિંહ પઢીયાર | પોલીસ સાહેદ | ૯૭ |
| ૨૫ | સલીલ જતીનકુમાર જાની | સાહેદ/ સાયન્ટીફીક ઓફિસર | ૯૯ |
| ૨૬ | વિશાલ વશરામભાઈ વાગડીયા | ત.ક.અમલદાર | ૧૦૪ |
| ૨૭ | ભાવીનકુમાર જેરામભાઈ સત્વારા | ફોટગ્રાફર (સાઈન્ટીફીક) | ૧૧૯ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**<u>ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક | સાબિત/રજુ કરનાર |
|---|---|---|---|
| ૧ | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૦૮ | સાહેદ નં.૧, ૧૪,૨૬ |
| ૨ | ફરિયાદ | ૦૯ | સાહેદ નં.૧ |
| ૩ | ભોગ બનનારનું સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ મુજબનું નિવેદન | ૧૦ | સાહેદ નં.૧ |
| ૪ | ભોગ બનનારની મેડીકલ ચકાસણી કરવાની પોલીસ યાદી | ૧૪ | સાહેદ નં.૪ |
| ૫ | ભોગ બનનારના મેડીકલ પેપર્સ | ૧૫ | સાહેદ નં.૪ |
| ૬ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફિકેટ | ૧૬ | સાહેદ નં.૪ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૮ | સાહેદ નં.૫ |
| ૮ | આરોપીની શરીરસ્થિતિનું તથા ટોપી અને સેન્ડલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૧૯ | સાહેદ નં. ૫,૨૬ |
| ૯ | આરોપીએ બતાવેલ જગ્યા પરથી કપડાં કબજે કર્યાનું પંચનામુ | ૨૦ | સાહેદ નં. ૫,૨૬ |
| ૧૦ | ગેઇટ એનાલીસીસ અંગેનું પંચનામુ | ૨૧ | સાહેદ નં. ૫,૨૬ |
| ૧૧ | મુદ્દામાલ આર્ટી.નં. ૧ થી ૧૪ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ | ૨૨ થી ૩૫ | સાહેદ નં. ૫,૨૬ |
| ૧૨ | મુદ્દામાલ પેનડ્રાઇવ્સ | ૩૬,૩૮ | સાહેદ નં. ૫ ,૧૦,૧૧,૧૨ ,૨૫, ૨૬ |
| ૧૩ | મુદ્દામાલ આર્ટી.નં. ૧૯ અને ૨૦ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૩૭,૩૯ | સાહેદ નં. ૫,૨૬ |
| ૧૪ | પેનડ્રાઇવ કબજે કર્યા અંગેનું પંચનામુ (રાજ કિરાણા સ્ટોર્સના સીસીટીવી ફુટેજની) | ૪૨ | સાહેદ નં.૬, ૧૨,૨૬ |
| ૧૫ | પેનડ્રાઇવ કબજે કર્યા અંગેનું પંચનામુ (જયઅંબે કિરાણા સ્ટોર્સના સીસીટીવી ફુટેજની) | ૪૩ | સાહેદ નં.૬, ૧૨,૨૬ |
| ૧૬ | પેનડ્રાઇવ | ૪૪ | સાહેદ નં. ૬, ૯, ૧૦, ૧૨,૨૫,૨૬ |
| ૧૭ | મુદ્દામાલ આર્ટી.નં.૧૫ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૪૫ | સાહેદ નં.૬ |
| ૧૮ | પેનડ્રાઇવ | ૪૬ | સાહેદ નં. ૧,૨,૬,૧૨, ૧૫,૨૫,૨૬ |
| ૧૯ | મુદ્દામાલ આર્ટી.નં.૧૬ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૪૭ | સાહેદ નં.૬,૨૬ |
| ૨૦ | પેનડ્રાઇવ કબજે કર્યા અંગેનું પંચનામુ (નેહા સીકવન્સ નામના એમ્બ્રોડરી ખાતા પાસેના સીસીટીવી ફુટેજની) | ૫૦ | સાહેદ નં.૭, ૧૨,૨૬ |
| ૨૧ | પેનડ્રાઇવ | ૫૧ | સાહેદ નં. ૭,,૧૧,૧૨, ૩૫ |
| ૨૨ | મુદ્દામાલ આર્ટી.નં.૧૭ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૫૨ | સાહેદ નં.૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | આરોપીનો ફોટો કબજે કર્યાનું પંચનામુ | ૫૫ | સાહેદ નં. ૮,૨૬ |
| ૨૪ | મુદ્દામાલ આર્ટી.નં.૧૮ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૫૬ | સાહેદ નં.૮ |
| ૨૫ | કિરાણા સ્ટોર્સ નામની દુકાનના ડેટાને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૬૪ | સાહેદ નં. ૧૨,૨૬ |
| ૨૬ | જયઅંબે સ્ટોર્સ નામની દુકાનના ડેટાને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૬૫ | સાહેદ નં. ૧૨,૨૬ |
| ૨૭ | નેહા સીકવન્સ એમ્બ્રોડરી ખાતાના ડેટાને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૬૬ | સાહેદ નં. ૧૨,૨૬ |
| ૨૮ | આરોપીના ગેટ એનાલીસીસ વખતના કુટેજ જયઅંબે કિરાણા સ્ટોર્સના ડેટાને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૬૭ | સાહેદ નં. ૧૨,૨૬ |
| ૨૯ | આરોપીના ગેટ એનાલીસીસ વખતના કુટેજ નેહા સીકવન્સ ખાતામાંના ડેટાને પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૬૮ | સાહેદ નં. ૧૨,૨૬ |
| ૩૦ | આરોપીના ફોટગ્રાફસ | ૭૦ | સાહેદ નં. ૧૩,૨૬ |
| ૩૧ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૭૨ | સાહેદ નં.૧૪ |
| ૩૨ | સાહેદ વિજય ચંદુભાઇ વસાવાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૭૫ | સાહેદ નં.૧૫ |
| ૩૩ | સાહેદ વિજય સનાતમ દીનબંધુ શેટ્ટીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૭૭ | સાહેદ નં.૧૬ |
| ૩૪ | આરોપીની મેડીકલ તપાસ કરવા તથા સેમ્પલ લેવા પોલીસ યાદી | ૮૧ | સાહેદ નં.૧૯ |
| ૩૫ | આરોપીના મેડીકલ પેપર્સ | ૮૨ | સાહેદ નં. ૧૯,૨૬ |
| ૩૬ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | ૮૩ | સાહેદ નં. ૧૯,૨૬ |
| ૩૭ | આરોપીના એમ.એલ.સી. કેસ પેપર્સ | ૮૪ | સાહેદ નં. ૧૯,૨૬ |
| ૩૮ | આરોપીની પ્રાથમિક તપાસ સાઇકીયાટ્રીક | ૮૫ | સાહેદ નં. |

| | | | |
|---|---|---|---|
| | તપાસ અંગેના પેપર્સ | | ૧૯,૨૬ |
| ૩૯ | ઓળખ પરેડનું પંચનામું | ૮૮ | સાહેદ નં. ૨૧,૨૬ |
| ૪૦ | ઓળખ પરેડ કરવા અંગેની યાદી | ૮૯ | સાહેદ નં.૨૧ |
| ૪૧ | ઓળખ પરેડ યોજવા માટે પો.સ્ટે.ને જાણ કરતી યાદી | ૯૦ | સાહેદ નં.૨૧ |
| ૪૨ | ગુનાવાળી જગ્યાનો નકશો દોરવા યાદી | ૯૨ | સાહેદ નં.૨૨ |
| ૪૩ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૯૩ | સાહેદ નં.૨૨ |
| ૪૪ | સ્થળ નિરિક્ષણ કરવા પોલીસ યાદી | ૯૫ | સાહેદ નં.૨૩ |
| ૪૫ | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૯૬ | સાહેદ નં.૨૩ |
| ૪૬ | આરોપીનો રીપોર્ટ | ૯૮ | સાહેદ નં.૨૪ |
| ૪૭ | મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ | ૧૦૦ | સાહેદ નં.૨૫ |
| ૪૮ | ફોરવર્ડીંગ પત્ર સાથે એકઝામીનેશન રીપોર્ટ | ૧૦૧ | સાહેદ નં.૨૫ |
| ૪૯ | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૧૦૨ | સાહેદ નં.૨૫ |
| ૫૦ | ભોગબનનારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૧૦૫ | સાહેદ નં.૨૬ |
| ૫૧ | રવાનગી નોંધ | ૧૦૬ થી ૧૦૮ | સાહેદ નં.૨૬ |
| ૫૨ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચો | ૧૦૯ થી ૧૧૧ | સાહેદ નં.૨૬ |
| ૫૩ | એફ.એસ.એલ. નો ડી.એન.એ. પરિક્ષણ અંગેનો અહેવાલ | ૧૧૨ | સાહેદ નં.૨૬ |
| ૫૪ | બાયોલોજી તથા સીરોલોજી પરિક્ષણ અહેવાલ | ૧૧૩ | સાહેદ નં.૨૬ |
| ૫૫ | એફ.એસ.એલ. નો ડી.એન.એ. પરિક્ષણ અહેવાલ | ૧૧૪ | સાહેદ નં.૨૬ |
| ૫૬ | આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ | ૧૧૫ | સાહેદ નં.૨૬ |
| ૫૭ | ફોરવર્ડીંગ પત્ર સાથેનો અહેવાલ તથા એનેક્ષર–એ | ૧૨૦ | સાહેદ નં.૨૭ |

## – ચુકાદો –

૧. નામ. સુપ્રિમ કોર્ટના નિપુન સકસેના વિરૂધ્ધ ભારત સરકાર (૨૦૧૯) ૨ એસ.સીસી. ૭૦૩ પર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસોમાં ભોગબનનારની ઓળખ છતી ન થાય તે હેતુથી ભોગબનનાર, ભોગબનનારના માતા પિતાનું નામ લખેલ નથી પરંતુ તેઓનો ભોગબનનાર સાથે સબંધ દર્શાવેલ છે.

૨. આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ – ૩૬૩, ૩૭૬(૨)(જે)(એલ)(એમ), ૩૭૬એ, ૩૭૬એબી તથા જાતિય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૩એ ના ભંગ બદલ કલમ–૪(૨) તથા કલમ–૫(આઇ)(કે)(એમ) ના ભંગ બદલ કલમ–૬, ૮ તથા કલમ–૯(આઇ)(કે)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ અન્વયેના શિક્ષા પાત્ર ગુનાઓનું તહોમત છે.

૩. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફરિયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે તેઓએ તા.૨૧–૨–૨૦૨૪ ના રોજ ચોકબજાર પો.સ્ટે.ને એવી ફરિયાદ કરેલી છે કે, તા.૨૦–૨–૨૦૨૪ ના રોજ તેના પતિ નાઇટ ડયુટીમાં કામ પર ગયેલા અને તે અને ભોગ બનનાર ઘરે હાજર હતા ત્યારે રાત્રિના આઠેક વાગ્યે તેમની દિકરી ભોગ બનનાર તેમના ઘરની બહાર રમતી હતી અને તેણીની સાથે તેઓના ઘરની ઉપર રહેતાં અન્ય બે નાની બાળાઓ રમતા હતા અને ફરિયાદી ઘરમાં ઘરકામ કરતાં હતા ત્યારે આશરે દશેક મિનિટ બાદ ભોગ બનનાર તેઓના ઘરની બહાર રમતાં દેખાયેલ નહીં જેથી તેણી ભોગ બનનારની તપાસ કરવા નીચે ઉતરેલ અને જોયેલ પરંતુ ભોગ બનનાર કયાંય મળી આવેલ નહીં અને આજુબાજુમાં તમામને પુછેલ પરંતુ ભોગ બનનાર અંગે કોઇ સમાચાર મળી આવેલ નહીં. આ દરમ્યાન કલાક ૯/૦૦ વાગ્યે ભોગ બનનારના પિતા એટલે કે ફરિયાદીના પતિ ઘરે જમવા આવેલ જેને પણ ફરિયાદીએ બનાવની જાણ કરતાં તેઓ બંનેએ ભોગ બનનારની શોધખોળ કરવા લાગેલ અને નજીકમાં આવેલ પંડોળ પોલીસ ચોકીએ ગયેલા અને ત્યાંથી ૧૦૦

નંબર ઉપર ફોન કરતાં પોલીસની ગાડી આવી જતાં તેઓ તમામ ભોગ બનનારની શોધખોળ કરતાં અને તેઓની શેરીમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતાં એક પાતળો અને ગોરા રંગનો આશરે ૨૦ થી ૩૦ વર્ષનો પુરૂષ જેણે શરીરે પીળા કલરની ટીશર્ટ, કાળા કલરની પેન્ટ તથા માથે કાળા કલરની ટોપી પહેરેલી હતી તેણે ભોગ બનનારનો હાથ પકડી લઇ જતો કેમેરામાં દેખાયેલ અને રાત્રિના ૧૧/૦૦ વાગ્યાના અરસામાં મહિલા કોન્સ્ટેબલ અરૂણાબેનને અખંડઆનંદ કોલેજની સામે આવેલ ત્રિભોવન સોસાયટી પાસે ભોગ બનનાર નગ્ન હાલતમાં મળી આવેલી અને ભોગ બનનારને ગળાના ભાગે લાલ ચકામા હતા અને ગુપ્ત ભાગે લોહી નીકળતું હતું. જેથી ભોગ બનનારને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલે દાખલ કરેલ. જયાં ફરજ પરના ડોકટરશ્રીએ ભોગ બનનાર સાથે દુષ્કર્મ થયેલ હોવાનું જણાતાં ફરિયાદીએ ઉપરોકત ફરિયાદ ચોકબજાર પો.સ્ટે.ને આપેલ.

૪. આમ, ઉપરોકત હકીકતો વાળી ફરીયાદ ફરીયાદીએ ચોકબજાર પો.સ્ટે.એ આપતા ચોકબજાર પો.સ્ટે.ના જવાબદાર અધિકારીએ ફરીયાદીની ફરીયાદ તેઓના લખાવ્યા પ્રમાણે લખી લઇ આગળની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપતા તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી બનાવ અંગે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા અને તપાસ દરમ્યાન ભોગ બનનાર સાથે આક્ષેપિત દુષ્કર્મ કરનાર આરોપીની ઓળખ તથા આરોપી મળી આવતા આરોપીને ગુનાના કામે અટક કરેલ. તેમજ તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપીના કબજે કરેલ કપડા તથા બનાવવાળી જગ્યાએથી ભોગબનનારના મળી આવેલ કપડા તથા મેડીકલ સેમ્પલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. મોકલી આપેલ તેમજ તપાસ દરમ્યાન આરોપી ભોગબનનારને બનાવવાળી જગ્યા પરથી પોતાની સાથે લઇ ગયેલ તે દરમ્યાન તેઓ જે જે સ્થળ પરથી પસાર થયેલા તે અંગેના સીસીટીવી કેમેરા ચકાસતા આરોપી અને ભોગબનનારની હાજરી જણાઇ આવતા તે લગત કાયદેસરની કાર્યવાહી કરી સીસીટીવી ફુટેજ કબજે કરેલ તથા તે એફ.એસ.એલ. મોકલેલ તેમજ ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–

કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા જરૂરી કાર્યવાહી કરેલી અને આરોપીની ઓળખ પરેડ કરાવેલ. ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરતા તેને પોકસો કેસ નં. ૫૧/૨૦૨૪ થી નોંધી આગળની ન્યાયિક કાર્યવાહી માટે આ અદાલત તરફ તબદીલ કરવામાં આવેલ.

જેથી અદાલતે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી નામ. કોર્ટની જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને જેલ તરફથી જરૂરી જાપ્તા સાથે હાજર રખાવતા તેઓ હાજર થયેલ. ત્યારબાદ તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈઓ મુજબ કાગળોની નકલો આપ્યા બાદ ફરીયાદપક્ષનો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૬ અન્વયેનો પ્રાથમિક નિવેદન તથા તહોમતનામાં અન્વયે બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ અત્રેની કોર્ટ દ્વારા આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૭૬(૨)(એમ), ૩૭૬એબી તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪, કલમ–૫(આઈ)(એમ) ના ભંગ બદલ કલમ–૬ તથા કલમ–૯(આઈ)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબના આક્ષેપિત ગુનાનું આંક–૪થી તહોમતનામું ફરમાવી તે સંબધેનો આરોપીનો જવાબ નોંધતા, આરોપીએ ઈન્કાર કરતા આરોપીની આંક–૫થી પ્લી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

૫. ત્યારબાદ ફરીયાદપક્ષે ઉપરોકત ફોર્મ સી માં જણાવ્યા પ્રમાણે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આપેલ છે. ત્યારબાદ વધુ પુરાવો આપવો ન હોય આંક–૧૨૧થી કલોજીંગ પુરસીસ આપેલ છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની જોગવાઈ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદપક્ષનો તમામ પુરાવો ખોટો હોવાનું જણાવેલ છે. આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી. બચાવમાં સાહેદો તપાસેલ નથી. તેમજ વિશેષમાં એવુ જણાવેલ છે કે, " ખોટી ફરીયાદ છે. ખોટી ચાર્જશીટ કરેલ છે. તેઓ

નિર્દોષ છે."

૬. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વિ.એલ. ફળદુ નાઓએ ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઈ એવી દલીલ કરેલ છે કે, સદર કામે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત સાબિત કરવા માટે ફરિયાદપક્ષે ભોગ બનનારનો જન્મનો પુરાવો રજુ કરેલ છે. બચાવપક્ષે ભોગબનનારના જન્મના દાખલા પર શંકા પ્રેરિત કરે તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી. તેમજ ભોગબનનારના જન્મના દાખલામાં દર્શાવેલ જન્મ તારીખ ધ્યાને લેતા બનાવ સમયે ભોગબનનાર ૪ વર્ષ ૦૭ મહિના આસપાસ ઉમરના હતા એટલે કે બનાવ સમયે તેણી સગીર વયના હતા, તેવી હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ છે. આ સિવાય ફરીયાદપક્ષે તપાસેલ અન્ય તમામ સાહેદોનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપી ભોગબનનારને તેણીના માતા પિતાના કાયદેસરના વાલીપણામાંથી તેઓની સમંતિ વગર પોતાની સાથે લઈ જઈ, એકાંત જગ્યા ઉપર ભોગબનનારને લઈ જઈ તેણીની સાથે દુષ્કર્મ આચરી તેમજ તેણીને શરીરે વ્યથાઓ નિપજાવી આક્ષેપિત ગુનાઓ આચરેલ છે તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. તેમજ ભોગબનનારને બનાવ બાદ નગ્ન અવસ્થામાં મહિલા પોલીસ કોન્સ.ને ભોગબનનાર મળી આવેલ અને તેણી ભોગબનનારને દવાખાને લઈ ગયેલ અને ફરીયાદપક્ષે રજુ તબીબી પુરાવા તથા એફ.એસ.એલ. પુરાવાથી પણ ભોગબનનાર સાથે આરોપીએ આચરેલ આક્ષેપિત દુષ્કર્મના બનાવને સમર્થન મળતુ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થાય છે જેથી આરોપીને આ આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસે તેવી સખતમાં સખત સજા કરવા વિનંતિ કરેલ છે.

૭. ત્યારબાદ સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી કુ. આર. જી. પારેખ નાઓએ ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવો વંચાણે લઈ એવી દલીલ કરેલ છે કે,

આરોપીની ઓળખ અંગે ફરીયાદપક્ષે રેકર્ડ પર પુરાવો આવેલ નથી. તેમજ રેકર્ડ પર જે પુરાવો આવેલ છે તેના આરોપીની ઓળખ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થતી નથી. વળી, બચાવપક્ષે ફરીયાદપક્ષના મહત્વના એવા ભોગબનનાર સાહેદને નામ. કોર્ટ સમક્ષનો પુરાવા દરમ્યાન ઉલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નનો જવાબ તેણી આપી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષે આરોપી સામે પ્રત્યક્ષ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, તેવા સંજોગોમાં આરોપી સામેનો કેસ સાંયોગિક પુરાવાના આધારે હોવાનું ફલિત થાય છે. વળી, તપાસ દરમ્યાન આરોપીનો ગેટ એનાલીસીસ પંચનામું કરવામાં આવેલ છે જેમાં પણ કોઇ સ્પષ્ટ હકીકતો બહાર આવેલ નથી પરંતુ માત્ર તપાસ કરનાર અમલદારના નિર્દેષ મુજબ આરોપીએ વર્તન કરેલ છે. જેથી આરોપીને ગુના સાથે સાંકળથી કોઇ મહત્વની કડી ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપી સામેના આ આક્ષેપિત ગુનાની તહોમતો શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થતી  ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી મુકવા વિકલ્પે શંકાનો લાભ આપી છોડી મુકવા વિનંતિ કરેલ છે.

૮. ઉપરોકત હકીકતો પરથી આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ—**

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગબનનાર ૦૫ વર્ષ કરતા નાની અને સગીર વયની, એટલે કે ૧૮ વર્ષ કરતાં નાની હતી?

૨. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે ભોગબનનાર સગીર વયનો અને ૦૫ વર્ષ કરતા નાની ઉમરથી નાની હોવાનું જાણવા અને માનવા છતાં તેણીને લાલચ આપી, પોતાની સાથે લઇ જઇ તેણીનું તેણીના કુદરતી અને કાયદેસરના વાલીઓના વાલીપણામાંથી અપહરણ કરી પોતાની સાથે બનાવવાળી જગ્યા પર લઇ જઇ, જબરજસ્તીથી ભોગબનનાર સાથે દુષ્કર્મ આચરી તેમજ ઉગ્ર

જાતિય હુમલો કરી, ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ-૩૭૬એબી, ૩૬૩, ૩૭૬(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-૩(એ) ના ભંગ બદલ કલમ-૪(૨) તથા કલમ-૫(આઇ) અને (એમ) ના ભંગ બદલ કલમ-૬ તથા કલમ-૯(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ-૧૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

૩. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

**તારણોઃ-**

૧. હકારમાં

૨. હકારમાં

૩. છેવટના હુકમ મુજબ

૧૦. ઉપરોકત તારણોના મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ઃ-**

૧. સૌપ્રથમ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ કામે એ નોંધવુ જરૂરી છે કે, આ કામે આરોપી જાતિય સતામણી તથા દુષ્કર્મ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપોનો સામનો કરી રહેલ છે. આ કામે પ્રથમ ફરીયાદપક્ષ પર પોતાના કેસની પ્રાથમિક હકીકત તમામ વ્યાજબી શંકાથી પર પુરાવો રજુ કરી પુરવાર કરવાનો બોજો રહેલ છે. વળી, પોકસો એકટની જોગવાઇ મુજબ ગુનાહિત માનસિકતા અંગે અને ગુના અંગે અનુમાન કરવાની જોગવાઇ કાયદામાં રહેલી છે પરંતુ, તે અનુમાન કેસની પ્રાથમિક હકીકત પુરવાર થયા બાદ અસ્તિત્વમાં આવે છે. તેમજ પુરાવામાં શંકા કે ત્રુટી હોય તો આરોપીને ચોકકસપણે તેનો લાભ મળી શકે છે. તે હકીકત ધ્યાને રાખી ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે. વધુમાં ચોકકસ પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ માં આરોપી વિરૂધ્ધ અનુમાન રહેલ છે. આ અનુમાનો ફરીયાદપક્ષ પોતાના કેસની મહત્વની હકીકત અંગેનો વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરે તે બાદ અસ્તિત્વમાં આવે છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટના ગંગાધર ઉર્ફે ગંગારામ વિરૂધ્ધ મધ્યપ્રદેશ (૨૦૨૦) ૯ એસ.સી.સી. ૨૦૨ માં પેરા -૯ ધ્યાને લેતા પોકસો એકટ, એન.ડી.પી.એસ. એકટ તથા ટાડા

એકટમાં રહેલા અનુમાનો તે કેસની સજાની જોગવાઇઓ અને ગંભીરતા ધ્યાને લેતા, ફરીયાદપક્ષે અનુમાનો પર આધાર રાખતા પુર્વે ગુના અંગે પ્રાથમિક હકીકતો પ્રથમ મજબુત અને ઠોસ પુરાવાથી પુરવાર કરવી પડે અને તે બાદ અનુમાનો આરોપી સામે અસ્તિત્વમાં આવે છે તેમ સ્પષ્ટ કરેલ છે. આ તમામ સિધ્ધાંતો અને આક્ષેપિત ગુનાના તત્વો ધ્યાને રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવુ આવશ્યક છે.

૨. હવે ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને રાખી સૌ પ્રથમ ફરીયાદપક્ષના કેસની પાયાની હકીકતો જોવામાં આવે તો, ભોગબનનાર પોકસો એકટની કલમ–૨(૧)ડી મુજબ બાળકની વ્યાખ્યામાં આવતા બાળક છે કે કેમ? તે પ્રથમ ચકાસવાનું રહે છે. તે વ્યાખ્યા મુજબ ૧૮ વર્ષની નાની વયની વ્યકિત તે બાળક છે. આ કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, બનાવ સમયે ભોગબનનારની ઉમર ૫ વર્ષ કરતા નાની હતી એટલે કે ૧૮ વર્ષ કરતા નાની હતી. હવે ભોગબનનાર ૧૮ વર્ષથી નાની ઉમરના હતા તે હકીકત તમામ વ્યાજબી શંકાઓથી પર પ્રથમ ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. વળી, આ કામના આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૨૯, કલમ–૩૦ મુજબના અનુમાનો પણ પ્રાથમિક હકીકતો સાબિત થયેથી ચોકકસપણે અસ્તિત્વમાં આવે છે.

૩. ભોગબનનારની ઉમર નકકી કરવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના જર્નેલસીંઘ વિરૂધ્ધ હરીયાણા સ્ટેટના ક્રિમીનલ અપીલ નં. ૧૨૦૯/૨૦૧૦, એ.આઇ.આર. ૨૦૧૩, એસ.સી. ૩૪૬૭ ના ચુકાદામાં પેરા–૨૦ અને ૨૧ માં આપેલ માર્ગદર્શિકા મુજબ પોકસો એકટમાં ભોગબનનારની ઉમર નકકી કરવાનો મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે જુવેનાઇલ જસ્ટીસ એકટ અન્વયે ૨૦૦૭ માં ઘડવામાં આવેલ રૂલ્સ ૧૨ માં આપેલ જોગવાઇ મુજબ ઉમર નકકી કરવાની રહે છે. સદર રૂલ મુજબ પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અને તે ન હોય તો શાળા દ્વારા પ્રથમ દાખલ થયા હોય તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્રના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ

અને ઉમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની થાય છે. ત્યારબાદ જો તેની ગેરહાજરી હોય તો જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. સદર ચુકાદા બાદ જુવેનાઈલ જસ્ટીસ એકટમાં સુધારો કરવામાં આવેલ છે. તે કાયદાની કલમ–૯૪માં ઉમર અંગે કયા દસ્તાવેજો ચકાસવા જોઈએ તે દર્શાવેલ છે અને તે સાથે પોકસો એકટની કલમ–૩૪ માં ગુનો કરનાર ઈસમ જુવેનાઈલ છે કે કેમ? તે પણ જુવેનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈ મુજબ નકકી કરવાની જોગવાઈ છે. તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે **P.Yuvaprakash V/s State Rep.Inspector of Police, Cri.Appeal No.-1898 / 2023, Dated 18/-7/2023** ના કેસમાં પણ સ્પષ્ટ કરેલ છે કે, જુવેનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈ મુજબ ભોગબનનારની ઉમર નકકી કરવાની થાય છે.

૪. આ કામે કલમ–૯૪ જુવેનાઈલ જસ્ટીસ એકટ મુજબની ભોગબનનાર ની ઉમર માટે પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અને શાળા દ્વારા પ્રથમ દાખલ થયા હોય, તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્રના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ નકકી કરવાની થાય છે. તેની ગેરહાજરીમાં જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે.

૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૧ આંક–૭થી ભોગબનનારની માતા ફરીયાદીને તપાસેલ છે. તેણી ભોગબનનારના જન્મના પુરાવા અંગે એવુ જણાવે છે કે ભોગબનનારનો જન્મ તા.૦૯.૦૮.૨૦૧૯ ના રોજ તેઓના વતન થયેલો જેથી તેઓએ તેની નોંધ ગ્રામ પંચાયતમાં કરાવેલી. આંક–૮થી તે અંગેનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદની ભોગબનનારના જન્મ અંગેની અથવા તો ઉમર અંગેની ઉલટતપાસ

ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે ફરીયાદીના લગ્ન ૨૦૧૭ માં થયેલા. તેઓ બનાવના બે વર્ષ પહેલા ફરીયાદમાં જણાવેલ સરનામે રહેવા માટે આવેલા અને તેઓ ભાડાના મકાનમાં રહે છે. ભોગબનનારનો જન્મ તેણીના પિયરમાં થયેલો. તેણીનો જન્મ દવાખાને થયેલો. તેણી પોતે પોતાની દિકરીની જન્મ તારીખ ગ્રામ પંચાયતમાં લખાવવા માટે ગયેલ નથી પરંતુ સાહેદ એવુ જણાવે છે કે દવાખાનાવાળાએ જાણ કરેલી હતી. આથી વિશેષ ભોગબનનારની ઉમર અંગે આ સાહેદના પુરાવામાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર લાવેલ નથી.

૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૨ આંક–૧૧થી ભોગબનનારના પિતાને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ એવુ જણાવે છે કે, ભોગબનનારનું જન્મ તેઓના વતનમાં તા.૦૯.૦૮.૨૦૧૯ ના રોજ થયેલો અને તેની નોંધ ગ્રામપંચાયતમાં કરાવેલી આ સાહેદ પણ આંક–૮ વાળા સર્ટીફીકેટ ખરૂ હોવાનું જણાવે છે. બચાવપક્ષે આ સાહેદની ભોગબનનારની ઉમર અને જન્મ અંગેની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તેઓ સુરત મુકામે પોતાની પત્ની અને ભોગબનનાર સાથે રહેતા હતા. આ સિવાય ભોગબનનારની ઉમર અંગે અન્ય કોઈ હકીકત બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવી શકેલ નથી.

૭. ફરીયાદપક્ષે સાહેદ નં.૩ આંક–૧૨થી ભોગબનનારને તપાસેલ છે. બનાવ સમયે તેણીની ઉમર ધ્યાને લેતા તેણી ૦૪ થી ૦૫ વર્ષની આસપાસ હોવાનું ફલિત થાય છે. આથી વિશેષ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૮. આમ, ભોગબનનારના જન્મ અંગે અને બનાવ સમયે તેણીની ઉમર અંગે ફરીયાદપક્ષે રજુ પુરાવો ધ્યાને લેતા ભોગબનનારનો જન્મ તા.૦૯.૦૮.૨૦૧૯ ના રોજ મોરીયા નર્સીંગ હોમ, સોમપેટા ખાતે થયેલ હોવાનું આંક–૮ વાળા દસ્તાવેજના આધારે ફલિત થાય છે. વળી, બચાવપક્ષે આ દસ્તાવેજ સામે કોઈ તકરાર લેવામાં આવેલ નથી અને ભોગબનનારની માતા પોતાના પુરાવામાં એવુ સ્પષ્ટપણે જણાવે છે કે

ભોગબનનારનો જન્મ દવાખાનામાં થયેલો અને તેની જાણ દવાખાના વાળાઓએ ગ્રામ પંચાયતમાં કરેલી અને આંક–૮ વાળા સર્ટીફીકેટના આધારે ભોગબનનારનો જન્મ દવાખાને થયેલ હોવાની હકીકતને સ્પષ્ટપણે સમર્થન મળે છે. વળી, આ નોંધ સબંધિત કચેરીમાં તા.૨૪.૦૮.૨૦૧૯ ના રોજ થયેલ છે. તેવા સંજોગોમાં આ નોંધ નિયમ મુજબની કાર્યવાહી કરી સબંધિત સત્તામાં કરાવેલ હોવાનું ફલિત થાય છે. વળી, ભોગબનનાર કોઇ સ્કુલમાં અભ્યાસ કરતા હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી કે તેવો કોઇ બચાવ કે હકીકત બચાવપક્ષે રેકર્ડ પર લાવેલ નથી. જેથી ઉપરોકત સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક અભ્યાસ કરી મુલ્યાંકન કરતા એવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે ભોગબનનારનો જન્મ તા.૦૯.૦૮.૨૦૧૯ ના રોજ મોરીયા નર્સીંગ હોમ ખાતે થયેલો જેની નોંધ જનમ મરણ નોંધણી રજીસ્ટ્રાર સમક્ષ તા.૨૪.૦૮.૨૦૧૯ ના રોજ થયેલી અને તે ભોગબનનારની ખરી અને સાચી જન્મ તારીખ છે. જયારે સદર બનાવ તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ બનેલ છે. **તેવા સંજોગોમાં બનાવના દિવસે ભોગબનનારની ઉમરની ગણતરી કરતા બનાવ સમયે ભોગબનનારની ઉમર ૦૪ વર્ષ અને ૦૬ થી ૦૭ માસની આસપાસ થાય છે**. તેથી કોઇપણ સંજોગોમાં તેણી સગીર વયની ન હોય તેવી હકીકત ફલિત થતી નથી. જેથી ઉપરોકત સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી બનાવ સમયે ભોગબનનાર ૦૫ વર્ષ કરતા નાની એટલે કે સગીર વયની હતા તેવી હકીકત સાબિત થતી હોય જેથી **મુદ્દા નં.૧** નો જવાબ તે પ્રમાણે **હકારમાં** આપું છું.

**મુદ્દા નં.૨ઃ–**

ઉપરોકત મુદ્દાની ચર્ચા કરતા પુર્વે ફરીયાદપક્ષે આપેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી હોય જેથી તેનું વર્ણન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**ફરીયાદી તથા તેના પતિ અને ભોગબનનારનો પુરાવોઃ–**

૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૧ આંક–૭થી આ કામના ફરીયાદી કે જેઓ

ભોગબનનારના માતા છે તેણીને તપાસેલ છે. બનાવ અંગે તેણીનો પુરાવો ધ્યાને લેતા તેણી એવી હકીકત જણાવે છે કે, બનાવ સમયે તેમના પતિ સુરતમાં નોકરી કરતા હોય જેથી તેઓ બનાવ સમયે ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાના પરિવાર સાથે રહેતા હતા. બનાવ સમયે તેમની ભોગબનનાર દિકરીની ઉમર આશરે ચાર વર્ષ છ માસ હતી. બનાવના દિવસે સાંજના સમયે તેમના પતિ નોકરી પર ગયેલા અને તેણી ઘરે એકલા હતા ત્યારે તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ તેણી ૮–૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરમાં રસોઈ કરતી હતી અને ૮–૨૫ સુધી ભોગબનનાર તેણીનો મોબાઈલ જોતી હતી અને ૮–૩૦ વાગે ઉપરથી બે નાની દિકરીઓ આવતા ભોગબનનાર સાથે તેણી રમવા માટે નીચે ગયેલી અને ફરીયાદી રસોઈ કરતા કરતા નીચે જોતા હતા. દસેક મિનીટ બાદ તેણીએ બહાર જોયુ તો ભોગબનનાર ત્યાં રમતી દેખાયેલ નહીં જેથી તેણીએ શોધખોળ કરેલ અને ભોગબનનાર સાથે ગયેલી બન્ને બાળાને પુછપરછ કરતા કોઈ જવાબ આપેલ નહીં પરંતુ રોડ તરફ ઈશારો કરેલ. ત્યારબાદ રાત્રે ૯–૦૦ વાગે આ સાહેદના પતિ ઘરે આવતા તેઓને પણ ભોગબનનાર ઘરે ન હોવાની અને ગુમ થયેલ હોવાની જાણ ફરીયાદીએ કરેલી. જેથી તેઓ બન્ને ભોગબનનારને શોધવા લાગેલા અને આજુબાજુમાં ઘણી તપાસ કરવા છતાં ભોગબનનાર મળી આવેલ નહીં જેથી નજીકમાં આવેલ પંડોળ પોલીસ ચોકીએ તેઓ પોતાની દિકરી ગુમ થયેલ હોવાની જાણ કરવા ગયેલા ત્યાંથી ૧૦૦ નંબર ઉપર પોલીસને ફોન કરેલો ત્યારબાદ પોલીસ આવેલી અને તેઓના શેરીમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા જોયેલ કે **એક કાળા કલરની ટોપી તથા કાળા કલરની પેન્ટ પહેરેલ અને સીસીટીવી ફુટેજમાં પીળા જેવા કલર દેખાતો હતો પરંતુ તે ગુલાબી કલરનું કપડા ઉપર પહેરેલ હતુ તે વ્યકિત ભોગબનનાર વ્યકિતને હાથ પકડી રીંગ રોડ બાજુ લઈ જતો દેખાતો હતો.** ત્યારબાદ પોલીસે બધી જગ્યાએ કેમેરા ચેક કરવા લાગેલા અને **રાતના ૧૧–૩૦ વાગ્યા અરસામાં ભોગબનનાર દિકરી એક મહિલા પોલીસ કર્મચારી અરૂણા બેનને સોસાયટી પાસેથી મળેલી અને તેના ગળા પર બન્ને બાજુ લાલ**

**નિશાન હતા અને તેને ડાબી બાજુ હાથના ખંભા પરનું હાડકુ તુટી ગયેલ હતુ અને ભોગબનનાર દિકરીના શરીરે કપડા ન હતા અને તેણીએ પહેરેલ ચંપલ પણ ન હતા અને ભોગબનનારના ગુપ્ત ભાગેથી લોહી નીકળતુ હતુ અને ભોગબનનાર આવી સ્થિતીમાં કંપની વિસ્તારમાંથી ચાલતી ચાલતી રોડ ઉપર આવેલી** અને **લોકોએ આવી રીતે ભોગબનનારને જોતા પોલીસને જાણ કરતા મહિલા પોલીસ અરૂણાબેનને આ ભોગબનનાર મળી આવેલ. બાદમાં ભોગબનનારને સુરત સ્મીમેર દવાખાને લઈ ગયેલ જયાં ડોકટરે ચેક કરેલ અને તેણી સાથે ગલત થયેલાનું કીધેલુ અને ભોગબનનારને સારવાર હેઠળ રાખેલી.** ફરીયાદીએ આ અંગેની ફરીયાદ ચોકબજાર પો.સ્ટે.માં તા.૨૧.૦૨.૨૦૨૪ ના રાતના ૨–૦૦ વાગ્યે એટલે કે તા. ૨૦.૦૨.૨૦૨૪ ના રોજ જાણ થયા બાદ તા.૨૦ની રાત અને તા.૨૧મીની રાતના બે વાગ્યે ફરીયાદ આપેલી. આ સાહેદ આંક–૯ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદ વધુમાં એવુ પણ જણાવે છે કે બનાવ સમયે ભોગબનનારે પહેરેલ કપડા પોલીસે કબજે કરેલા તેમજ ભોગબનનારને તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ દાખલ કર્યા બાદ તા.૨૪.૦૨.૨૦૨૪ ના રોજ તેણીને રજા આપેલી. ભોગબનનારને ત્યારબાદ પણ ગુપ્ત ભાગેથી આશરે દસેક દિવસ સુધી લોહી નીકળતુ હતુ અને સારવાર આપવા છતાં તે બંધ થતુ ન હતુ જેથી ભોગબનનારની સારવાર ખાનગી દવાખાને પણ કરાવેલી અને ત્યારબાદ ત્રણ ચાર દિવસ બાદ તેણીને સારૂ થઈ ગયેલ. ભોગબનનારને ખંભાનું હાડકુ તુટી ગયેલ હોય જે આશરે ૨ મહિના સુધી યોગ્ય રીતે સંધાયેલ નહીં અને હાલ પણ તેણીને દુઃખાવો રહે છે અને તે ભાગમાંથી હાડકુ બહાર આવેલુ દેખાય છે. ભોગબનનારનું ત્યારબાદ કોર્ટ સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે લાવેલા. આ સાહેદ આંક–૧૦ વાળા ભોગબનનારના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં ભોગબનનારના અંગુઠાનું નિશાન તથા પોતાની સહી ઓળખી બતાવે છે. તેણી વધુમાં એવુ પણ જણાવે છે કે,ભોગબનનારને આરોપીની ઓળખ માટે લઈ ગયેલ. જયાં તેઓ

ત્રણેય જણા ગયેલા અને અંદર ભોગબનનાર તથા આ સાહેદના પતિને લઈ ગયેલા. આ સાહેદ પોતાના પુરાવામાં મુ.મા.આ.નં.૩ થી ૬ વાળા કપડા તથા ચપ્પલ ભોગબનનારના હોવાનું ઓળખી બતાવે છે. આ સાહેદ વધુમાં એવો પણ પુરાવો આપે છે કે તેઓએ સીસીટીવી ફુટેજ જોયેલા જે તેણીને બતાવવામાં આવે તો તેણી ઓળખી શકે. તેણીને મુ.મા.આ.નં. ૧૬ વાળી પેનડ્રાઇવમાં મેળવેલ સીસીટીવી ફુટેજ બતાવતા તેમાં ચાર વિડીયો ફાઇલ હોવાનું અને **તેમાંથી પ્રથમ નંબરના કેમેરાની ફુટેજના કલાક ૦૬–૪૭–૪૫ થી આગળ જોતા એક વ્યકિત જેના માથા પર ટોપી પહેરેલ છે તથા કાળો પેન્ટ અને ફુટેજમાં ઉપર પહેરેલા કપડાઓનો કલર જણાઇ આવે છે તે ભોગબનનાર દિકરીને હાથ પકડીને લઈ જતો દેખાય છે. તે જ રીતના ૩ નંબરની ફુટેજમાં ક.૦૬.૪૭.૫૫ કલાકે જોતા આ વ્યકિત ભોગબનનારને ઉંચકીને લઈ જતો દેખાય છે. તે જ રીતે ૬ નંબરની ફુટેજમાં ક.૦૬.૪૫.૧૩ વાળુ ટોપીવાળો અજાણ્યો પુરૂષ ચાલતો દેખાય છે. આ સાહેદ વધુમાં એવો પણ પુરાવો આપે છે કે પોલીસ તેણીની તથા ભોગબનનારની પુછપરછ કરેલી. આ સાહેદ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે**. તેમજ સીસીટીવી ફુટેજમાં તે જ વ્યકિત હોવાનું જણાવે છે. તેણી વધુમાં એવુ પણ જણાવે છે કે તેણીની ભોગબનનાર દિકરી સાથે અત્યાચાર થયેલો અને ભોગબનનારને ખુલ્લાના ભાગમાં કંપની એરીયામાં કે જયાં બધા કચરો નાખે છે તેવી જગ્યાએ તેણી સાથે અત્યાચાર થયેલો તેવુ તેણીએ જણાવેલુ. જે જગ્યાએ અત્યાચાર થયેલો તે જગ્યાના ફોટા બતાવેલા જે ફોટામાં જે જગ્યાએ અત્યાચાર થયેલો તે જગ્યા પર લોહી પડેલુ હતુ તેવુ દેખાતુ હતુ.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં મહત્વની એવી હકીકતને આ સાહેદ સ્વીકાર કરે છે કે તેણી તેલુગુ અને અંગ્રેજી ભાષામાં બી.એસ.સી. સુધી ભણેલા છે, તેણી લગ્ન બાદ સુરત ખાતે પોતાના પતિ સાથે રહેવા માટે આવેલ અને કહેવાતા બનાવના બે વર્ષ પહેલેથી તેઓ ફરીયાદમાં જણાવેલ સરનામે રહેવા માટે આવેલા, આ મકાન તેઓએ ભાડેથી રાખેલુ પરંતુ મકાન

માલિક સાથે ભાડા કરાર થયેલ નથી, તેણી જયાં રહેતી હતી ત્યાં આજુબાજુ વાળા સાથે સારા સબંધો હતા અને આજુબાજુમાં અને ઉપરના મકાનમાં પણ લોકો પરિવાર સાથે રહેતા હતા અને નાના બાળકો પણ હતા, **તેણી નિયમીતપણે રાતે ૭–૩૦ વાગે રસોઇ બનાવવાનું શરૂ કરે છે. તેણીએ તેણીની ભોગબનનાર દિકરીને કોઇ લઇ જતુ હતુ તેવુ નરી આંખે જોયેલ નથી, બનાવના દિવસે રાતના ૮–૩૦ થી રાતના ૧૧–૩૦ સુધી ભોગબનનાર દિકરીને તેણીએ જોયેલ નથી,** તેણીને પોલીસે જણાવેલ કે, ભોગબનનાર દિકરી કપડા વિનાની આ જગ્યાએથી મળી આવેલ છે, તેણીએ પોલીસને ભોગબનનાર દિકરીના કપડા આપેલ નથી, તેણીએ બનાવવાળી જગ્યા પર ગયેલ નથી પરંતુ તેણીના પતિ ગયેલ છે અને કહેવાતા બનાવવાળા જગ્યાએ બનાવ બનેલ છે તેવુ પોલીસના કહેવાથી ખબર પડેલી. આ સાહેદ એવુ પણ જણાવે છે કે તેણીના પતિએ પણ તેણીને કહેલ, તેઓ જે જગ્યાએ રહે છે ત્યાં આજુબાજુ કારખાના આવેલ હોવાથી રાતના તથા દિવસમાં લોકોની અવર જવર રહે છે, **સીસીટીવી ફુટેજમાં જે છોકરો ભોગબનનારને લઇને જતો હતો તે છોકરાએ ભોગબનનાર સાથે દુષકર્મ કરેલ છે તેવુ પોલીસે આ સાહેદને જણાવેલ,** ભોગબનનાર દિકરી દવાખાનામાં દાખલ હતી તે વખતે તેણી સાથે સતત તેણી રહેતી હતી, ભોગબનનાર સાથે બનેલ બનાવના કારણે તેણીને આઘાત પણ લાગેલો, ફરીયાદ ગુજરાતીમાં લખેલ છે અને તેણીએ ફરીયાદ લખાવ્યા બાદ વાંચેલ નથી. **તેણી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેણીએ પોતાની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે ભોગબનનારના ડાબા હાથનું હાડકુ તુટેલુ હતુ. તેણી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવના દિવસે ભોગબનનાર રાત્રે ૮–૩૦ થી ૧૧–૩૦ સુધી કોને મળેલી તે તેણીએ સગી આંખે જોયેલ નથી.** આ સિવાય અન્ય કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૧૦. ફરીયાદપક્ષે સાહેદ નં.૩ આંક–૧૧થી ભોગબનનારના પિતા અને ફરીયાદીના પતિને તપાસેલ છે. બનાવ અંગે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે,

તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ બનાવ બનેલો. તેઓ રાત્રે ૭–૦૦ વાગ્યે નોકરી પર ગયેલ અને ક.૯–૦૦ વાગ્યે જમવા ઘરે આવેલ ત્યારે તેઓની પત્ની ફરીયાદી ભોગબનનારને શોધતી હતી અને આ સાહેદને જણાવેલ કે, ભોગબનનાર મળી આવતી નથી જેથી તેઓ બન્ને ભોગબનનારને આજુબાજુ તથા ઉપર નીચે તથા એરીયામાં શોધવા માટે ગયેલ પરંતુ ભોગબનનાર મળી આવેલ નહીં. જેથી તેઓએ પંડોળ પોલીસ ચોકીએ ગયેલ અને ત્યાંથી ૧૦૦ નંબર પર ફોન કરવાનું કહેતા તેઓના ઘર પાસે પોલીસ આવેલ અને તેઓ પોતાની દિકરીને ઘણી બધી જગ્યાએ શોધવા છતાં ન મળી આવેલ. ત્યારબાદ પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરા તથા હોટલ પર લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરેલા. **તે સમયે આ સાહેદ પણ ત્યાં હતા અને સીસીટીવી કેમેરા જોતા એક કાળા કલરનો પેન્ટ તથા કાળા કલરની ટોપી અને ગુલાબી શર્ટ પહેરેલ વ્યકિત ભોગબનનાર દિકરીને હાથ પકડીને લઈ જતો દેખાતો હતો અને ત્યારબાદ તેઓએ પોલીસ સ્ટેશને જવાની તૈયારી કરેલી ત્યાં એક લેડીઝ પોલીસને ભોગબનનાર દિકરી રોડ પરથી મળી આવી તે સમયે ભોગબનનાર દિકરીના શરીર પર કોઈ કપડા ન હતા અને ગળાની બન્ને બાજુએ લોહી હતુ અને ગુપ્ત ભાગે લોહી નીકળતુ હતુ પછી તેણીને સ્મીમેર લઈ ગયેલા જેથી આ સાહેદ તથા તેમની પત્ની સ્મીમેર ગયેલા. ત્યારે પણ ભોગબનનારના ગુપ્ત ભાગેથી લોહી નીકળતુ હતુ અને ડોકટરશ્રીએ તેઓને જાણ કરેલ કે ભોગબનનાર સાથે બળાત્કાર થયેલ છે અને ભોગબનનારને દવાખાનામાં સારવાર આપવી પડશે અને જરૂર પડશે તો ઓપરેશન પણ કરાવવુ પડશે.** ત્યારબાદ તા.૨૪ સુધી ભોગબનનારને દવાખાને રાખેલ. બનાવ સમયે ભોગબનનારે પહેરેલ કપડા અને ચપ્પલ અંગે આ સાહેદ જણાવે છે **તેમજ ભોગબનનાર સાથે જે જગ્યા પર ગલત કામ થયેલ તે જગ્યાએ કપડુ પડેલ હતુ, લોહી પડેલ હતુ અને ભોગબનનારના ચપ્પલ પડેલ હતા, પોલીસ ત્યાં કાર્યવાહી કરતી હતી અને ફોટા પાડતા હતા ત્યાં એક સાહેબ પણ હતા, પોલીસે લોહીવાળી માટી, કપડા અને ચપ્પલ કબજે કરેલા, ભોગબનનાર દિકરીનું ખંભાનું હાડકુ તુટી ગયેલ હોય તેની**

**સારવાર પ્રાણનાથ હોસ્પીટલ તથા સ્મીમેર હોસ્પીટલમાં કરાવેલી,** આ સાહેદ વધુમાં એવુ પણ જણાવે છે કે, આરોપીની ઓળખ માટે તેઓને કોર્ટમાં લાવેલા જયાં ૪-૫ માણસો ઉભેલ હતા **તેમાંથી ભોગબનનાર આરોપીને ઓળખી બતાવે છે, આ સાહેદ પણ મુ.મા.આ.નં.૩ થી ૬ વાળા ભોગબનનારના કપડા અને ચપ્પલ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે, તેમજ મુ.મા.આ.નં.૧૬ વાળી પેનડ્રાઈવમાં અગાઉ ફરીયાદીના પુરાવામાં દર્શાવવામાં આવેલ સીસીટીવી ફુટેજ અંગે જણાવે છે. આ સાહેદ પણ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે**.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સુરત મુકામે તેઓ પોતાની પત્ની અને ભોગબનનાર સાથે રહેતા હતા, **કહેવાતા બનાવના દિવસે તેઓ રાત્રે જમવા ગયેલા ત્યારે સૌપ્રથમવાર તેણીની પત્નીએ તેઓને જણાવેલ કે, ભોગબનનાર ગુમ થઇ ગયેલ છે,** ત્યારે તેઓને ખબર પડેલી, કહેવાતા બનાવના દિવસે તેઓ સાંજે ૭-૦૦ વાગે કામ પર ચાલી ગયેલ જેથી ૭-૦૦ વાગ્યા બાદ ભોગબનનાર સાથે શું થયેલ તેઓને તેની ખબર નથી, ભોગબનનાર દિકરી ગુમ થઇ ગયેલી તે અંગે તેઓ ફરીયાદ કરવા ગયેલ નથી, તેઓ જયાં રહે છે ત્યાં સરકારી સ્ટ્રીટ લાઇટ આવેલ છે જે કોઇક વખત બંધ પણ હોય છે, **ભોગબનનાર દિકરી ગુમ થયા બાદ પહેલીવાર મળી ત્યારે સરકારી દવાખાને જોયેલી, કહેવાતા બનાવના દિવસે ભોગબનનાર દિકરી ગુમ થયેલી ત્યારબાદ હોસ્પીટલમાં મળેલી તેની વચ્ચેના સમયમાં તેઓએ ભોગબનનારને જોયેલ ન હતી, ભોગબનનાર દિકરી કહેવાતા બનાવના દિવસે સાંજે ૭-૦૦ વાગ્યાથી રાત્રીના ૧૧-૦૦ વાગ્યા સુધી કોને કોને મળેલ અને કયાં કયાં ગયેલ તે તેઓએ નજરે જોયેલ નથી, ભોગબનનાર દિકરી રોડ પર કપડા વગર મળેલી તેવુ લોકોએ આ સાહેદને જણાવેલુ અને કહેવાતા બનાવવાળી જગ્યાએ બનાવ બનેલ છે તેવુ પોલીસના કહેવાથી આ સાહેદને ખબર પડેલી**. આ સિવાય અન્ય કોઈ મહત્વની હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

૧૧. ફરીયાદપક્ષે સાહેદ નં.૩ આંક-૧૨થી ભોગબનનારને તપાસેલ છે.

તેણીનો પુરાવો સવાલ જવાબ સ્વરૂપમાં નોંધવામાં આવેલ છે જેમાં તેણી બનાવ અંગે મહત્વની એવી હકીકત જણાવે છે કે, **તેણી તેણીની બહેનપણી સાથે રમતી હતી ત્યારે તેણીને ચોર લઈ ગયેલ. ચોરે તેણીને શું કરેલ તેવા સવાલના જવાબમાં ભોગબનનાર હાથથી ગળા પર અને ગુપ્ત ભાગે ઈશારો કરી બતાવે છે અને ત્યાં શું કરેલુ તે અંગે પુછતા બચકા ભરેલા અને તેથી તેણીને તે જગ્યાએ દુઃખાવો થવા લાગેલ. તેણી એવુ પણ જણાવે છે કે ચોરે ટોપી પહેરેલ હતી. તેણી આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તેમજ મુ.મા.આ.નં. ૩ થી ૬ વાળા કપડા અને ચપ્પલ તેણીના હોવાનું જણાવે છે. તેણી વિશેષમાં એવુ પણ જણાવે છે કે તેણીને ડોકટર પાસે લઈ ગયેલા જયાં સારવાર અને દવા આપેલી. તેણી મુ.મા.આ.નં.૭ વાળી ટોપી આરોપીએ પહેરેલ હોવાનું જણાવે છે.**

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી. પરંતુ તેમને ઘર મળતુ ન હોય તેણી રડતી હતી તેમજ તેણીને તેણીની માતાએ શિખવાડેલ છે તે સવાલનો જવાબ નકારમાં આપે છે. આ સિવાય અન્ય સવાલના જવાબ તેણી આપેલ શકેલ નથી.

**આમ, ફરીયાદપક્ષના ઉપરોકત મહત્વના ત્રણેય સાહેદોનો પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, સાહેદ નં.૧ અને ૨ નાઓ સાહેદ નં.૩ ભોગબનનારના કુદરતી અને કાયદેસરના વાલી છે. તેમજ બનાવના દિવસે એટલે કે તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ તેણી પોતાના માતા પિતાના કાયદેસરના વાલીપણામાં હતી અને પોતાના ઘર નીચે અન્ય બાળાઓ સાથે રમતા હતા ત્યાંથી તેમને લઈ જવામાં આવેલ અને ભોગબનનારને લઈ જતા પુર્વે તેણીના માતા પિતા એટલે કે સાહેદ નં.૧ અને ૨ નાઓની કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી. વળી, બનાવના દિવસે રાત્રે ક.૮–૩૦ થી તેણીને પ્રથમ વખત મહિલા પો.કો. અરૂણાબેનને મળેલી ત્યાં સુધી ભોગબનનાર તેણીના કાયદેસરના વાલીઓના વાલીપણામાં ન હતા તેવી હકીકત ખુદ બચાવપક્ષ સાહેદ નં.૧ અને ૨ ના પુરાવામાં રેકર્ડ પર લાવેલ છે. વળી,**

**ભોગબનનારના શરીરે ઈજા થયેલ હોવાનું તથા ગુપ્ત ભાગે ઈજા થયેલ હોવાનું તેઓ તમામ પોતાના પુરાવામાં જણાવે છે અને તેણીને લોહી નીકળતુ હોવાનું તેઓ તમામ જણાવે છે. આ કૃત્ય આરોપીએ કરેલ હોવાનું પણ તેઓ તમામ સાહેદો નામ. કોર્ટમાં જણાવે છે અને ભોગબનનાર આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તેમજ તેના માતા પિતા સાહેદ નં.૧ અને ૨ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૧,૨ અને ૩ ના પુરાવા પરથી આરોપીએ જ ભોગબનનારનું તેણીના કુદરતી અને કાયદેસરના વાલીઓના વાલીપણામાંથી અપહરણ કરી પોતાની સાથે લઈ ગયેલ હોવાનું તેમજ ત્યારબાદ ભોગબનનારના શરીરે બચકા ભરી તેમજ ગુપ્ત ભાગે પણ બચકા ભરી ઈજા કરેલ હોવાનું આ સાહેદના પુરાવા પરથી ફલિત થાય છે.**

**આ તબકકે એ નોંધવુ પણ આવશ્યક છે કે બનાવ સમયે ભોગબનનાર ખુબજ નાની અને કુમળી વયના હતા જેથી આરોપીએ તેણી સાથે આચરેલ તમામ કૃત્યો તેણીને યાદ પણ ન હોય અથવા તેણી નામ. કોર્ટ સમક્ષ જણાવી પણ ન શકે તેવુ બની શકે. જેથી દુષ્કર્મના કૃત્ય અંગે અન્ય સાહેદોએ આપેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો પણ ધ્યાને લેવો અનિવાર્ય બની શકે છે.**

**તબીબી સાહેદોનો પુરાવોઃ-**

૧૨. ફરીયાદપક્ષે સાહેદ નં.૪ આંક-૧૩થી ડો. દિપાલી સીવાસનને તપાસેલ છે. તેઓએ આંક-૧૪ વાળી યાદીના આધારે ભોગબનનારની શારિરીક સારવાર કરી સારવાર દરમ્યાન તૈયાર કરેલ તમામ દસ્તાવેજો આંક-૧૫થી રજુ કરેલ છે. આંક-૧૬થી ભોગબનનારનું સારવાર અંગેનું સર્ટીફીકેટ રજુ કરેલ છે.

આ સાહેદનો બનાવ અંગેનો પુરાવો ધ્યાને લેતા મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ **રાત્રીના સમયે ૧૨-૦૦ વાગ્યે પોલીસ કોન્સ. અરૂણાબેન ચોકબજાર પો.સ્ટે.ના તેઓની સાથે ભોગબનનારને તેણીની પાસે ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે લાવતા** તેણીએ પ્રાથમિક સારવાર કરી ગાયનેક

તપાસ માટે ભોગબનનારને આ સાહેદ પાસે લાવેલ અને ભોગબનનારની શારિરીક તપાસમાં તેઓએ તેના માતા પિતાની સમંતિ મેળવી ભોગબનનારના ઓળખના ચિન્હો નોંધી ભોગબનનાર ગભરાયેલી હોય હિસ્ટ્રી આપી શકેલ નહીં અને તેના પિતાએ તેણીને પુછતા ભોગબનનાર રડવા લાગેલ અને કાંઈ કહી શકેલ નહીં પરંતુ **પોલીસ કોન્સ. અરૂણાબેને એવુ જણાવેલ કે, ભોગબનનાર રસ્તા પર તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રે ૧૧–૦૦ વાગ્યે એકલી ગભરાઈ ગયેલ હાલતમાં નિર્વસ્ત્ર અવસ્થામાં મળી આવેલી. ભોગબનનારને એક ચાદરમાં લપેટીને ઈમરજન્સી વિભાગમાં લઈ આવેલ અને ભોગબનનારના પિતાને ફોન કરીને બોલાવેલ અને ભોગબનનારના પિતાને હિસ્ટ્રી અંગે પુછતા ભોગબનનાર મળી ના આવતા નજીકના એરીયામાં લગાવેલ સીસીટીવી કુટેજ ચેક કરતા અજાણ્યો વ્યકિત રાત્રે ૮ થી ૮–૩૦ વચ્ચે ભોગબનનારને લઈ જતો હતો તેવુ દેખાયેલ હોવાનું જણાવે છે**. આ સાહેદે ભોગબનનારની જનરલ તપાસ કરતા તેણી સભાન અવસ્થામાં હતી, **નગ્ન અવસ્થામાં હતી, તેણીને એક ચાદર લપેટી હતી, જે ચાદર કસ્ટડીમાં લઈ લેતા તેની તપાસ થયેલ નહીં. ભોગબનનારના હાથે અને પગે કાદવ લાગેલ હતુ. તેના ગુપ્ત ભાગેથી લોહીના લીધે પગ સુધી લોહીના ડાઘા હતા તેમજ પીઠના ઉપરના ભાગે તથા ગરદનના નીચેના ભાગે ૩ થી ૪ સે.મી.ના લાંબા ઉપરા ઉપરી ઘસરકાઓ હતા. ભોગબનનારની ગરદનની ડાબી અને જમણી બાજુ ૧ સે.મી. લાંબા કન્ટીન્યુસ જખ્મ હતા જેમાંથી લોહી આવતુ ન હતુ. તેમજ ભોગબનનારને ગરદનના બન્ને બાજુઓ જખમોની જગ્યાએ સોજો હતો. ભોગબનનારને ગુપ્ત ભાગમાંથી લોહી જતુ હોવાથી તપાસ માટે ઓપરેશન થિયેટરમાં જનરલ એનેસ્થેસીયા આપીને લેવામાં આવેલ હતા** અને ભોગબનનારને યુરેથ્રલ અને વજાઈનલ સ્વોબ સેમ્પલ એફ. એસ.એલ. તથા ડી.એન.એ. માટે લઈને પો.કો. અરૂણાબેનને આપેલા. તેમજ ઓપરેશન થિયેટરમાં સારવાર કરવાની હોય ભોગબનનારના માતા પિતાની સમંતિ લેવામાં આવેલ અને ત્યાં ભોગબનનારની તપાસ કરતા ભોગબનનારના **લેબીયા મેજોરા અને લેબીયા માઈનોરા વચ્ચે**

**બન્ને બાજુ ૧ સે.મી.ના જખમ ઉપરા ઉપરી ચીરા હતા અને તેમાંથી લોહી નીકળતુ હતુ નહીં, ફોરચેટ ઉપર વચ્ચો વચ્ચે ૦.૫ સે.મી. નું નાનું સુપરફીશીયર ટીયર હતુ જેમાંથી લોહી નીકળતુ હતુ નહીં, હાઈમેન ઉપર ૯ કલાકની સ્થિતીમાં તાજુ જખમ હતુ જેમાંથી લોહી નીકળતુ હતુ, યોનીમાર્ગમાં લોહીની નાની ગાંઠ હતી અને સુપરફીશીયલ ચીરો હતો જેમાંથી લોહી નીકળતુ હતુ.** આ ઈજાઓની જાણ આ સાહેદને તેમના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. અનામિકાએ કરેલી. યોનીમાર્ગમાં નોર્મલ સલાઈન નાખીને સાફ કરવામાં આવેલ ત્યારબાદ લોહી બંધ થઈ ગયેલ. ત્યારબાદ ભોગબનનારને ઓપરેશન થિયેટરમાંથી આઇ.સી.યુ. માં દાખલ કરેલ. ભોગબનનારના તમામ લોહીના તપાસ કરાવેલ તથા પીડીયાટ્રીક, સાઈક્રાટીક તથા તેણીના બાહ્ય ભાગ પર તાજા ઈજાના તપાસ માટે ફોરેન્સીક મેડીસનને રીફર કરવામાં આવેલા તેમજ જરૂરી સલાહ લેવામાં આવેલી. ભોગબનનારને સારવાર આપ્યા બાદ તેઓની સ્થિતી સામાન્ય થયેલી પરંતુ કયારેય કયારેક તેમને પેટમાં દુઃખાવો થતો હતો જેની દવા આપેલી. ત્યારબાદ ભોગબનનારના પિતાને હિસ્ટ્રી અંગે પુછતા ભોગબનનારના પિતાએ ભોગબનનારને તે અંગે પુછતા તેઓના લખાવ્યા પ્રમાણે હિસ્ટ્રી લખેલી જેમાં આરોપી તેણીને ખુલ્લી જગ્યા પર લઈ ગયેલ હોવાનું અને આરોપીએ તેના કપડા કાઢેલ અને ભોગબનનારે બુમ પાડેલ તો પણ આરોપીએ તેના મોઢા પર ગરદન પર અને બાજુ પર જોરથી બટકુ ભરેલુ અને ત્યારબાદ પેશાબની જગ્યા પર કંઈક કરેલ અને તેનાથી ભોગબનનારના પેશાબની જગ્યા પરથી લોહી આવવા લાગેલ જેથી ભોગબનનાર ગભરાઈને રસ્તા પર ભાગવા લાગેલી અને તે મહિલા કોન્સ.ને દેખાઈ ગયેલી. જે હિસ્ટ્રીમાં ભોગબનનારના પિતાએ સહી કરેલી. ત્યારબાદ ભોગબનનારને ઉલટી અને ખાંસીની તકલીફ હોવાની ફરીયાદ ત્રીજા દિવસે કરતા તેને બાળકોના ડોકટર પાસે રીફર કરેલ અને દવા ચાલુ કરાવેલ અને ત્યારબાદ તા.૨૪.૦૨.૨૦૨૪ ના રોજ ભોગબનનારને અન્ય કોઈ તકલીફ ન થતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવેલ આ સાહેદના પુરાવા પ્રમાણે તા.૨૧.૦૨.૨૦૨૪ થી તા.૨૪.૦૨.૨૦૨૪ સુધી ભોગબનનારને

અંદરના દર્દી તરીકે સારવાર આપેલી જેની તમામ પેપરો આંક–૧૫થી રજુ કરેલ છે. તેમજ આંક–૧૬થી પોતાનું સર્ટીફીકેટ આપેલ છે અને **આ સાહેદના મંતવ્ય પ્રમાણે ભોગબનનારની શારિરીક તપાસ પ્રમાણે તેણીના બાહ્ય શરીર અને ગુપ્ત ભાગે જખમ જોતા ભોગબનનાર સાથે તાજેતરમાં જબરજસ્તી સેકસ્યુઅલ એસોલ્ટ થયેલ હોવાનું જણાતુ હતુ.**

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનાર તેઓ પાસે સારવાર માટે લાવ્યા તે પુર્વે મેડીકલ ઓફિસર પાસે તેણીની પ્રાથમિક સારવાર થયેલી, ભોગબનનાર ચોકકસ તેમના પાસે કેટલા વાગે આવેલા તેનો તેમને ખ્યાલ નથી, આંક–૧૬ વાળા સર્ટીફીકેટના હસ્તાક્ષરો તેમના જુનિયરના છે અને તેમના જુનિયરે જે નોંધ કરેલી તે તેઓની સામે જ કરેલી, આંક–૧૫ વાળા કેસ પેપર્સમાં પાન નં.૪૯ ઉપર લેવામાં આવેલ હિસ્ટ્રી બીજા દિવસે સાંજે ૪ વાગે લેવામાં આવેલ જે તેના પિતાએ લખાવેલી, **આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનાર સાથે તેઓને વાત થયેલ નથી, પરંતુ સાહેદ એવુ પણ જણાવે છે કે, તેઓએ ભોગબનનાર સાથે વાત કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ તેણી ગભરાયેલી હોય બોલતી ન હતી**. આ સાહેદ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, આંક–૧૫ અને ૧૬ માં ભોગબનનારના થાઈના પાછળના ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહીં, આંક–૧૫ અને આંક–૧૬ વાળા સર્ટીફીકેટમાં તેમના સાથી ડોકટર મજમુદારની સહી નથી, ભોગબનનારને તેઓના દવાખાને જે કપડા કે ચાદરમાં લાવવામાં આવેલ તે તેઓએ જોયેલ નથી અને તેઓની તપાસ દરમ્યાન ભોગબનનારના શરીર ઉપર કોઈ ફોરેન મટીરીયલ તેઓની તપાસ દરમ્યાન તેઓને જોવા મળેલ નહીં. આથી વિશેષ કોઈ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

**આમ, તબીબશ્રીના પુરાવાને વંચાણે લેતા એવી હકીકત ફલિત થાય છે કે, ભોગબનનાર તેઓ પાસે તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ મહિલા પો.કો. અરૂણાબેન લાવેલા જેની ઇમરજન્સી વિભાગમાં તાત્કાલિક સારવાર માટે લઈ આવ્યા બાદ ભોગબનનારની પ્રાથમિક**

સારવાર કર્યા બાદ ગાયનેક તપાસ માટે આ સાહેદ તરફ રીફર કરેલા અને આ સાહેદ દ્વારા ભોગબનનારની બાહ્ય તથા આંતરિક તપાસ કરતા ભોગબનનારના ગુપ્ત ભાગેથી લોહીના લીધે પગ સુધી લોહીના ડાઘા હતા તેમજ ગરદનના ભાગે ૩–૪ સે.મી.ના લાંબા ઘસરકાઓ હતા, તેમજ ગરદનની ડાબી અને જમણી બાજુએ ૧ સે.મી.ના જખમ હતા જયાં સોજો હતો. તેમજ ભોગબનનારને ગુપ્તભાગેથી લોહી વહી નીકળતુ હોવાના કારણે તેણીને ઓપરેશન થિયેટરમાં લઇ ગયા બાદ ગુપ્ત ભાગે તપાસ કરતા ભોગબનનારના લેબીયા મેજોરા અને લેબીયા માઇનોરા વચ્ચે બન્ને બાજુ ૧ સે.મી.ના ઉપરા ઉપરી ચીરા હતા. તેમજ ફોરચેટ ઉપર વચ્ચોવચ ૦.૫ સે.મી.નું નાનું સુપરફીશીયલ ટીયર હતુ અને ભોગબનનારનું હાઇમને ૯ કલાકની સ્થિતીમાં તાજુ જખમવાળુ હતુ અને તેમાંથી લોહી નીકળતુ હતુ. તેમજ ભોગબનનારના યોનિમાર્ગમાં લોહીની નાની ગાંઠ હતી અને સુપરફીશીયલ ચીરો હતો જેમાંથી પણ લોહી નીકળતુ હતુ. જેના કારણે આ સાહેદના મંતવ્ય પ્રમાણે ભોગબનનાર સાથે જબરજસ્તીથી સેકસ્યુઅલ એસોલ્ટ થયેલાનું જણાઇ આવેલુ. આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે, ભોગબનનારે પોતાના પુરાવામાં એવુ જણાવેલ છે કે, આરોપીએ તેણીને ગળાના ભાગે અને ગુપ્ત ભાગે બચકા ભરેલા. વળી, આ સાહેદના પુરાવામાં એવુ પણ આવેલ છે કે, ભોગબનનાર સાથે બનેલ બનાવના કારણે તેણી ગભરાઇ ગયેલી જેથી કાંઇપણ બોલી શકે તેવી સ્થિતીમાં હતી નહીં અને ભોગબનનારે પોતાના પિતાને બનાવ અંગે આપેલ હિસ્ટ્રી મુજબ આરોપીએ તેણીને મોઢા ઉપર અને ગળાના ભાગે બચકા ભર્યા બાદ પેશાબવાળી જગ્યા પર શું કરેલુ તે તેણી કહી શકે તેવી સ્થિતીમાં હતી નહીં પરંતુ ભોગબનનારના ગુપ્ત ભાગેથી લોહી નીકળતુ હતુ તે હકીકત નિર્વિવાદિત છે. વળી, ભોગબનનારના ગુપ્ત ભાગે અન્ય કોઇ કારણોસર ઇજા થયેલ હોય તેવી કોઇ હકીકત બચાવપક્ષે આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ નથી. તેવા સંજોગોમાં ભોગબનનારના ગુપ્ત ભાગે ઇજા આરોપીએ જ પહોંચાડેલ છે તેમજ આ ઇજા આરોપીએ મોઢા દ્વારા, બચકા ભરવાથી અથવા તો અન્ય કોઇ રીતે કરેલ છે તેવુ પણ ફલિત

**થાય છે અને ડોકટરશ્રીના અભિપ્રાય પ્રમાણે જયારે ભોગબનનારના ગુપ્ત ભાગે હાઈમેન ૯ કલાકની સ્થિતીમાં તાજુ જખમ હોવાનું અને તેમાંથી લોહી નીકળતુ હોવાનું જણાઇ આવેલ હોચ ત્યારે તે કૃત્ય પોક્સો એકટની કલમ–૩ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ માં જણાવ્યા પ્રમાણેના કૃત્યો પૈકી એક કૃત્ય હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે**.

૧૩. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ આંક–૮૦થી ડો. અનુરાગ મોહનભાઈ સહાણે નાઓને તપાસેલ છે. આ સાહેદે આંક–૮૧ વાળી યાદીના આધારે આરોપીની મેડીકલ તપાસ કરી આંક–૮૨થી તે અંગેના મેડીકલ કાગળો તથા આંક–૮૩થી તે અંગેનું સર્ટીફીકેટ અને આંક–૮૪ અને આંક–૮૫થી મેડીકલ કાગળો રજુ કરેલ છે.

આ સાહેદના પુરાવા પ્રમાણે તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને તેઓ સમક્ષ સારવાર માટે લાવતા આરોપી સંપુર્ણ ભાનમાં જણાયેલ. આરોપીના ઓળખના નિશાનોની નોંધ કરી આરોપીના લખાવ્યા પ્રમાણે હિસ્ટ્રી નોંધી, **આરોપીના શરીર પર છાતીના ભાગે ૨ x ૦.૫. સે.મી.નો ઘસરકો તથા છાતીના પાછળના જમણી બાજુ ૧ x ૩ સે.મી.નો ઘસરકો તથા પેટની જમણી બાજુ ૧ x ૦.૫ સે.મી.નો ઘસરકો અને છાતીના પાછળના ભાગે ડાબી બાજુ ૧.૫ સે.મીનો ઘસરકો હતો**. આ સાહેદે આરોપીના શરીર પરથી માથાના વાળ, લાળ, નખ, ૩ મિ.લી. લોહી પ્લેન બલ્બ, તથા ઈડીટીએ બલ્બ, ગુપ્ત ભાગના વાળ તથા વિર્ય અને ડી.એન.એ. સેમ્પલ મેળવી એફ.એસ.એલ.ને પૃથ્થકરણ અર્થે સીલબંધ સ્થિતીમાં આપેલા. આ સાહેદના મંતવ્ય પ્રમાણે આરોપી શારિરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતા. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા કોઈ મહત્વનો વિરોધાભાસ કે આ સાહેદે આપેલ પુરાવામાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર લાવેલ નથી.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ હતા તેમજ આરોપીના શરીરે છાતીના તથા પેટના ભાગે ઉપરોકત ઈજાઓ હતી તેવી હકીકત ફલિત થાય છે. આ તબકકે**

**એ નોંધવુ પણ આવશ્યક છે કે, ઉપરોકત ઈજાઓ આરોપીને કયા કારણોસર અને કઈ રીતે થયેલી તે અંગે આરોપી તરફે કોઇ હકીકતો આ સાહેદના પુરાવામાં કે અન્ય સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ નથી. તેમજ સમગ્ર ટ્રાયલ દરમ્યાન આ અંગે કોઈ ખુલાસો આરોપીએ કરેલ નથી.**

૧૪. **આમ, ઉપરોકત બન્ને તબીબશ્રીઓનો મૌખિક પુરાવો તથા ફરીયાદપક્ષે આંક–૧૧૩ ના લિસ્ટથી રજુ એફ.એસ.એલ.નો મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ તથા આંક–૧૧૪થી રજુ ડી.એન.એ. રીપોર્ટ ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, બનાવવાળી જગ્યા પરથી કબજે કરેલ ઘાંસ તથા ભોગબનનાર કુર્તી પરથી માનવ વિર્યની હાજરી મળી આવેલ છે. તથા ભોગબનનારના મેડીકલ તપાસ દરમ્યાન કબજે કરેલ વજાઈનલ સ્વોબ અને યુરેથ્રલ સ્વોબ પરથી રૂધિરની હાજરી મળી આવેલ છે અને આ રીપોર્ટ મુજબ ભોગબનનારના વજાઈનલ સ્વોબ અને યુરેથ્રલ સ્વોબ પરથી મળી આવેલ માનવ રૂધિર જુથ એ ભોગબનનારનું હોવાનું જણાઇ આવે છે. જયારે આરોપીની મેડીકલ તપાસ દરમ્યાન કબજે કરેલ આરોપીનું રૂધિર જુથ "બી" જુથનું છે. જે આરોપીના ટી–શર્ટ પરથી પણ મળી આવે છે. તેમજ બનાવવાળી જગ્યા પરથી મળી આવેલ ઘાસ તથા ભોગબનનારની કુર્તી પરથી પણ મળી આવેલ છે અને આંક–૧૧૪ વાળા રીપોર્ટ મુજબ પણ આ હકીકતોને સમર્થન મળે છે. જે અંગે બચાવપક્ષે કોઈ ખુલાસો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી જેથી પણ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટપણે સમર્થન કરે છે.**

**પાડોશીઓનો પુરાવોઃ–**

૧૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫ આંક–૭૪થી ફરીયાદીના બાજુમાં રહેતા વ્યકિતને તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેઓ એવુ જણાવે છે કે, તેઓ તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ પોતાના મિત્ર સાથે પોતાના ઘરે હતા ત્યારે એક મહિલા મોબાઈલમાં પોતાની બાળકીનો ફોટો બતાવી તેઓને પુછેલ કે તેઓએ આ બાળકને કોઇ જગ્યાએ જોયેલ છે. જેથી તેઓએ જણાવેલ કે, હમણા જ એક બ્લેક કલરની ટોપી પહેરેલ માણસ તેને લઈને જતો હતો. ત્યારબાદ આ સાહેદ તથા તેના મિત્ર અને તે સ્ત્રી

સાથે ભોગબનનારને શોધવા માટે લાગેલા અને તેઓના ઘર પાસે ચોકી આવેલ હોય ત્યાં ફરીયાદ કરેલી. જેથી પોલીસે આવીને રાજ કિરાણા સ્ટોર્સના સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં એક માણસે બ્લેક કલરની ટોપી પહેરેલ હતી અને તે નાની બાળકીને હાથ પકડીને લઈ જતો હતો. બીજા દિવસે આ સાહેદના મિત્રએ આ સાહેદને જણાવેલ કે ગઈ કાલે ગુમ થયેલી બાળક નજીકની સોસાયટીમાંથી મળી આવેલ છે અને તેની સાથે અંકિત નામના વ્યકિતએ દુષ્કર્મ કરેલ છે. આ સાહેદ આંક–૪૬ વાળી પેનડ્રાઈવમાં એક નંબરના કેમેરાથી દેખાયેલ વ્યકિતને જોયેલ હોવાનું જણાવે છે તેમજ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે અને આંક–૭૫ વાળા પોતાના ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા મહત્વની એવી હકીકતોનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, બનાવની રાત્રીએ ભોગબનનારના મમ્મી તેઓ પાસે આવેલ અને મોબાઈલમાં ફોટો બતાવ્યો ત્યારે તેઓ પ્રથમ વખત તેઓને મળ્યા અને તે જ દિવસે ભોગબનનારનો ફોટો તેઓએ પ્રથમ વખત જોયેલ. તેમજ તે સમયે શેરીમાં ઘણા બધા બાળકો રમતા હોય છે. બાળકીની માતા અને આ સાહેદ ફરીયાદ લખાવવા પો.સ્ટે. ગયેલ ત્યારે તેઓ બહાર ઉભેલા હતા. **આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે , પોલીસ ફોટો લઈને દરેક ઘરમાં બાળકીની પુછપરછ કરતી હતી અને આ સાહેદને પણ પુછપરછ કરેલી. ત્યારબાદ બાજુમાં પુછપરછ કરવા લાગેલી તે સમયે પોલીસ સાથે ગુમ થનાર બાળકીના માતા પિતા પણ તપાસમાં જતા હતા અને પોલીસે જે જે જગ્યાએ સીસીટીવી ફુટેજ હતા તે દુકાનોમાં જઈ તપાસ કરેલી અને તેઓની સોસાયટીની બહાર પણ સીસીટીવી ફુટેજ હતા તે દુકાનોમાં પણ તપાસ કરેલી અને જે દુકાનમાં સીસીટીવી કેમેરા હતા તેમાં અંદર જઈને તપાસ કરેલી**. આથી વિશેષ કોઈ મહત્વની હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

૧૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૬ આંક–૭૬થી સાહેદ નં.૧૫ સાથે હાજર મિત્રને તપાસેલ છે. તેઓ પણ સાહેદ નં.૧૫ નાઓએ જણાવેલ હકીકત

મુજબ પોતાની સરતપાસમાં હકીકત જણાવે છે અને વિશેષમાં એવુ જણાવે છે કે, આ છોકરીની માતાએ ફરીયાદ કર્યા પછી પોલીસ આવીને રાજ કિરાણા સ્ટોર્સના સીસીટીવી કેમેરા ચેક કરેલા જેમાં એક માણસે બ્લેક કલરની ટોપી પહેરેલ હતી અને તે નાની બાળકીને હાથ પકડીને લઈ જતો હતો તેવુ દેખાતુ હતુ. ત્યારબાદ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં અખંડાનંદ કોલેજની પાસે આવેલ સોસાયટી પાસે નગ્ન અવસ્થામાં આ બાળકી મળી આવેલી અને તેણીને ગુપ્ત ભાગે લોહી નીકળતુ હોય જેથી સારવાર માટે સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ જયાં ડોકટરશ્રીએ બાળકી સાથે દુષ્કર્મ થયેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ બીજા દિવસે તેઓને જાણવા મળેલુ કે, પોલીસે આરોપીને પકડી લીધેલ છે અને આરોપીની પુછપરછ કરતા હતા તે માણસ રાત્રીમાં સીસીટીવીમાં દેખાયેલ માણસ હતો જેનું નામ અંકિત હતુ આ સાહેદ પણ આંક-૪૬ વાળી પેનડ્રાઇવમાં દેખાતા ઈસમ તરીકે આરોપીને ઓળખી બતાવે છે. તેમજ આંક-૭૭ વાળા પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં પોતાની સહી તથા આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે અને મુ.મા.આ.નં.૭ વાળી ટોપી આરોપીએ બનાવ સમયે પહેરેલ હતી તેવુ જણાવે છે.

બચાવપક્ષે આ સાહેદની પણ ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, તેઓની પાસે મોબાઇલમાં ફોટો બતાવવા આવ્યા ત્યારે તેઓ તેમને પ્રથમ વખત મળેલા અને બાળકીનો ફોટો પ્રથમ વખત તેઓએ જોયેલ. બાળકની માતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા ત્યારે તેઓ બહાર હતા અને પોતે ઘરે આવતા રહેલા. **પોલીસ બાળકીની પુછપરછ દરેક ઘરમાં જઇને ફોટો બતાવીને કરતી હતી. સાથે તેણીના માતા પિતા પણ હતા અને જે જગ્યાએ સીસીટીવી કુટેજ હતા તે જગ્યાએ જઇ તપાસ કરતી હતી અને તે સીસીટીવી કુટેજ ચેક પણ કરતી હતી. આ સાહેદે સીસીટીવી કુટેજ જોયેલા જેમાં આરોપીને ભોગબનનાર બાળકીને લઇ જતા જોયેલો**. તેઓ અને ફરીયાદી બન્ને ઓડીસ્સાવાસી છે. આથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ બન્ને સાહેદોનો પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે તેઓ બન્ને સાથે હતા તેવી હકીકત ફલિત થાય છે. તેમજ બનાવ સમયે ભોગબનનારની માતા ફરીયાદી ભોગબનનારને શોધતા શોધતા આ સાહેદ પાસે તે અંગેની પુછપરછ કરતા ભોગબનનારને એક કાળી ટોપી પહેરેલ ઈસમ લઈને ગયેલો તેવુ તેઓએ જણાવેલુ. ત્યારબાદ નજીકમાં આવેલ રાજ કિરાણાની દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં પણ તે વ્યકિતને તેઓએ જોયેલો અને તે વ્યકિત તરીકે આરોપીને તેઓ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. જેથી બનાવ દરમ્યાન ભોગબનનાર તેઓના માતા-પિતાના કબજામાં ન હતી તેવી હકીકત આ સાહેદોના પુરાવાથી પણ સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ, આ બન્ને સાહેદો સ્વતંત્ર સાહેદો છે. તેઓને ફરીયાદપક્ષના કેસ કે આરોપી સાથે કોઈપણ પ્રકારનો દ્વેષભાવ કે દુશ્મનાવટ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેમજ, તેઓએ બનાવના દિવસે જે ઘટના જોયેલી તે ઘટના અંગે પોતાના પુરાવામાં જણાવે છે. જેમાં શંકા પ્રેરિત કરે તેવી મહત્વની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.**

૧૭. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ આંક-૭૮થી તપાસેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ ફરીયાદીના ઘરની ઉપર રહે છે અને એવુ જણાવે છે કે, તેઓના ઘરની નીચે બનાવ સમયે ભોગબનનાર દિકરી તથા અન્ય છોકરાઓ રમતા હતા. ત્યારબાદ આ સાહેદની દિકરી તથા અન્ય છોકરાઓ પોત પોતાના ઘરે જતા રહેલા પરંતુ ભોગબનનાર નીચે શોધખોળ કરવા છતાં મળી આવેલ નહીં. જેથી આ કામના ફરીયાદી અને તેના પતિ આ સાહેદના રૂમ પર ગયેલા અને ભોગબનનાર મળી આવતા નથી તેવુ જણાવેલુ અને ત્યારબાદ રાત્રીના ૮-૩૦ વાગ્યા સુધી તેણી મળેલ નહીં જેથી પો.સ્ટે.માં જાણ કરેલી અને તેઓની ગલીમાં પોલીસ આવેલી અને ત્યારબાદ ગલીમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા એક વ્યકિત ગુલાબી કલરનો ટી-શર્ટ તથા કાળા કલરનો પેન્ટ અને કાળા કલરની ટોપી પહેરેલ હતી તે ભોગબનનારને લઈ જતો કેમેરામાં દેખાયેલ અને ત્યારબાદ મોડી રાત્રે આ સાહેદને જાણવા મળેલ કે ભોગબનનારની અખંડઆનંદ કોલેજની સામે થોડે દુર

નગ્ન હાલતમાં મળી આવેલ છે અને તેણીને ગળાના ભાગે ઈજા થયેલ છે અને ગુપ્તભાગેથી લોહી નીકળતુ હતુ. જેથી તેણીને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરેલ છે. જયાં ડોકટરશ્રીએ તેણીની સાથે દુષ્કર્મ થયેલ હોવાનું જણાવેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરેલ છે જેમાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેઓએ બનાવ નજરે જોયેલ નથી. પોલીસે સીસીટીવી ફુટેજ જોયેલા અને તે આધારે તપાસ કરેલી. આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ નજરે જોયેલ નથી પરંતુ બનાવના જાણ તેઓને થયેલ તેવુ ફલિત થાય છે.

૧૮. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૮ આંક–૭૯થી સાહેદને તપાસેલ છે. જેઓ ક્રિષ્ના ઈલેકટ્રોનિક નામની દુકાનમાં કરિયાણાનો વેપાર કરે છે. તેઓ એવુ જણાવે છે કે, બનાવની રાત્રીએ ૮–૩૦ આસપાસ ગુલાબી કલરની ટી–શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરીને એક ઇસમ પોતાની સાથે ગુલાબી રંગના કપડા પહેરેલ બાળકીને લઈને આવેલો અને તેમની દુકાનેથી ચાર ચોકલેટ ખરીદ કરેલી. જે ત્યારે બાળકીને આપેલ ત્યારબાદ બાળકીને પોતાની સાથે લઈ ગયેલો. ત્યારબાદ તેઓને જાણવા મળેલ કે તે બાળકી સાથે દુષ્કર્મ થયેલ છે. આ સાહેદ આરોપીને બનાવના દિવસે પોતાને ત્યાં ચોકલેટ લેનાર વ્યકિત તરીકે ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસમાં મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તેઓએ દુકાને આવનાર દરેક ગ્રાહકના ચહેરાથી તેઓ ઓળખી શકે નહીં. પરંતુ તેઓ સાથે એવુ પણ જણાવે છે કે, આરોપી બાળકી સાથે આવેલ હોય અને શંકાસ્પદ હોય જેથી ઓળખે છે.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ સાહેદના પુરાવા પ્રમાણે આરોપી તેઓને ત્યાં બનાવની રાત્રીએ ભોગબનનારને લઈને ચોકલેટ લેવા માટે આવેલ.** તે સિવાય વિશેષ કોઈ હકીકત ફલિત થતી નથી.

**બનાવવાળી જગ્યા અંગેનો પુરાવોઃ–**

૧૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૩ આંક–૯૪થી એફ.એસ.એલ. અધિકારી નેહલકુમાર સન્મુખભાઇ ગામીત નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, આંક–૯૫ વાળી યાદીના આધારે તેઓને ગુનાવાળી જગ્યા પર સ્થળ પરિક્ષણ અર્થે આવવા જણાવતા તેઓ સ્થળ પર ગયેલા. જયાં જગ્યા ખુલ્લી હતી તથા આશરે એક ફુટ ઉંચાઇવાળા લીલા સુકા ઘાંસ જોવા મળેલ અને આ જગ્યાએ આશરે અડધા ફુટના ઘેરાવામાં ઘાસ દબાયેલ સ્થિતીમાં જોવા મળેલ તેમજ તેના પર રતાશ પડતા ડાઘા જોવા મળેલ અને સદર ડાઘા અંગેના રૂધિર અંગેનું પ્રાથમિક પરિક્ષણ કરતા પરિણામ સકારાત્મક જોવા મળેલ. જેથી સદર રૂધિરની હાજરી મળી તે ઘાંસ માટી તેમજ થોડે દુર કંટ્રોલ ઘાસ માટી લેવા સુચના આપેલી. **તેમજ સદર સ્થળે આશરે ત્રણ ફુટની મેલા જેવા ડાઘાવાળી અસ્તવ્યસ્ત હાલતમાં એક ગુલાબી રંગની લેંગી તથા ગુલાબી રંગનું ટોપ જોવા મળેલ જેને પણ તપાસના કામે કબજે લેવા સુચન કરેલ તથા ભોગબનનારના બનાવ સમયના પહેરેલ કપડાઓ અને બ્લડ તેમજ આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા અને મેડીકલ નમુનાઓ પરિક્ષણ અર્થે મોકલવા સુચન કરેલ તેમજ આજુબાજુમાં સીસીટીવી કેમેરા ચકાસવા સુચન કરેલ અને આંક–૯૬થી પોતાનો રીપોર્ટ આપેલ**. આ સિવાય મહત્વની કોઇ હકીકત તેઓના પુરાવા પરથી ફલિત થતી નથી.

૨૦. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૨ આંક–૯૧થી નાયબ મામલતદાર સાહેદ જલ્પાબેન રમણભાઇ ઉપાધ્યાય નાઓને તપાસેલ છે. તેઓએ આંક–૯૨ વાળી યાદીના આધારે સ્થળ પર જઇ આંક–૯૩ વાળા રીપોર્ટ સાથે મોકલેલ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલ છે જેમાં તારીખ દર્શાવેલ નથી. આ સિવાય અન્ય કોઇ મહત્વની હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

**પંચ સાહેદોનો પુરાવોઃ–**

૨૧. ફરીયાદપક્ષે સાહેદ નં.૫ આંક–૧૭થી પંચ સાહેદ દશરથભાઇ સુરજીભાઇ ફણેજા નાઓને તપાસેલ છે. તેઓ આંક–૧૮ વાળા

ગુનાવાળી જગ્યાના પંચનામાં, આંક–૧૯ વાળા આરોપીની શરીરસ્થિતીના પંચનામાં, આંક–૨૦ વાળા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાં, આંક–૨૧ વાળા આરોપીએ સીસીટીવી કેમેરા અંગે આપેલ ગેટ એનાલીસીસનું પંચનામું તથા આંક–૨૨થી ૩૫, ૩૭ અને ૩૯ વાળી પંચસ્લીપ તથા આંક–૩૬ અને આંક–૩૮ વાળી પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે.

આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે તેઓને આ ગુનાના કામે પંચ તરીકે રહેવા માટે સુચના મળતા તેઓ તથા સહ પંચ પો.સ્ટે. ગયેલા જયાં પી.આઇ. વાગડીયા તથા અન્ય પોલીસની હાજરીમાં ભોગબનનારના પિતા હતા અને તેઓએ ગુનાવાળી જગ્યા બતાવતા તે ગુનાવાળી જગ્યા નાની બહુચરાજી, વેડ રોડ, મોતી ડાઇનીંગ કમ્પાઉન્ડ ખાતા નં.પ, સીરીયલ નં.૨૪/એ ના પાછળના ભાગે આવેલ ખુલ્લી જગ્યા હતી **જયાં એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ખુલ્લી જગ્યાએથી લોહી વાળુ ઘાંસ અને રતાશ પડતી માટી પંચનામાંની વિગતે સીલ કરી કબજે કરેલ. તેમજ તે જગ્યાએથી ગુલાબી કલરની લેગીઝ અને એક ગુલાબી કલરની કુર્તી અને એક કેસરી કલરનું અને વાદળી કલરનું ચપ્પલ મળી આવેલ જે પંચનામાંની વિગતે કબજે કરેલ**. ત્યારબાદ તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ આરોપી તેણે એક કાળા કલરની ટોપી પહેરેલ હોય અને બ્રાઉન કલરના સેન્ડલ હતા તે પંચનામાંની રૂએ સીલ કરી કબજે કરેલ. તેમજ તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ આરોપી કોઇ જગ્યા અને કપડા બતાવવા માંગતો હોય પંચો તથા કોઇ સાક્ષીની હાજરીમાં આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલી હોય અને ત્યારબાદ ખાતા નં.૨૯પ ગલી નં.૨ પંડોળ ઇન્ડસ્ટ્રીઝના ખાતામાં કામ કરતો હતો ત્યાં દોરી પર લટકાવેલ તેના કપડા પોલીસ રૂબરૂ રજુ કરતા પંચનામાંની વિગતે સીલ કરી કબજે કરેલ. ત્યારબાદ તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ આરોપીને એફ.એસ.એલ.ની અધિકારીમાં ગેટ એનાલીસીસમાં આરોપીને ૧૩ કિ.ગ્રામની રમકડાની ડોલ હાથમાં આપવામાં આવેલ અને તેને ચલાવવામાં આવેલ જે બે પેનડ્રાઇવમાં ફુટેજ મેળવી તપાસના કામે

સીલ કરી કબજે કરેલ. જે પંચનામાંમાં તેઓ પોતાની તથા સહ પંચની સહી ઓળખી બતાવે છે. તેમજ મુ.મા.આ.નં. ૧ થી ૧૪ તથા ૧૯ અને ૨૦ ઓળખી બતાવે છે અને તેમાંથી રજુ થયેલ પંચ સ્લીપમાં પણ પોતાની અને સહ પંચની સહી ઓળખી બતાવે છે. તેમજ આરોપીને પણ ઓળખી શકે તેવુ જણાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, આંક–૩૬ વાળી પેનડ્રાઇવમાં કુટેજ રાતના સમયના છે. આ સાહેદ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, આંક–૩૬ અને આંક–૩૮ વાળી પેનડ્રાઇવના કુટેજમાં આરોપીનો ચહેરો સ્પષ્ટ દેખાતો નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક–૩૮ વાળા પેનડ્રાઇવના કુટેજ જે જગ્યાના છે તે નાનકડી અને સાંકળી ગલી છે જયાં ઘણા બધા લોકોની અવર જવર છે અને તેની બન્ને સાઇડ દુકાનો આવેલ છે. આ સિવાય આ સાહેદોના પુરાવામાં શંકા ઉપજે તેવી અન્ય કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૨૨. ફરીયાદપક્ષે સાહેદ નં.૬ આંક–૪૧થી પંચ સાહેદ શિવમ મુન્નાભાઇ જોષી નાઓને તપાસેલ છે. તેઓ આંક–૪૨ વાળા રાજ કિરાણા સ્ટોરમાં લગાવેલ સીસીટીવી કુટેજ પેનડ્રાઇવમાં કબજે કર્યાના પંચનામાં તથા આંક–૪૩ વાળા જય અંબે કિરાણા સ્ટોરમાં લગાવેલ સીસીટીવી કુટેજ પેનડ્રાઇવમાં કબજે કર્યાના પંચનામાં તથા આંક–૪૫ અને આંક–૪૭ વાળી પંચ સ્લીપ અને આંક–૪૪ અને આંક–૪૬ વાળી પેનડ્રાઇવ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે.

આ પંચ સાહેદનો નામ. કોર્ટ સમક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ તેઓ રાજ કિરાણા સ્ટોર પાસે સાંજે સાત વાગે પોલીસ સાથે ગયેલા ત્યાં **સાહેદ નં.૯ ની હાજરીમાં ટેકનીશીયન અબ્દુલ ગની નાઓએ પંચની હાજરીમાં રાજ કિરાણા સ્ટોરમાં લગાવેલ અલગ અલગ કેમેરાની કુટેજો ચેક કરતા તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ ક.૨૦–૧૮–૪૮ વાગે એક પીળા કલરની ટી–શર્ટ તથા કાળા કલરની પેન્ટ તથા માથે કાળા**

**કલરની ટોપી અને પગમાં સેન્ડલ પહેરેલ ૨૫–૩૦ વર્ષનો માણસ ગલીમાં જતો દેખાતો હતો. તેમજ, સાંજે ૮ વાગે જય અંબે કિરાણા સ્ટોર નામની દુકાનમાં લગાવેલ સીસીટીવી કુટેજ ચેક કરતા સાહેદ નં.૧૦ની હાજરીમાં તેઓના કેમેરા નં.૪ ની કુટેજ ચેક કરતા ક.૦૬–૪૭–૫૫ વાગે તે જ ઈસમ એક બાળકીનું હાથ પકડીને લઈ જતો દેખાતો હતો** જે બન્ને આહુજા કંપનીના ડીવીઆર વાળી સેન્ડીસ્ક કંપનીની ૧૬ જી.બી.ની ૨ પેનડ્રાઇવમાં અલગ અલગ કુટેજો પંચનામાંની વિગતે મેળવી કબજે કરેલ. આ સાહેદ મુ.મા.આ.નં. ૧૫ અને ૧૬ વાળી અનુક્રમે આંક–૪૪ અને આંક–૪૬ વાળી પેનડ્રાઇવમાં ઉપરોકત વ્યકિતના કેદ થયેલ દ્રશ્યો અંગે અગાઉ આપેલ પુરાવો રજુ કરેલ છે. તેમજ પંચનામામાં તથા પંચસ્લીપોમાં પોતાની તથા સહ પંચની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, પંચમાં રહેવા માટે તેઓને સંતોષભાઇ બોલાવવા આવેલા અને બન્ને પેનડ્રાઇવમાંના કુટેજ સાંજના સુર્યાસ્ત બાદના હતા. તેમજ રેકોર્ડીંગમાં દેખાયેલ કપડાનો કલર અને સાચે જ પહેરેલ કપડાનો કલર અલગ અલગ હોઇ શકે, રેકોર્ડીંગ પરથી કહેવાતા આરોપીની ઉમર તેઓ કહી શકે નહીં, તેમજ ટેકનીશીયન અબ્દુલભાઇ સરકારી છે કે બિનસરકારી તે તેઓ કહી શકે નહીં. તેમજ જે પેનડ્રાઇવમાં રેકોર્ડીંગ લેવામાં આવેલ તે પેનડ્રાઇવ કોણ લાવેલુ તે તેઓ કહી શકે નહીં. આથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આમ, આ સાહેદની હાજરીમાં બન્ને દુકાનો પરથી સીસીટીવી કુટેજ કર્યાના આ સાહેદના પુરાવામાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ મહત્વની હકીકત કે પુરાવો બચાવપક્ષે આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ નથી.

૨૩. ફરીયાદપક્ષે સાહેદ નં.૭ આંક–૪૯થી પંચ સાહેદ શેરસીંગભાઇ જેસીંગભાઇ રાઠોડ નાઓને તપાસેલ છે તેમને સમગ્ર પુરાવો ધ્યાને લેતા નેહા સિકવેન્સ નામની એમ્બ્રોઇડરી ખાતા પાસે લગાવેલ સીસીટીવી કુટેજ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે.

આ સાહેદ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૨૨.૦૯.૨૦૨૪ ના રોજ તેઓને તથા સહ પંચને પોલીસે બોલાવતા રાત્રે ૧૦ વાગે તેઓ પો.સ્ટે. ગયેલા ત્યાં તેમની હાજરીમાં કાર્યવાહી થયેલી જેની એક પેનડ્રાઇવમાં સીસીટીવી ફુટેજ લીધેલ હતી **જેમાં એક માણસ કે જેણે પીળા કલરની ટી–શર્ટ પહેરેલી અને બ્લેક પેન્ટ અને સેન્ડલ પહેરેલ હતા તે એક નાની છોકરીને લઇને જતો હતો તેવુ દેખાતુ હતુ જે ફુટેજ પેનડ્રાઇવમાં મેળવી કબજે કરી** આ સાહેદ આંક–૫૦ વાળા પંચનામાંમાં પોતાની તથા સહ પંચની સહી તથા મુ.મા.આ.નં.૧૭ વાળી પેનડ્રાઇવ આંક–૫૧ વાળી અને તેમાંથી નીકળેલ આંક–૫૨ વાળી પંચસ્લીપમાં બન્ને પંચોની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ એવુ પણ જણાવે છે કે, પેનડ્રાઇવ તેઓના રૂબરૂ ચલાવવામાં આવેલી જેમાં ફાઇલ નં.૧ અને ફાઇલ નં.૨ હતી. જેમાં ફાઇલ નં.૧ માં કેમેરા નં.૧ માં તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રે ક.૮–૪૧–૨૮ વાગે એક કાળી ટોપી, પીળી ટી–શર્ટ અને પગમાં સેન્ડલ પહેરેલ ઇસમ એક બાળકીને લઇને જતો હતો તથા બીજી ફાઇલમાં તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રે ૧૧–૪૦–૪૦ વાગે તે જ ઇસમ એકલો જતો દેખાતો હતો. જે બન્ને ફાઇલો તેમના હાજરીમાં કબજે કરેલ. બચાવપક્ષે આ સાહેદના પુરાવામાં માત્ર એટલી હકીકત રેકર્ડ પર આવેલ છે કે પેનડ્રાઇવનો વિડીયો તેઓએ પોલીસ સ્ટેશનમાં જોયેલો.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ વિડીયો જોયેલો તે હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે વળી, આ સાહેદ તે વિડીયોમાં દેખાતી વ્યકિત અને બાળક અંગે પણ પોતાના પુરાવામાં જણાવે છે.**

૨૪. ફરીયાદપક્ષે સાહેદ નં.૮ આંક–૫૪થી પંચ સાહેદ યશ વિનુભાઇ તરસીયા નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓ આંક–૫૫ વાળા આરોપીના ફોટા કબજે કરેલા તથા મુ.મા.આ.નં.૧૮ વાળા ફોટોગ્રાફ માંથી નીકળેલ આંક–૫૬ વાળી પંચસ્લીપના પંચ સાહેદ છે. તેઓ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, પોલીસે તેઓની હાજરીમાં આરોપીનો ફોટો તપાસઅર્થે સીલ કરી કબજે કરેલો જે પંચનામું તેઓએ વાંચી, સમજી વિચારીને સહી કરેલી. આથી

વિશેષ કોઈ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી. પરંતુ આ સાહેદની હાજરીમાં ફોટા પાડેલ ન હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે અને તે ફોટામાં તેઓની સહી ન હોય તે હકીકત પણ રેકર્ડ પર આવેલ છે.

**પેનડ્રાઈવના કુટેજ જે દુકાનમાંથી કબજે કરેલ તે અંગેનો પુરાવોઃ–**

૨૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૯ આંક–૫૮થી સાહેદ અજયભાઇ લક્ષ્મણપ્રસાદ ગુપ્તા નાઓને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા એવુ ફલિત થાય છે કે, તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ પોલીસ આ સાહેદની દુકાન પર બનાવ અર્થે આવેલી અને તેમની દુકાનમાં ૧૬ સીસીટીવી કેમેરા લગાવેલા હોય જેને માટે પોલીસ પોતાની સાથે ટેકનીશીયન લઇને આવેલી અને આ સાહેદની દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરાની કુટેજ તથા ડીવીઆર ચેક કરેલો. **તેમાં આશરે ૭ વાગે એક પીળા કલરની ટી–શર્ટ અને કાળા કલરનું પેન્ટ અને કાળા કલરની ટોપી પહેરેલ માણસ પસાર થતો હતો તેમ દેખાતુ હતુ. જેથી ટેકનીશીયને તેમની દુકાનમાં લગાવેલ કેમેરા નં.૯ માં દેખાતો માણસ તથા ભોગબનનારના સીસીટીવી કેમેરાની કુટેજ કોપી કરેલ અને પ્લાસ્ટીકની ડબ્બીમાં સીલ કરેલ, જે આંક–૪૪ વાળી પેનડ્રાઈવમાં દેખાતો વિડીયો તે જ છે**.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, જે ટેકનીશીયને તેઓના ડીવીઆરમાંથી રેકોર્ડીંગ લીધેલુ તે સરકારી હતી તે બિનસરકારી તેની ખરાઇ તેઓએ કરેલ નથી અને રેકોર્ડીંગ માટેની **પેનડ્રાઇવ તેઓ સાથે લઇ આવેલા અને આંક–૪૪ વાળી પેનડ્રાઈવમાં જે વ્યકિત ચાલતો ચાલતો દેખાય છે તેનો ચહેરો સ્પષ્ટ નથી પરંતુ સાહેદ એવુ જણાવે છે કે તેઓ તેને જોયે ઓળખી શકે**. આથી વિશેષ કોઈ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

૨૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ આંક–૬૦થી સાહેદ ધર્મેન્દ્રસિંહ રંજનસિંહ રાજપુતનાઓને તપાસેલ છે. તેઓ જય અંબે કિરાણા સ્ટોર ચલાવે છે. તેઓ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ પોલીસ તેમના માણસો સાથે તેઓની દુકાન પર આવેલ અને આ

સાહેદની દુકાનમાં લગાવેલા ૭ સીસીટીવી કેમેરા તેમના ટેકનીશીયન અબ્દુલભાઈની હાજરીમાં ચેક કરેલા આશરે સાંજના એક પીળા કલરની ટી–શર્ટ તથા કાળા કલરનો પેન્ટ અને ટોપી પહેરેલ માણસ પસાર થતો હતો તેવુ દેખાતુ હતુ અને સાડા ચાર પાંચ વર્ષની છોકરી પણ દેખાતી હતી જે પોલીસ સાથે લાવેલ ટેકનીશીયને તેઓના ડીવીઆરમાંથી ત્રણ સીસીટીવી કેમેરાની કુટેજ કબજે કરેલ અને એક પ્લાસ્ટીકના ડબ્બામાં સીલ કરેલ. આ સાહેદ એવુ પણ જણાવે છે કે ત્યારબાદ ચાર દિવસ બાદ પોલીસ તેમના સીસીટીવી કેમેરામાં જે માણસ દેખાતો હતો તેમને લઈને આવેલી અને જે રીતે તે વ્યકિત કેમેરામાં ચાલતો હતો તે રીતે તેને બે ત્રણ વખત ચલાવેલો અને તે માણસનું નામ અંકિત હોવાનું આ સાહેદે જાણેલુ. આ સાહેદ આંક–૪૪ વાળી પેનડ્રાઈવમાં ક.૨૦–૧૮–૪૮ વાગે આરોપી તથા ભોગબનનાર જતા હોવાનું જણાવે છે તેમજ આંક–૩૬ વાળી પેનડ્રાઈવમાં કેમેરા નં.૧ થી ૩માં આરોપીને બે ત્રણ વખત ચલાવેલ તેનું કુટેજ છે તે ઓળખી બતાવે છે. તેમજ આરોપીને પણ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં પણ આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ટેકનીશીયન સરકારી હતી કે બિનસરકારી તેની કોઈ ખરાઈ આ સાહેદે કરેલ નથી અને પેનડ્રાઈવ ટેકનીશીયન પોતાની સાથે લઈને આવેલા, જે તારીખે અને દિવસે તેમની દુકાનમાંથી સીસીટીવી પેનડ્રાઈવમાં કબજે લેવામાં આવેલ ત્યારે તેઓના ડીવીઆર અને સીસીટીવી કેમેરામાં ચોકકસ વર્ષ, તારીખ અને સમય બતાવતા નથી તેમજ તેઓની દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરાનું ડીવીઆર તેમની દુકાનની પાછળ આવેલુ છે, પોલીસ અને તેના માણસો આ ડીવીઆરમાંથી પેનડ્રાઈવમાં સીસીટીવી કુટેજ લેવાની કાર્યવાહી કરતા હતા ત્યારે તેઓના માણસો ત્યાં હાજર હતા રૂમ ભરાઈ ગયેલ, તેઓ સીસીટીવી કેમેરાના એક્ષ્પર્ટ નથી, તેઓના કેમેરામાં પહેલેથી જ ખોટા તારીખ અને સમય આવે છે. આ સિવાય અન્ય કોઈ મહત્વની હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા પોલીસે પોતાના ટેકનીશીયનની હાજરીમાં આ સાહેદોની દુકાનમાં લગાવેલ સીસીટીવી ફુટેજ કબજે કરેલ તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. જે સીસીટીવી ફુટેજમાં આરોપીના બાહ્ય દેખાવનું વર્ણન આ સાહેદે પોતાના પુરાવામાં કરેલ છે.**

૨૭. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ આંક–૬૨થી તપાસેલ સાહેદ રામચંદ્ર કલ્લુ દુરજા નિશાદ નાઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ પોલીસ આ બનાવ બાબતે તેમના ખાતામાં આવેલ અને તેમના ખાતામાં કેમેરા નં.૧ અને ૨ માંથી પોલીસે તેમના ટેકનીશીયન અબ્દુલભાઈ દ્વારા આ સાહેદના ખાતામાં લગાવેલ સીસીટીવી ફુટેજ અને ડીવીઆર ચેક કરેલા **જેમાં આશરે સાંજના એક પીળા કલરની ટી–શર્ટ અને કાળા કલરનું પેન્ટ અને ટોપી પહેરેલ માણસ પસાર થતો હતો અને સાડા ચાર પાંચ વર્ષની દિકરી પણ દેખાતી હતી** જે આ સાહેદના ડીવીઆરમાંથી સીસીટીવી ફુટેજ પેનડ્રાઈવમાં તપાસઅર્થે કબજે કરી સીલ કરેલા અને તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ તેમના ખાતા પાસે પોલીસ આરોપીને લઈને આવેલી અને **કેમેરા નં.૧ અને ૩ ની સામે હાથમાં રમકડાની ડોલ આપીને ઉંચકીને ચલાવેલ જે સીસીટીવી ફુટેજ પણ પોલીસના અબ્દુલભાઈની પેનડ્રાઈવમાં કબજે લીધેલા**. આ સાહેદ આંક–૫૧ વાળી પેનડ્રાઈવમાં કબજે કરેલ ૪ વિડીયો ફાઈલ પૈકી પ્રથમ બે વિડીયો ફાઈલની કોપી અન્ય બીજી બે ફાઈલ હોવાનું જણાવે છે. **તેમજ ફાઈલ નં.૧ માં ચાલુ કરતા પ્રથમ કેમેરામાં તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રે ૮–૪૧–૨૮ વાગે એક કાળા કલરની ટોપી, પીળી ટી–શર્ટ અને પગમાં સેન્ડલ પહેરેલ ઈસમ બાળકીને લઈને જતો હતો તેવુ દેખાય છે. તથા બીજી ફાઈલમાં તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાત્રે ક.૧૧–૪૦–૪૦ વાગે તે જ ઈસમ જતો દેખાય છે**. જે આ સાહેદ ઓળખી બતાવે છે. તેમજ આંક–૩૮ વાળી સ્ટીલ બોડીની પેનડ્રાઈવમાં આરોપીનું કરેલ ગેટ એનાલીસીસમાં પણ આરોપીને ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં

આવેલ છે જેમાં આ સાહેદ મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, જે ટેકનીશીયને તેઓના ડીવીઆરમાંથી રેકોર્ડીંગ લીધેલુ તે સરકારી હતા કે બિનસરકારી તેની ખરાઇ કરેલ નથી અને પેનડ્રાઇવ તેઓ જ સાથે લાવેલા હતા. ફુટેજ સાંજના સમયનું હતુ. તેમના ખાતામાં સીસીટીવીનું ડીવીઆર અંદર ઓફિસમાં લગાવેલ છે. તેઓએ પોલીસને ડીવીઆર બતાવેલુ ત્યારબાદ પોલીસ જાતે રેકોર્ડીંગ પેનડ્રાઇવમાં લઇ લીધેલુ. તેઓ સીસીટીવી રીપેરીંગના એક્ષ્પર્ટ નથી તેમના પણ કેમેરા પહેલાથી જ ખોટી તારીખ અને સમયવાળા હતા. આથી વિશેષ કોઇ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

૨૮. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ આંક–૬૩થી સાહેદ અબ્દુલ ગની મોહમદ હનીફ ડોકટરનાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, આ સાહેદ કોમ્પયુટર રીપેરીંગ અને સીસીટીવી કેમેરાનું કામ છેલ્લા ૧૫ વર્ષથી કરે છે. તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ પોલીસે તેમને બોલાવેલ અને આ બનાવ સબંધી જે તે જગ્યાએ જઇ ડીવીઆર માંથી ફુટેજ પેનડ્રાઇવમાં લેવા માટે જણાવેલુ જેથી આ સાહેદે હા પાડેલી. જેથી આ સાહેદ તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રાજ કિરાણા સ્ટોરના કેમેરા નં.૯ માં સાંજના ૭–૮ વાગ્યાનું બેકઅપ પેનડ્રાઇવમાં લીધેલુ, તેમજ જય અંબે કિરાણા સ્ટોરમાં ગયેલા જયાં કેમેરા નં.૪ નું બેકઅપ લીધેલુ જેમાં સમયમાં ફરક હતો અને સમય માર્ચ ૨૦૦૦ નો બતાવતો હતો પરંતુ એકચુઅલ ફુટેજ બે દિવસ પહેલાના સાંજના ૬–૫૦ નું હતુ જે પેનડ્રાઇવમાં લીધેલુ. ત્યારબાદ તેઓ નેહા સિકવેન્સ નામના કારખાને ગયેલા ત્યાંથી પણ ૧ અને ૨ નંબરના રોડ પર લગાવેલા કેમેરાને તા.૨૦.૦૨.૨૦૨૪ ના ૮ થી ૯ અને ૧૧ થી ૧૨ વાગ્યાનું બેકઅપ પેનડ્રાઇવમાં લીધેલુ.

ત્યારબાદ તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ આ સાહેદે ફરી પાછા આરોપીને ઉપરોકત ત્રણેય જગ્યા પર જઇ ગેટ એનાલીસીસ માટે આરોપીને તે રીતે ચલાવી ગેટ એનાલીસીસ માટે સીસીટીવી ફુટેજ ડીવીઆર માંથી બેકઅપ લીધેલુ. આ સાહેદ વધુમાં એવુ જણાવે છે કે,

તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ તેઓ લોકો જે જે જગ્યા પર ગયેલા તે **આરોપી અંકિત રાજ કિરાણા સ્ટોર્સના સીસીટીવી કેમેરામાં એકલો ચાલતો ચાલતો જતો હતો. ત્યારબાદ જય અંબે કિરાણા સ્ટોર્સ માં પહેલા આરોપી એકલો જતો દેખાતો હતો અને બે મિનીટ બાદ એક નાની બાળકીનો હાથ પકડીને ચાલતો હતો. ત્યારપછી નેહા સિકવેન્સમાં લગાવેલ કેમેરામાં આરોપી બાળકીને ઉંચકીને ચાલતો જતો દેખાતો હતો અને તે જ આરોપીને તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ ગેટ એનાલીસીસ ટેસ્ટ કરવામાં આવેલા** અને તેઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું સર્ટીફીકેટ આપેલુ. આ સાહેદ આંક-૪૨, ૪૩ અને ૫૦ વાળા પંચનામામાં પેનડ્રાઇવ રજુ કરનાર તરીકે પોતાની સહી છે તેવુ ઓળખી બતાવે છે. તેમજ આંક-૬૪થી આંક-૬૮ વાળા તેઓએ રાજ કિરાણા સ્ટોર્સ, જય અંબે કિરાણા સ્ટોર્સ, સિકવેન્સ એમ્બ્રોઇડરી તથા ગેટ એનાલીસીસ માટે સીસીટીવી કુટેજ કબજે કરતા સમયે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) ના સર્ટીફીકેટમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ આંક-૪૪, ૪૬, ૫૧, ૩૬ અને ૩૮ વાળી પેનડ્રાઇવમાં સીસીટીવી કુટેજ તેઓએ કબજે કરેલા તે કુટેજ અંગે પુરાવો રજુ કરેલ છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તેઓને સરકારી પેનડ્રાઇવ કે ઇલેકટ્રોનિક વસ્તુઓ કબજે કરવા માટે પોલીસ ખાતા કે અન્ય ખાતા દ્વારા અધિકૃત કરવામાં આવેલ નથી. તેઓએ જે ત્રણ સ્થળોથી પેનડ્રાઇવમાં રેકોર્ડીંગ લીધેલુ તે તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ લીધેલુ અને બનાવ તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ બનેલ છે તેવુ તેમની જાણમાં છે અને તા.૨૦ થી ૨૨ સુધી તેઓએ ત્રણેય સ્થળોએ ડીવીઆરની અંગત દેખરેખ રાખેલ હોય તેવુ બનેલ નથી. આ ત્રણેય ડીવીઆરમાં રેકોર્ડીંગ લેવા તેઓ પ્રથમ વખત તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ ગયેલા જેથી તેમાં રેકોર્ડીંગ કોણે અને કેવી રીતે કરેલુ તેની તેઓને કોઇ જાત માહિતી નથી. તેઓએ લીધેલા ત્રણેય રેકોર્ડીંગ સાંજ પછીના સમયના હતા પરંતુ સ્ટ્રીટ લાઇટનું અંજવાળુ હતુ. તેઓએ ફકત

૨૦.૦૨.૨૦૨૪ ના રોજના સાંજના સમયના રેકોર્ડીંગ જ પેનડ્રાઇવમાં લીધેલા તે સમયની આગળ અને પાછળ સમયના કોઇ રેકોર્ડીંગ તેઓએ પેનડ્રાઇવમાં બેકઅપ લીધેલ નથી. તેમજ તા.૨૦ થી ૨૨ પહેલા ડીવીઆરમાં છેડછાડ થયેલ હોય તો તેઓ કહી શકે નહીં અને આરોપીના ગેટએનાલીસીસનું રેકોર્ડીંગ કર્યુ તે પહેલા આરોપીને ૪ થી ૫ વખત ચલાવવામાં આવેલુ ત્યારબાદ પાંચમી કે છઠ્ઠી વખત રેકોર્ડીંગ પેનડ્રાઇવમાં લીધેલુ. તેઓએ કરેલ કામગીરી અંગેનું તેઓએ કોઇ બિલ આપેલ નથી કે તેઓને કોઇ રકમ ચુકવવામાં આવેલ નથી. તેઓ એવુ પણ જણાવે છે કે તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ સાંજે તેઓએ જય અંબે કિરાણા સ્ટોર ખાતે લીધેલ રેકોર્ડીંગમાં તા.૦૨.૦૩.૨૦૦૦ ના રોજનું બતાવતુ હતુ. આ સાહેદ એવુ પણ જણાવે છે કે, તે ડીવીઆરનું BiOS CELL ખરાબ હતુ જેના કારણે ડીવીઆર આટોમેટીક ફેકટરી ડેટ અને ટાઇમમાં ચાલી ગયેલુ. પોલીસે જે પેનડ્રાઇવ મંગાવેલી તે નવી હતી.

**આમ, આ સાહેદનો નામ. કોર્ટ સમક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો એવી હકીકત ફલિત થાય છે કે, તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ તેઓએ પોલીસ સાથે જઇ રાજ કિરાણા, જય અંબે કરીયાણા તથા નેહા સિકવેન્સના ખાતામાં જઇ ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરામાં બનાવના દિવસે આરોપીની કેદ થયેલ ગતિવિધીઓ અંગેના સીસીટીવી કુટેજ તેમજ આરોપી ભોગબનનારને લઇને જતો હતો તે સીસીટીવી કુટેજ અંગેનું બેકઅપ પેનડ્રાઇવમાં લઇને આપેલુ જે પેનડ્રાઇવ આ કામે આંક–૪૨, ૪૩, અને ૫૦થી રજુ છે. ત્યારબાદ આ સાહેદે તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ ફરી પાછા તે ત્રણેય સ્થળોએ જઇ આરોપીના ગેટ એનાલીસીસની કામગીરી માટે ફરી પાછા ડીવીઆરમાંથી સીસીટીવી કુટેજ મેળવી કબજે કરેલ અને આ પેનડ્રાઇવ પોલીસ લાવેલી જે નવી હતી તેમજ તેઓએ પોતાની કામગીરી કરેલ છે અને તેમાં શંકા ઉપજે તેવી કોઇ હકીકત બચાવપક્ષ તેઓના પુરાવામાં રેકર્ડ પર લાવી શકેલ નથી. વળી, જય અંબે કિરાણામાં સીસીટીવી કુટેજ તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ મેળવવામાં આવેલુ પરંતુ તેમાં રહેલી યાંત્રિક ખામીના કારણે તે તા.૦૨.૦૩.૨૦૦૦ ના રોજનું હોવાનું**

**બતાવતા હતા. આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે જો ખરેખર આ ફુટેજમાં દર્શાવવામાં આવેલ તારીખ સાચી હોય તો તે દિવસે ભોગબનનારનું કુદરતી રીતે અસ્તિત્વ હોઇ શકે નહીં. કેમ કે તેનો જન્મ સને ૨૦૧૯ માં થયેલો છે. વળી, બચાવપક્ષે પણ એવી હકીકત આ સાહેદની ઉલટતપાસમાં લાવેલ છે કે, તેઓએ રેકોર્ડીંગ તા. ૨૦.૦૨. ૨૦૨૪ ના રોજના જ કબજે કરેલા. તેવા સંજોગોમાં પણ માત્ર યાંત્રિક સાધનોમાં ઉત્પન્ન થયેલી યાંત્રિક ક્ષતિના કારણે આરોપીને તેનો લાભ આપવો યોગ્ય જણાતો નથી**.

**આરોપીના ફોટા અંગેનો પુરાવોઃ–**

૨૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ આંક–૬૯થી સાહેદ જયેશભાઇ ગોપાલભાઇ પટેલનાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર આંક–૭૦ વાળા ત્રણ ફોટોગ્રાફસ આરોપીના તા.૨૬.૦૨.૨૦૨૪ ના રોજ પાડેલા જે તેઓએ પોલીસમાં રજુ કરેલા જે મુદ્દામાલ આર્ટીકલ નં.૧૮થી રજુ થયેલ છે. આ સિવાય તેઓએ અન્ય કોઇ કામગીરી કરેલ નથી. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર લાવેલ હકીકત ધ્યાને લેતા આ સાહેદે ફોટા પાડેલ ન હોય કે આંક–૭૦ વાળા ફોટા આરોપીના ન હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આરોપીની ઓળખ અંગેનો પુરાવોઃ–**

૩૦. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૧ આંક–૮૭થી સાહેદ આશિષકુમાર રાજેન્દ્રભાઈ નાયક નાઓને તપાસેલા છે. તેઓએ આંક–૮૯ વાળી યાદીના આધારે આંક–૮૮ વાળો ભોગબનનારના હાજરીમાં આરોપીની ઓળખ અંગેનું પંચનામું કરેલ અને તે પુર્વે આંક–૯૦ વાળી યાદીથી ઓળખ પરેડ માટે સમય ફાળવી આપેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, ઓળખ પરેડની યાદી સાથે એફ.આઈ.આર.ની કોપી તથા અન્ય કાગળો હતા, આરોપીને પોલીસવાળા બુરખો પહેરાવીને તેઓની ઓફિસમાં લાવેલા, જયારે આરોપી તેઓ પાસે લાવેલ ત્યારે તેઓએ તેને પ્રથમ વખત જોયેલો,

બહુમાળી ભવનથી તેઓના બીજા માળે કચેરીમાં લાવેલ તે દરમ્યાન આરોપીએ બુરખો પહેરેલ હતો કે કેમ તે તેઓએ નજરે જોયેલ નથી, ભોગબનનાર બાળકીને તેઓ સમક્ષ લાવ્યા તે પુર્વે કઇ કઇ જગ્યાએ લઇગયેલા તે તેઓ કહી શકે નહીં, ભોગબનનાર ઉડીસ્સાના રહેવાસી હતા અને આ સાહેદને ઉડીયા ભાષા આવડતી નથી, તેમજ પંચોને ઉડીયા ભાષા આવડે છે કે કેમ તેની તપાસ તેઓએ કરેલ નથી, આંક–૮૯ વાળી યાદીમાં આરોપીએ કપડા અને કાળી ટોપી પહેરેલી તેનું વર્ણન હતુ, ઓળખ પરેડ દરમ્યાન ડમી વ્યકિતઓને અને આરોપીને કાળી ટોપી પહેરાવી ઉભા રાખ્યા હોય તેવુ બનેલ નથી, ડમી માણસોને તેમની ઓફિસના પટ્ટાવાળા લઇને આવેલા. આથી વિશેષ કોઇ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી.

**સીસીટીવી કુટેજ એનાલીસીસ રીપોર્ટ તથા આરોપીના ફોટા અંગેનો એનાલીસીસ રીપોર્ટઃ–**

૩૧. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૫ આંક–૯૯થી સાહેદ સલીલ જતીનકુમાર જાની નાઓને તપાસેલ છે. તેઓએ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ થી૧૭, ૧૯ અને ૨૦ વાળી અનુક્રમે આંક–૩૬, ૩૮, ૪૪, ૪૬ અને ૫૧ વાળી પેનડ્રાઇવનું પૃથ્થકરણ કરેલ છે. તેઓ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, ઉપરોકત પાંચ પેનડ્રાઇવ તેમને રવાનગી નોંધમાં માર્ક ૩૧થી ૩૫ દ્વારા દર્શાવેલ પેનડ્રાઇવર પૃથ્થકરણ અર્થે મળતા તેઓએ આંક–૧૦૦થી તે અંગેની રીસીપ્ટ આપેલી. ત્યારબાદ તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ તેમને તે એલોટ થતા તા.૨૯.૦૨.૨૦૨૪ ના રોજ તેઓએ પૃથ્થકરણ શરૂ કરેલુ અને તા.૦૪.૦૩.૨૦૨૪ ના રોજ તે પુરૂ થયેલુ. **જેમાં ઉપરોકત મુદ્દામાલ આર્ટીકલ પરિક્ષણ કરતા તે પેનડ્રાઈવમાં રહેલ દરેક સીસીટીવી વિડીયોમાં કોઇ છેડછાડ થયેલ ન હતી. વળી, પેનડ્રાઈવ માર્ક–૩૨ માં રહેલ સી.સી.ટી.વી. કુટેજમાં દેખાતો ઈસમ કે જે બાળકીનો હાથ પકડીને લઈ જતો દેખાય છે તે ઈસમની સરખામણી ગેઈટ એનાલીસીસ માટે કબ્જે લેવામાં આવેલ પેનડ્રાઈવ માર્ક–૩૪ માં રહેલ સી.સી.ટી.વી. કુટેજમાં દેખાતા ઈસમ સાથે સરખામણી, બોડી સ્ટ્રક્ચર અને ગેઈટ એનાલીસીસ માટેનું**

**પરીક્ષણ કરવામાં આવેલ જેમાં બંને ઈસમો એકજ હોય તેવી હાઈ પ્રોબેબીલીટી જણાઈ હતી. તેમજ પેનડ્રાઈવ માર્ક–૩૩ માં રહેલ સી.સી.ટી.વી. ફુટેજમાં દેખાતો ઈસમ કે જે બાળકીને ઉચકીને લઈ જતો દેખાય છે તે ઈસમની સરખામણી ગેઈટ એનાલીસીસ માટે કબ્જે લેવામાં આવેલ પેનડ્રાઈવ માર્ક–૩૫ માં રહેલ સી.સી.ટી.વી. ફુટેજમાં દેખાતા ઈસમ સાથે સરખામણી, બોડી સ્ટ્રક્ચર અને ગેઈટ એનાલીસીસ માટેનું પરીક્ષણ કરવામાં આવેલ જેમાં બંને ઈસમો એકજ હોય તેવી હાઈ પ્રોબેબીલીટી જણાઈ હતી**. જે તેઓએ પોતાના રીપોર્ટમાં જણાવેલ છે.જે આંક–૧૦૧થી રજુ છે. તેમજ પરિક્ષણ દરમ્યાન સીસીટીવી ફુટેજમાં કોઈપણ પ્રકારનો છેડછાડ થયેલ નથી તેવો આંક ૧૦૨ વાળો સર્ટીફીકેટ તેઓએ આપેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, જે રાતના સમયના વીડીયો છે તેમાં એક કાળી કલરના ટોપી વાળા વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિઓ પણ અવર જવર કરતા દેખાય છે, સી.સી.ટી.વી. કેમેરાના વીઝન અને મોડેલમાં ફેર હોય અને રાતનો સમય હોય ત્યારે વ્યક્તિએ પહેરેલ કપડા કરતા સી.સી.ટી.વી. ફુટેજના વીઝનમાં અલગ કલર દેખાઈ શકે છે, ગેટ એનાલીસીસની કાર્યવાહી દરમ્યાન પોલીસ ટીમ સાથે ફોટોગ્રાફી કરનાર વ્યક્તિ સરકારી ફોટોગ્રાફર છે કે ખાનગી એ વાતની ખરાઈ તેઓએ કરેલ નથી. પરંતુ આ સાહેદ એવુ જણાવે છે કે, ગેટ એનાલીસીસના પંચનામા દરમ્યાન જેતે સી.સી.ટી.વી. કેમેરામાં દેખાય તે રીતે ગેટએનાલીસીસ માટે આરોપીને ચલાવવામાં આવતો હતો તેમજ પોલીસ સાથે સંકલન સાધીને કરવાનો હોય છે જે બાબતે ફોટોગ્રાફરની વ્યવસ્થા પોલીસ દ્વારા થતી હોય છે. આ સાહેદ વધુમાં એવુ પણ જણાવે છે કે, અગાઉની કહેવાતા સ્થળોની કુદરતી સી.સી.ટી.વી. ફુટેજો ગેટએનાલીસીસની કાર્યવાહી દરમ્યાન અમોએ જોયેલી અને તે પ્રમાણે આરોપીને ચલાવવા માટે જણાવવા માટે આવેલ છે. ગેટએનાલીસીસ ની કાર્યવાહી દરમ્યાન આરોપીને કુલ કેટલી વખત એક છેડે થી બીજે છેડે કેટલી વખત ચલાવવામાં આવેલ તે

તેઓએ ગણતરી કરેલ નહી પરંતુ સી.સી.ટી.વી. ફુટેજ જોઈને જણાવી શકે, આંક-૩૬, ૩૮, ૪૪, ૪૬ અને ૫૧ વાળી પેનડ્રાઈવનો મુળ ડી.વી.આર. તેઓની પાસે મોકલવામાં આવેલુ, ઘણી વખત પેનડ્રાઈવ કરપ્ટ થવાની શક્યતા હોય છે. આ સિવાય અન્ય કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૩૨. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૭ આંક-૧૧૯થી સાહેદ ભાવિનકુમાર જેરામભાઈ સથવારા નાઓને તપાસેલ છે. તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, તેઓએ આંક-૧૨૦ વાળા પત્ર સાથે આરોપીના ફોટા આંક-૭૦ વાળા ફોટા તેમને પૃથ્થકરણ અર્થે મળેલા જેના આધારે સીસીટીવી કેમેરામાં દેખાતા વ્યકિતની તેઓએ ઓળખ કરી સીસીટીવીમાં દેખાતા વ્યકિત તરીકે આરોપી જ હોવાનું તેઓએ અભિપ્રાય આંક-૧૨૦થી આપેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, તેમને જે સીડી મોકલવામાં આવેલી તેમાં રાતના સમયની રેકર્ડીંગ હતી. વીડીયો કેમેરા થી માણસ વચ્ચેનો અંતર ૨૦ થી ૩૦ ફુટ હોય તે તેઓ ચોક્કસ પણે કહી શકે નહી પરંતુ સાહેદના મંતવ્ય પ્રમાણે દસ થી પંદર ફુટ જેટલુ હોઈ શકે. આથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૨૫ આંક-૯૯ તથા સાહેદ નં.૨૭ આંક-૧૧૯ નો નામ. કોર્ટ સમક્ષનો મૌખિક પુરાવો તથા તેઓના પુરાવા દરમ્યાન રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક અભ્યાસ કરી મુલ્યાંકન કરતા એવી હકીકત ફલિત થાય છે કે, તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૫ થી ૧૭, ૧૯ અને ૨૦ વાળી આંક-૩૬, ૩૮, ૪૪, ૪૬, અને ૫૧ વાળી પેનડ્રાઇવમાં સાહેદોના દુકાન અને ખાતામાં લગાવેલ સીસીટીવી ફુટેજમાં રેકોર્ડ થયેલ સીસીટીવી ફુટેજની વિડીયો તથા ત્યારબાદ આરોપી મળી આવ્યા બાદ તેની સરખામણી માટે તે જ સ્થળ ઉપર આરોપીને તે રીતે ફરી ચલાવી કરવામાં આવેલ ગેટ એનાલીસીસ અને તેની સીસીટીવી ફુટેજ પૃથ્થકરણ અંગે મળતા સાહેદ નં.૨૫ દ્વારા તેના**

**ઉપર પૃથ્થકરણ કરતા કાળી ટોપી પહેરેલ ઇસમ આરોપી જ હોય તેવી હાઇ પ્રોબેબ્લીટી જણાઇ આવેલ હતી. વળી, સાહેદ નં. ૨૭ દ્વારા તેઓને મળેલ આંક–૭૦ વાળા આરોપીની ફોટાની તે સાથે સરખામણી કરતા આંક–૭૦ વાળા ફોટામાં તથા સીસીટીવી ફુટેજમાં ભોગબનનાર બાળા સાથે તેમજ ભોગબનનાર બાળાને હાથ પકડી લઇ જતો ઇસમ તે જ ઇસમ હોવાની સામ્યતાઓ હોવાની હકીકત ઉપરોકત બન્ને સાહેદોએ આપેલ પુરાવા પરથી સ્પષ્ટપણે ફલિત થાય છે.**

**પોલીસ સાહેદોનો પુરાવોઃ–**

૩૩. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ આંક–૭૧થી એ.એસ.આઇ. બકુલેશ વેસ્તાભાઇ ગામીત નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે તા.૨૦.૦૨.૨૦૨૪ ના રોજ તેઓ ચોકબજાર પો.સ્ટે. પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદીએ તેમના રૂબરૂ તેમની ભોગબનનાર દિકરી ગુમ થયા અંગેની ફરીયાદ નોંધાવતા તેઓએ ફરીયાદ નોંધી તેમાં પોતાની તથા ફરીયાદીની સહી કરાવેલી. આ સાહેદ આંક–૭ વાળી ફરીયાદમાં પોતાની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેની નોંધ આંક–૭૨ વાળી સ્ટેશન ડાયરીમાં કરી આગળની તપાસ પી.આઇ. શ્રી વાગડીયા નાઓને ડેપ્યુટ કરેલ. આ સાહેદ એવુ પણ જણાવે છે કે,આંક–૯ વાળી ફરીયાદમાં બનાવની વિગતોમાં ફરીયાદીએ તેમની સગીર વયની ભોગબનનાર દિકરી સાથે એક ૨૫ થી ૩૦ વર્ષના પુરૂષે અપહરણ કરી દુષ્કર્મ આચરેલ હોવાનું તથા આરોપી ભોગબનનારને લઇને જતો હોય તેવુ સીસીટીવી કેમેરામાં દેખાતુ હોવાનું જણાવેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીએ તેમના રૂબરૂ ફરીયાદ દોઢેક વાગ્યે આપેલી પરંતુ સાહેદ એવુ પણ જણાવે છે કે ૧૦૦ નંબર ઉપર ફોન કરેલ અને પોલીસ વાન આવી જતા તપાસ ચાલુ હતી અને ભોગબનનાર દિકરીની સારવાર કરાવ્યા બાદ પોલીસ સ્ટેશને તેઓ પાસે ફરીયાદ કરવા આવેલા. આ સાહેદ એ

હકીકતનો સ્વીકાર કરે છે કે, ગુનાની પ્રથમ માહિતી મળે તેને પ્રથમ માહિતી અહેવાલ કહેવાય. ફરીયાદીએ તેઓ રૂબરૂ આવીને હકીકત જણાવેલી જેથી તેઓએ તરત ફરીયાદ લખેલી. તેઓએ ફરીયાદ નોંધતા પહેલા કોઈ બનાવની હકીકત અંગે ખરાઈ કરેલ નથી કે જાતે કોઈ સીસીટીવી કેમેરા ચેક કરેલ નથી **તેમજ આંક–૯ વાળી ફરીયાદમાં ડાબા હાથનું હાડકુ તુટેલુ હતુ તેવુ દર્શાવેલ નથી** અને ફરીયાદ કરતા સમયે ભોગબનનાર બાળાના ઉમરનો કોઈ દસ્તાવેજ તેઓ સમક્ષ રજુ કરેલ નથી. તેમજ ફરીયાદ નોંધતી વખતે કોઈ તટસ્થ ઉડીયા ભાષાના જાણકારને સાથે રાખેલ નથી.

**આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, ફરીયાદીએ આ સાહેદ સમક્ષ બનાવની ફરીયાદ રાત્રીના સમયે આપેલ જે આ સાહેદે તેમના લખાવ્યા પ્રમાણે લખી લઈ સ્ટેશન ડાયરીમાં તેની નોંધ કરી આગળની તપાસ ડેપ્યુટ કરેલ**.

૩૪. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૦ આંક–૮૬થી પો.કો.અરૂણાબેન રમેશભાઈ વસાવા નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવુ ફલિત થાય છે કે **આરોપી ભોગબનનારને લઈ ગયા બાદ આક્ષેપિત દુષકર્મ આચર્યા બાદ ભોગબનનાર નગ્ન અવસ્થામાં રોડ પર રડતા રડતા જતા હતા ત્યારે આજુબાજુના રહેવાસીઓએ પોલીસને જાણ કરતા આ સાહેદ પ્રથમ ત્યાં પહોંચેલા**.

આ સાહેદ પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે તા.૨૦.૦૨.૨૦૨૪ ના ક. ૨૩–૦૦ થી તા.૨૧.૦૨.૨૦૨૪ ના ક. ૫–૦૦ સુધી કોમ્બીંગ નાઈટમાં તથા તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ ક.૦૦–૦૦ થી ક.૬–૦૦ સુધી અખંડ આનંદ કોલેજના રસ્તા પાસે વાહન ચેકીંગની ફરજમાં હતા ત્યારે રાત્રીના ૧૧–૧૫ વાગ્યાની આસપાસ ત્રિભોવન નગર તરફથી એક ફેમેલી મોટર સાયકલ ઉપર આવેલ અને આંગળી ચિંધીને જણાવેલ કે એક નાની છોકરી કપડા વગરની દોડતી દોડતી આવે છે અને લોહી લુહાણ છે જેથી આ સાહેદ તરત જ તે તરફ દોડીને ગયેલા અને તે વખતે ત્રિભોવન નગર પાસે ત્રણ લેડીઝ અને એક છોકરી નગ્ન અવસ્થામાં રડતી હતી અને તેના

ગુપ્તભાગેથી લોહી નીકળતુ હતુ જેથી આ સાહેદે મહિલાઓને ચાદર લઈ આવવાનું કહેતા અને એક મહિલા ચાદર લઈને આવેલી અને આ સાહેદે બાળકને ચાદર ઓઢાડી દીધેલ. ત્યારબાદ સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. તિરકર ને ફોન કરી બનાવની જાણ કરતા તેઓ તાત્કાલિક ત્યાં આવી ગયેલા અને તેમની ફોરવ્હીલ ગાડીમાં ભોગબનનાર બાળકીને બેસાડી સ્મીમેર દવાખાને લઈ ગયેલા જયાં ડોકટરશ્રીએ બાળકી સાથે દુષ્કર્મ થયેલાનું જણાવેલ ત્યારબાદ આ સાહેદને જાણવા મળેલ કે, ભોગબનનારની માતાએ તેણી પોતાના ઘર પાસે રમતી હતી તે વખતે તેણીને એક પાતળા બાંધાનો અને ૨૫ થી ૩૦ વર્ષનો ઈસમ હાથ પકડીને ઉપાડીને કોઈ અવાવરૂ જગ્યા પર લઈ જઈ તેની સાથે દુષ્કર્મ કરેલ છે તે બાબતની ફરીયાદ ચોકબજાર પો.સ્ટે. આપેલી છે. તેમજ ભોગબનનારના મેડીકલ તપાસણી કરવા જરૂરી સેમ્પલો લઈ ડોકટરશ્રીએ આપેલા તેમજ પોલીસે આ સાહેદનું નિવેદન નોંધેલુ.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓને જે ફેમીલીએ જાણ કરેલી તેનું નામ કે મોટર સાયકલ નંબર પોતાના નિવેદનમાં લખાવેલ નથી. તેમજ તેઓએ પોતાના નિવેદનમાં જણાવેલ ત્રણ મહિલાઓના નામ લખાવેલ નથી. તેમજ ચાદર કઈ મહિલા લાવેલી તે પણ લખાવેલ નથી. તેમજ ભોગબનનારને કઈ ગાડીમાં લઈ ગયેલા તે પણ જણાવેલ નથી. ભોગબનનાર સાથે કઈ રીતે બનાવ બનેલો તેની તેઓને જાત માહિતી નથી.

**આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા આ સાહેદ બનાવ સમયે પોતાની કાયદેસરની ફરજ અદા કરતા હતા તે સમયે આ સાહેદને ભોગબનનારની સ્થિતી અંગે મોટર સાયકલ પર આવેલ પરિવારના લોકોએ જાણ કરતા તેણી તરત જ તે બાળક તરફ દોડી ગયેલી અને બાળકની સ્થિતી જોતા બાળકને ગુપ્તભાગેથી લોહી જતુ હોય જેથી પોતાના ઉપરી અધિકારીને તે અંગે તાત્કાલિક જાણ આપી ભોગબનનારને બને તેટલી ઝડપથી સારવાર માટે લઈ ગયેલા. આ તબકકે એ નોંધવુ પણ આવશ્યક છે કે, જયારે નાની ઉમરના નાજુક**

**બાળક સાથે આ પ્રકારનું કૃત્ય થયેલ હોય અને તેણીને ગુપ્ત ભાગેથી લોહી નીકળતુ હોય ત્યારે કોણ વ્યકિત શું માહિતી આપે છે અને કઇ વ્યકિત શું મદદ કરે છે અને કેવી રીતે મદદ કરે છે તેવુ ચોકકસાઇપુર્વક કોઇ વ્યકિત જોઇ શકે નહીં કે યાદ રાખી શકે નહીં. કારણ કે આવા નાજુક સમયે પુખ્ત વયના સમજુ માણસ પોતાની સમજણ શકિત મુજબ ભોગબનનાર બાળાને બચાવવાનો તથા બન્ને તેટલી ઝડપથી દવાખાને લઈ જવાનો પ્રયત્ન કરતા હોય જે પ્રયત્ન હાલના સાહેદે કરેલ હોય તેવી હકીકત તેણીએ આપેલ પુરાવા પરથી સ્પષ્ટપણે ફલિત થાય છે. તેવા સંજોગોમાં તેણીના પુરાવામાં રેકર્ડ પર આવેલ કેટલીક હકીકત જેવી કે કોણે તેમને જાણ કરેલી, કઈ મહિલાએ ચાદર લાવેલી, તેઓના નામ શું હતા વિગેરે મહત્વની બાબત કહી શકાય નહીં અને આવી નજીવી ઉણપના કારણે આ સાહેદનો સમગ્ર વિશ્વસનિય અને સચોટ પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહીં**.

૩૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૪ આંક-૯૭થી પોલીસ સાહેદ પ્રવિણસિંહ નારસિંહભાઇ પઢિયાર નાઓને તપાસેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, આ ગુનાની તપાસમાં રહેવા માટે તથા આરોપીને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી પ્રયત્નો કરતા હતા તે સમયે પો.સ.ઈ. ગામીત નાઓએ જણાવેલ કે, આ કામના આરોપી ભોગબનનાર બાળકીને ચોકલેટ અપાવવાના બહાને તેડીને લઈ જતો સી.સી.ટી.વી. કેમેરામાં દેખાતો હોય જે અંગેના ફુટેજ તેમજ તેના ફોટોગ્રાફ્સ તેઓએ તેમના લાગતા વળગતા બાતમીદારોને જાણ કરેલ અને બતાવેલા તેમજ વેડરોડ પંડોળ ઈન્ડસ્ટ્રીયલમાં આવેલ ખાણી પીણીના સ્ટોલ ઉપરથી સી.સી.ટી.વી. જોઈ આરોપીઓની મુવમેન્ટ વેરીફાઈ કરેલ અને જેના આધારે તા.૨૧/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ વેડરોડ, પંડોળ ઈન્ડસ્ટ્રીયલ, વિ.-૨, ખાતા નં.-૨૯૫, ચામુંડા પાન કોલ્ડ્રીંક પાસે ઉપરોક્ત વર્ણન વાળા ઈસમની બાતમી મળતા તેઓ તેમની તેમજ પી.એસ.આઈ. ગામીતનાઓ સાથે ઉપરોક્ત જગ્યાએ તાત્કાલિક પહોંચી ગયેલા અને સી.સી.ટી.વી. ફુટેજમાં વર્ણનવાળો ઈસમ આછા ગુલાબી કલરની ટી-શર્ટ તથા કાળા કલરનું પેન્ટ, તેમજ

કાળા કલરની ટોપી પહેરેલ દેખાયેલ અને સી.સી.ટી.વી.માં જોયેલ આરોપીને લગતો મળતો હોય તેને ત્યાં જ ઉભો રાખવાની કોશીશ કરતા તે ત્યાંથી ભાગવાની કોશીશ કરતા જરૂરી બળ પ્રયોગ કરી તેને ત્યાંજ રોકેલ અને તેનું નામઠામ પુંછતા તેને પોતાનું નામ અંકિત ઓમપ્રકાશ ગૌતમ હોવાનું જણાવેલ અને તેને ઉપરોક્ત ગુનાના અનુસંધાને પુંછતા તેણે પોતે આ ગુનો કર્યાની કબુલાત કરતો હોય જેથી તરત જ ગુનો ચોકબઝાર પોસ્ટેમાં નોંધાયેલ હોય જેથી તેઓએ આ કામના આરોપીને રીપોર્ટ સાથે ચોકબઝાર પોસ્ટેમાં સોંપેલો. જે અંગેનો રીપોર્ટ આંક-૯૮થી કરેલો. આ સાહેદ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, વેડરોડ વાળો વિસ્તાર ઘણો ભીડભાડ વાળો અને રેસીડેન્સીયલ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે, આ વિસ્તાર ઈન્ડસ્ટ્રીયલ વાળો હોવાથી ઘણા બધા પર પ્રાંતિય કામદારો અને મજુરોની અવર જવર હોય છે, ઉપરોક્ત બનાવ અનુસંધાને તેઓને તેમના ડી.સી.પી. સાહેબનાઓએ તમામને આ કામના આરોપીને પકડી પાડવા માટે મૌખિક સુચના આપેલ, સદર વિસ્તાર ચોકબઝાર પોસ્ટેની હદમાં આવે છે અને તે દિવસે ચોકબઝાર પોસ્ટેના તેમની સાથે બીજા કોઈ અધિકારી કે કર્મચારી હાજર ન હતા, તેમણે ઉપરોક્ત આરોપીને પકડવા માટે તેમના બાતમીદારો તેમજ ટેક્નીકલ સર્વિલન્સના આધારે પકડેલ તે અંગે કોઈ બાતમીદાર કે અન્ય કોઈ વસ્તુ કોર્ટમાં રજુ કરેલ નથી, કહેવાતા આરોપીના કદકાઠીવાળા અન્ય ઈસમ પણ હોઈ શકે. આ સિવાય અન્ય કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા આ સાહેદે આરોપીને તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ વેડ રોડ વાળા રોડ પરથી મળી આવતા અટક કરેલ, તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે.**

૩૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૨૬ આંક-૧૦૪થી પોલીસ સાહેદ વિશાલભાઇ વશરામભાઈ વાગડીયા નાઓને તપાસેલા છે. તેઓનો પુરાવો ધ્યાને

લેતા એવુ જણાઈ આવે છે કે, તેઓએ આ કેસની સમગ્ર તપાસ કરેલ છે. સદર ગુનાની ફરીયાદની તપાસ તેમને મળ્યા બાદ તેઓએ તપાસ સંભાળી, તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, તપાસના કામે સરકારી પંચો ફાળવવા માટેની યાદી કરી, તપાસના કામે ભોગબનનારના ઉંમર અંગેના પુરાવા સામેલ રાખેલ, આરોપી તથા ભોગબનનારના કપડા કબ્જે કર્યા અંગેના પંચનામા, તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ તથા ભોગબનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલો તપાસના કામે કબજે રાખેલ તથા આરોપીને નિયત સમયમાં નામદાર કોર્ટમાં રજુ કરેલ, તપાસના કામે ભોગબનનારનો સી.આર.પી.સી. ની કલમ-૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા માટે નામદાર કોર્ટમાં તજવીજ કરેલ. તપાસના કામે બનાવ જે જગ્યા પર બનેલો હોય તે જગ્યા પર સી.સી.ટી.વી. કેમેરા લાગેલા હોય અને બનાવ તે સી.સી.ટી.વી. કેમેરાઓમાં કબ્જે થયેલ હોય તે સી.સી.ટી.વી. કેમેરાના વીડીયો ફુટેજો તપાસના કામે સામેલ રાખેલા તથા રજુ કરનાર સાહેદોના ભારતીય પુરાવા અધિનિયમના કલમ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલા. તપાસના કામે આરોપીના ફોટા કબ્જે કરી તે અંગેનુ પંચનામું કરેલુ. તપાસના કામે આરોપીનું ગેટ એનાલીસીસ પંચનામું કરેલુ. તપાસના કામે આરોપીના ઓળખ પરેડ અંગેનુ પંચનામું કરેલ તથા સર્કલ ઓફીસર કતારગામ પાસેથી ગુનાવાળી જગ્યાનું નકશો તૈયાર કરાવી તપાસના કામે સામેલ રાખેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ આરોપી સામે રજુ કરેલ. આ સાહેદ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. આ સાહેદ પોતાના પુરાવામાં આંક-૧૦૫ થી ભોગબનનાર બાળાનું આધાર કાર્ડ, આંક-૧૦૬થી ૧૦૮ સુધી મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલાવેલ જે એફ.એસ.એલ.ને મળી ગયા અંગેની પાવતી આંક-૧૦૯ થી આંક-૧૧૧સુધી રજુ કરેલ છે. તેમજ આંક-૧૧૨થી એફ. એસ.એલ. ને મળેલ પાર્સલોની યાદી તથા રીપોર્ટ, આંક-૧૧૩થી એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરિક્ષણ અહેવાલ અને

પત્ર, આંક–૧૧૪થી ડી.એન.એ. રીપોર્ટ, આંક–૧૧૫થી આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યાની ચાદી રજુ કરેલ છે. તેમજ પોતાની તપાસ દરમ્યાન તેઓએ તૈયાર કરેલા પંચનામાં,પંચસ્લીપો, ચાદીઓ, કબજે કરેલ મુદ્દામાલ આર્ટીકલ્સ તથા મેળવેલ પેનડ્રાઈવ અને અન્ય આર્ટીકલ્સને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, આ કામના ફરીચાદી ઓરીસ્સા વાસી હતા અને ઓરીચા ભાષા જાણતા હતા, આંક–૯ વાળી ફરીચાદમાં ઓડીચા ભાષા જાણતા ટ્રાન્સલેટરને ફરીચાદ નોંધતી સમયે હાજર રાખેલ હોય તેવી કોઈ નોંધ નથી, કોઈ પણ સી.સી.ટી.વી. ફુટેજમાં રોડની સાઈડ ઉપર મોપેડ ઉપર કોઈ બે વ્યક્તિઓ બેસી વાતો કરતા હોય તેવુ દેખાતુ નથી, જે સી.સી.ટી.વી. ટેક્નીશિયન અબ્દુલ ગની મો. હનીફનાઓ રૂબરૂ ફુટેજો મેળવવામાં આવેલ છે તે સરકારી કર્મચારી નથી, સીસીટીવી ફુટેજની જે પેનડ્રાઈવ મેળવવામાં આવેલી તે ડીવીઆરમાંથી મેળવવામાં આવેલ, જે પણ સીસીટીવી ફુટેજ આ કામે લીધેલ છે તે અંધારા ના છે, આ કામે ભોગબનનાર સાથે કહેવાતા જે દુષ્કર્મ થયેલ તે ખુલ્લુ મેદાન છે, કહેવાતી ગુનાવાળી જગ્યાએ પંચનામું કર્યો ત્યાં સુધી કોઈ પહેરો કે કોર્ડન કરવામાં આવેલ હોય તેવી નોંધ ગુનાવાળી જગ્યાના પંચનામામાં કરેલ નથી, કહેવાતી બનાવવાળી જગ્યાની આસપાસ કારખાના આવેલ હોય લોકોની અવર જવર રહેતી હોય છે, ફરીચાદી જે સ્થળે રહે છે તેની આસપાસના મકાનોમાં બીજા નાના બાળકો પણ રહે છે, સીસીટીવી ફુટેજમાં કહેવાતા આરોપીની સાથે અન્ય લોકોની અવર જવર દેખાય છે, કહેવાતા આરોપીએ પહેરેલ કાળી ટોપી અને ગુલાબી શર્ટ ઘણા બધા લોકો પહેરતા હોય છે. તેઓ એવુ પણ જણાવે છે કે, આ કામની તપાસ તેઓએ સંભાળી તે પહેલા ફરીચાદ તેઓએ લીધેલ નથી, તપાસ સંભાળતા પહેલા તેઓએ ફરીચાદનો અભ્યાસ કરેલો, ભોગબનનાર બીનગુજરાતી હતા અને તેમને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હતુ, મુ.મા. વાળા કપડા, સ્લીપર અને સેન્ડલ બઝારમાં સહેલાઈ થી

મળી શકે છે, કહેવાતા આરોપીના ઘરે પંચનામું કરવા ગયેલ તે સમયે તે ઘરના દરવાજા ખુલ્લી હાલતમાં હતુ અને તેના પર કોઈ તાળુ લાગેલ ન હતુ. આથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**<u>આરોપી સામે આક્ષેપિત ગુનાની તહોમત, તેના મહત્વના તત્વો તથા ફરીયાદપક્ષે આપેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના મુલ્યાંકન સમયે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચાઃ-</u>**

૩૭. આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૬૩, ૩૭૬(૨)(એમ), ૩૭૬એબી તથા પોકસો એકટની કલમ-૩(એ) ના ભંગ બદલ ૪(૨) તથા કલમ-૫(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ-૬ તથા કલમ-૯(આઇ)(એમ)ના ભંગ બદલ કલમ-૧૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આમ, આરોપી સામે બળાત્કાર તથા પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ તથા એગ્રાવેટેડ પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ તથા એગ્રવેટેડ સેકસ્યુઅલ એસોલ્ટના ગુનાના આક્ષેપો છે. બળાત્કારના ગુનાની તથા પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ ગુનાની જોગવાઇ એકસમાન છે. જેમાં કોઇ વ્યકિત દ્વારા ભોગ બનનાર સાથે આ કલમોમાં દર્શાવેલ ચાર પ્રકાર અથવા તે પૈકી એક અથવા એક કરતાં વધારેના કૃત્ય કરવામાં આવે અથવા તે કૃત્ય કરવા માટે ભોગ બનનારને ફરજ પાડવામાં આવે તો ભોગ બનનાર સાથે બળાત્કાર અને પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટનો ગુનો કર્યો કહેવાય. તેજ રીતે જો ભોગ બનનાર બાળા તે સમયે ૧૨ વર્ષ કરતાં નાની ઉંમરના હોય તો, અને આ ગુનો આચરતી વખતે તે વ્યકિતને મહાવ્યથા અથવા અપંગ બનાવે અથવા તેનું શરીર વિકૃત કરે તેના જીવને જોખમમાં મુકે અથવા તો જે કોઇ બાળકના જાતિય અંગોને ગંભીર ઇજા પહોંચાડીને અથવા શારિરીક નુકશાન પહોંચાડીને અથવા ઇજા પહોંચાડીને એગ્રીવેટેડ પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટનો ગુનો આચરે ત્યારે આ ગુનાની ગંભીરતા વધી જાય છે અને તેથી આ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એમ), ૩૭૬એબી તથા પોકસો એકટની કલમ-૫(આઇ)(એમ) મુજબના ગુના આચરેલ કહેવાય. તેજ રીતે ભોગ બનનાર બાળા ૧૨ વર્ષ કરતાં નાની ઉંમરના

હોય ત્યારે તેણી સાથે કોઈ જાતીય હુમલો કરવામાં આવે તો તેની પણ ગંભીરતા વધી જાય છે અને તે પોકસો એકટની કલમ–૯(આઇ)(એમ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો બને છે જેની સજાની જોગવાઇ કલમ–૧૦ માં કરવામાં આવેલ છે.

૩૮. આ કામે ફરિયાદપક્ષે તપાસેલ મહત્વના સાહેદો એટલે કે ભોગ બનનાર સાહેદ નં.૩, આંક–૧૨ તથા તેના માતા અને પિતા અનુક્રમે સાહેદ નં.૧ અને ૨ આંક–૭ અને આંક–૧૧ ના નામદાર કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવા ધ્યાને લેતાં એવી હકીકત સ્પષ્ટપણે ફરિયાદપક્ષે બનાવ સમયે ભોગ બનનાર બાળા તેઓના કાયદેસરના અને કુદરતી વાલીઓના વાલીપણામાં હતા અને તેઓ નીચે રમતાં હતા ત્યારે આ કામના આરોપી ભોગ બનનારને પોતાની સાથે લઈ ગયેલ. સાહેદ નં.૧ અને ૨ નાએ પોતાની ભોગ બનનાર દિકરીને આરોપી લઈ જતાં હોય તેવું જોયેલ નથી પરંતુ ભોગ બનનાર ન મળી આવતાં તેઓ ભોગ બનનાર અંગે શોધખોળ કરતાં હતા અને તે અંગે પોલીસને જાણ કર્યા બાદ પોલીસ આવી ગયા બાદ આજુબાજુમાં લગાડેલ સીસીટીવી કેમેરામાં ચેક કરતાં તેમની ભોગ બનનાર દિકરીને એક કાળા કલરનો પેન્ટ–ટોપી તથા ગુલાબી કલરનો શર્ટ પહેરેલ વ્યકિત લઈને જતો હોય તેવું સીસીટીવી કેમેરામાં જોયેલું. આ અંગે ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૧૫,૧૬ અને ૧૭ અનુક્રમે આંક–૭૪, ૭૬ અને ૭૮ નાઓનો નામદાર કોર્ટ સમક્ષનો પુરાવો તથા સાહેદ નં.૧૫ અને ૧૬ નું નામ. કોર્ટ સમક્ષનો ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું આંક–૭૫ અને ૭૭ વાળુ નિવેદન ધ્યાને લેતાં બનાવ સમયે ફરિયાદી કે જેઓ ભોગ બનનારની માતા છે તેઓ ભોગ બનનારને શોધતા હતા અને ભોગ બનનાર મળી ન આવતાં હોવાની જાણ આ સાહેદોને કરતાં તેઓ પણ ભોગ બનનારને શોધવા માટે મદદ કરેલી. તેવી હકીકત તે સાહેદોના પુરાવામાંથી સ્પષ્ટપણે ફલિત થાય છે.

વળી, આરોપી ભોગ બનનારને પોતાની સાથે તે સ્થળ પરથી બનાવવાળી જગ્યા સુધી લઈ જતાં દરમ્યાન જે દુકાનથી ચોકલેટ લીધેલી તેમજ જે રસ્તા પરથી પસાર થયેલ અને તે જગ્યા ઉપર

લગાડેલ સીસીટીવી કેમેરામાં આરોપી ભોગ બનનારને લઈ જતા હોય તેવું સીસીટીવી વિડીયો કુટેજ મળી આવેલ જે સીસીટીવી વિડીયો કુટેજને ફરિયાદપક્ષે તે દુકાન તથા ખાતાના માલિક તરીકે તપાસેલ અનુક્રમે સાહેદ નં.૯,૧૦,૧૧ અને ૧૮ અનુક્રમે આંક–૫૮,૬૦,૬૨ અને ૭૯ નાઓ પાસે પોલીસ તપાસ માટે આવતાં સીસીટીવી કુટેજ ચેક કરતાં આરોપી ભોગ બનનારને લઇ જતાં હોય તેવું દેખાયેલ. જે હકીકતને ઉપરોકત સાહેદો પોતાના પુરાવામાં જણાવે છે તેમજ સીસીટીવી કુટેજ તે સાહેદોના સીસીટીવી કેમેરામાં કેદ થયેલ અને ડીવીઆરમાં સ્ટોર થયેલ કુટેજને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૨ આંક–૬૩થી તપાસેલ અબ્દુલ ગની મો. હનીફ નાઓ દ્વારા પેનડ્રાઇવમાં મેળવવામાં આવેલ જે હકીકતને સાહેદ નં.૧૨ આંક–૬૩ નાઓ પોતાના પુરાવામાં જણાવે છે. વળી, આ સાહેદ આરોપી મળ્યા બાદ તેનું ગેટ એનાલીસીસના સીસીટીવી કુટેજ પણ કબજે કરેલ છે તેવો પુરાવો આપે છે. તેમજ આંક–૩૬,૩૮,૪૪,૪૬ અને ૫૧ વાળી પેનડ્રાઇવ મેળવેલ અને તે સમયે પેનડ્રાઇવના કુટેજની કોપી કરતાં સમયે કોઇ પણ પ્રકારની છેડછાડ થયેલ નથી તે મુજબનું પુરાવા અધિનિયમની કલમ–૬૫(૪) મુજબનું સર્ટીફિકેટ આંક–૬૪ થી ૬૮ સુધી રજૂ કરેલ છે અને ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૨૩ આંક–૯૪થી તપાસેલ સાહેદ નેહલકુમાર ગામીત તથા સાહેદ નં.૨૭ આંક–૧૧૯થી તપાસેલ સાહેદ ભાવિનકુમાર સતવારા કે જેઓ બંને સાયન્ટીફિક ઓફિસર છે તેઓએ આ સીસીટીવી કુટેજને નિયમ મુજબ એનાલીસીસ કરેલ છે અને તેઓએ સીસીટીવી કુટેજમાં જે પુરૂષ વ્યકિત હતો તેની સામ્યતા આરોપી સાથે મળી આવતા આરોપી તે જ વ્યકિત હોવાનો અભિપ્રાય આપેલ છે તેમજ આ પૃથ્થકરણ દરમ્યાન કે તે પહેલા સીસીટીવી કુટેજમાં કોઇપણ પ્રકારની છેડછાડ થયેલ નથી તેવો પુરાવો આપેલ છે અને પોતાના પુરાવામાં પોતાના પૃથ્થકરણ દરમ્યાન કોઇ છેડછાડ થયેલ નથી તેવુ સર્ટીફીકેટ આપેલ છે. જે આ કામે રેકર્ડ પર છે અને તે તેઓએ પણ પોતાના પુરાવામાં આ હકીકતને સ્પષ્ટપણે જણાવેલ છે અને તેઓના પુરાવામાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ હકીકત

બચાવપક્ષ તેઓના પુરાવામાં રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

આમ, ઉપરોકત આંક–૩૬, ૩૮, ૪૪, ૪૬ અને આંક–૫૧ વાળી પેનડ્રાઈવમાં મળી આવેલ ફુટેજ તથા તેનું સાયન્ટીફિક પૃથ્થકરણ દરમ્યાન સાયન્ટીફિક ઓફિસરે તૈયાર કરેલ અહેવાલ તથા પેનડ્રાઈવમાં દેખાતા વ્યકિતના આંક–૭૦ વાળા ફોટા સાથે સરખામણી કરી આંક–૧૨૦ થી આપેલ રિપોર્ટ મુજબ તેમાં દેખાતા વ્યકિત આરોપી જ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. જે હકીકત શંકા પ્રેરે તેવી કોઇ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગોમાં તુલનાત્મક મુલ્યાંકન કરતાં એવી હકીકત સ્પષ્ટપણે અને કડીબધ્ધ રીતે ફલિત થાય છે કે, બનાવ સમયે આ કામના ભોગ બનનાર પોતાના કુદરતી અને કાયદેસરના વાલીઓના વાલીપણામાં હતા અને આરોપી ભોગ બનનારને તેણીના કુદરતી અને કાયદેસરના વાલીઓના વાલીપણામાંથી તેઓની મુકત સંમતિ વગર પોતાની સાથે લઈ ગયેલ છે અને ભોગ બનનારને પોતાની સાથે લઈ જતાં પુર્વે આરોપીએ ભોગ બનનારના માતા પિતાની સંમતિ મેળવેલ હોય તેવી કોઇ હકીકત આરોપી તરફે રેકર્ડ ઉપર લાવેલ નથી કે આરોપી તરફે સાહેદોના પુરાવામાં રેકર્ડ ઉપર લાવેલ હકીકતો પરથી આવી હકીકત ફલિત થતી નથી. **જેથી ઉપરોકત સંજોગોમાં બનાવના દિવસે એટલે કે તા.૨૦–૨–૨૦૨૪ ના રોજ આ કામના આરોપીએ ભોગ બનનાર કે જેણી પોતાના કુદરતી વાલીઓના વાલીપણા હેઠળ નીચે રમતાં હતા ત્યાંથી તેણીના વાલીઓની મુકત સંમતિ વગર પોતાની સાથે લઈ જઈ ભોગ બનનારનું અપહરણ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થયેલાનું આ અદાલત માને છે**.

૩૯. આ કામે ભોગ બનનાર તથા તેના માતા પિતા તેમજ આરોપી વચ્ચે અગાઉ કોઈ દુશ્મનાવટ હોય કે વેરઝેર હોય કે કોઈ પણ અણબનાવ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આપેલ પુરાવા પરથી ફલિત થતી નથી. વળી, તેઓ બંને વચ્ચે કે સાહેદો અને આરોપી વચ્ચે કોઇ પણ

પ્રકારની દુશ્મનાવટ કે સિવિલ કે દિવાની પ્રકારના કેસો થયેલા હોય કે હાલ કોઈ પણ અદાલતના વિચારાધીન હોય તેવી કોઈ હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ભોગ બનનાર તેમજ તેના માતા પિતા અને આરોપી વચ્ચે કે સાહેદો અને આરોપી વિરૂધ્ધ ખોટો પુરાવો આપવા માટે કોઈ પણ કારણ જણાય આવતું નથી તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવા બચાવપક્ષે આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

૪૦. બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આરોપીની ઓળખ અંગે ફરિયાદપક્ષે વિશ્વસનિય પુરાવો રજૂ કરેલ નથી તેમજ આરોપીને ઓળખી પણ બતાવેલ નથી. જેથી આરોપીની ઓળખ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આ કામના આરોપીને ભોગ બનનાર પોતાના પુરાવામાં સ્પષ્ટપણે ઓળખી બતાવે છે તેમજ ભોગ બનનારના માતા પિતા સાહેદ નં.૧ અને ૨ નાઓ પણ પોતાના પુરાવામાં આરોપીને નામદાર કોર્ટ સમક્ષ સીસીટીવી ફુટેજમાં દેખાતા ઇસમ તરીકે ઓળખી બતાવે છે. તે જ રીતે ફરિયાદપક્ષે આંક-૭૦ થી રજૂ ફોટા તથા આંક-૧૨૦ થી રજૂ એફ.એસ.એલ. રિપોર્ટ ધ્યાને લેતાં સીસીટીવી ફુટેજમાં જે વ્યકિત ભોગ બનનારને લઇ જતાં દેખાય છે તે વ્યકિત આરોપી જ છે તેવી હકીકત તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે તેમજ ફરિયાદપક્ષે સાહેદ નં.૨૭, આંક-૧૧૯ થી તપાસેલ સાહેદ ભાવિનકુમાર સતવારા પણ પોતાના પુરાવામાં આ હકીકતને સ્પષ્ટપણે જણાવે છે જેમાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વળી, ફરિયાદપક્ષે આંક-૮૮ થી રજૂ આરોપીની ઓળખ પરેડનું પંચનામુ તથા સાહેદ નં.૨૧, આંક-૮૭ થી રજૂ આશિષકુમાર રાજેન્દ્રભાઇ નાયકની જુબાની ધ્યાને લેતાં ઓળખ પરેડની કાર્યવાહીમાં ભોગ બનનારે આરોપીને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસમાં ઓળખ પરેડની કાર્યવાહી પહેલાં અને બનાવ બાદ આરોપીને ભોગ બનનારે જોયેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ એ હકીકત પણ નિર્વિવાદીત છે કે, તા. ૨૪-૨-

૨૦૨૪ સુધી ભોગ બનનાર દવાખાનામાં અંદરના દર્દી તરીકે સારવારમાં હતા તેવા સંજોગોમાં ભોગ બનનારને આરોપીને જોવાનો પ્રસંગ બનેલ ન હોય, તે સ્વભાવિક બાબત છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનારને અપહરણ કરનાર તથા તેની સાથે આક્ષેપિત દુષ્કર્મ આચરનાર વ્યકિત તરીકે આરોપીની ઓળખ ફરિયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થાય છે. જેથી બચાવપક્ષે કરેલ દલીલો સ્વીકારવાપાત્ર જણાતી નથી.

૪૧. આ કામે આરોપી સામે દુષ્કર્મના ગુના અંગે ફરિયાદપક્ષના મહત્વના ભોગ બનનાર સાહેદ નં.૩, પોતાના આંક–૧૨ ના પુરાવામાં એવું જણાવે છે કે, આરોપી તેણીને લઇ ગયેલો અને ગળા પર તથા ગુપ્ત ભાગે બચકાં(કરડેલ) અને તેણીને દુખાવો થવા લાગેલ. આ સિવાય આરોપીએ ભોગ બનનારને શું કરેલું તે અંગે ભોગ બનનાર પોતાની ઉંમર તથા અણસમજના કારણે વિશેષમાં કંઇ જણાવી શકેલ નથી.

આ કામે સાહેદ નં.૧, આંક–૭ ભોગ બનનારની માતા ફરિયાદીનો આ અંગેનો પુરાવો ધ્યાને લેતાં એવું જણાવેલ છે કે,રાત્રિના ૧૧/૩૦ વાગ્યાના અરસામાં એક મહિલા પોલીસ કર્મચારી અરૂણાબેનને એક કોલેજ પાસેની સોસાયટી પાસેથી ભોગબનનાર મળી આવેલ અને ભોગ બનનારને ગળા પર બંને બાજુ લાલ નિશાન હતા અને ડાબી બાજુ હાથમાં ખભાનું હાડકું તુટી ગયેલ હતું. ભોગ બનનાર શરીરે કપડાં પહેરેલ ન હતા અને તેણીના ગુપ્ત ભાગેથી લોહી નીકળતુ હતુ અને તેવી સ્થિતિમાં કંપની વિસ્તારમાંથી ચાલતી ચાલતી રોડ પર આવેલી અને લોકો તેણીને જોતાં કોઇએ મહિલા પોલીસ કર્મચારી અરૂણાબેનને જાણ કરતાં તેણી ત્યાં ગયેલી અને ભોગબનનારને આવી સ્થિતીમાં જોતા તુરંત જ તેણીને દવાખાને લઇ ગયેલ અને આ અંગેની જાણ ઉપલા અધિકારીને કરેલી. જેઓએ જાણ ફરિયાદીને કરેલી. ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૨, આંક–૧૧ ભોગબનનારના પિતા પણ પોતાના પુરાવામાં આવી હકીકતોને સમર્થન કરે છે. આ અંગે ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૨૦, આંક–૮૬ થી તપાસેલ પોલીસ

કોન્સ્ટેબલ અરૂણાબેનનો પુરાવો ધ્યાને લેતાં તેણી પણ પોતાના પુરાવામાં એવું જણાવે છે કે, ભોગ બનનાર અંગે તેણીને જાણ થયા બાદ તેણી તરત તે તરફ જતાં ત્રિભોવનનગર પાસે, ત્રણેક લેડીઝ અને નગ્ન અવસ્થામાં છોકરી રડતી હતી અને તેના ગુપ્ત ભાગેથી લોહી નીકળતું હતું. જેથી આ સાહેદે ભોગ બનનારને ચાદર ઓઢાડી પોતાના ઉપલા અધિકારીને જાણ કરી તાત્કાલિક ભોગ બનનારને દવાખાને લઇ ગયેલ.

બચાવપક્ષે ઉપરોકત ત્રણેય સાહેદોના આ પુરાવામાં શંકા પ્રેરિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી ઉપરોકત હકીકતો ઉપરોકત સાહેદોના પુરાવાથી સ્પષ્ટપણે સાબિત થાય છે. વળી, ફરિયાદપક્ષે સાહેદ નં.૪, આંક–૧૩ થી તપાસેલ ડૉ.દિપાલીબેનનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનાર તેમની પાસે ગાયનેક તપાસ માટે રીફર કર્યા બાદ તા.૨૧ થી તા.૨૪ સુધી અંદરના દર્દી તરીકે દાખલ થયેલા હતા. આ સાહેદ પણ પોતાના પુરાવામાં એવું સ્પષ્ટપણે જણાવે છે કે મહિલા કોન્સ્ટેબલ અરૂણાબેન ભોગ બનનારને તેઓની પાસે સારવાર માટે લાવેલા ત્યારે ભોગ બનનાર નગ્ન અવસ્થામાં હતા અને ભોગ બનનાર ગભરાઇ ગયેલા હતા અને ભોગ બનનારને ચાદરમાં લપેટીને લઇને આવવામાં આવેલ હતા જે ચાદર તપાસના કામે મેળવેલ હતી. વળી, ભોગ બનનારના હાથ અને પગ ઉપર કાદવ લાગેલો હતો અને પીઠના ઉપરના અને ગરદનના નીચેના ભાગે ૩ થી ૪ સે.મી. લાંબા ઉપરા ઉપરી ઘસરકાઓ હતા તેમજ આ સાહેદે અગાઉ પોતાના પુરાવામાં જણાવ્યા પ્રમાણેની ઈજાઓ ભોગબનનારને હતી તેમજ ભોગબનનારના ગુપ્ત ભાગેથી લોહી પણ નીકળતુ હતુ. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ભોગબનનાર સાથે તાજેતરમાં જબરજસ્તીથી સેકસ્યુઅલ એસોલ્ટ થયેલ હતો. બચાવપક્ષે ભોગબનનાર સાથે સેકસ્યુઅલ એસોલ્ટ થયેલ ન હોય તેવી હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ ઉપર લાવેલ નથી અથવા તો ભોગ બનનાર સાથે સેકસ્યુઅલ એસોલ્ટ થયેલ હોવાનો આ સાહેદના પુરાવામાં શંકાપ્રેરિત કરે તેવી કોઇ હકીકત બચાવપક્ષ આ સાહેદના પુરાવા પરથી રેકર્ડ ઉપર લાવી શકેલ

નથી.

આમ, ભોગ બનનાર તથા સાહેદ નં.૨૦, મહિલા પોલીસ કોન્સ્ટેબલ અરૂણાબેન તથા સાહેદ નં.૪, ડૉ.દિપાલીબેનનો નામદાર કોર્ટ સમક્ષનો સોગંદ પરનો પુરાવો તથા ભોગ બનનારને બનાવ બાદની તુરત સ્થિતિમાં પ્રથમ તેઓએ જોયેલ હોય અને તે અંગે તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ હકીકતો મુજબ ભોગ બનનારના ગુપ્ત ભાગેથી લોહી નીકળતું હતું તેમજ તેણીના શરીરના અન્ય ભાગો પર ઈજાઓ થયેલી હતી તથા ડૉ.શ્રીના સ્વતંત્ર પુરાવા મુજબ ભોગ બનનાર સાથે પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ તાજેતરમાં થયેલ હતો તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે અને આ અંગે ભોગ બનનારના માતા પિતાનો પુરાવો પણ આ હકીકતને સમર્થન કરે છે. વળી, આ તબકકે એ હકીકત પણ નોંધવી આવશ્યક છે કે, બનાવ સમયે ભોગ બનનાર ખુબ જ નાની વયના હતા તેવા સંજોગોમાં આ પ્રકારના ગંભીર ગુનાના કારણે તેણી હેબતાઈ જાય અને ગભરાઈ જાય તે સ્વભાવિક છે અને ભોગબનનારની આ સ્થિતિને સાહેદ નં.૨૦ અને સાહેદ નં.૪ ના પુરાવાથી પણ સ્પષ્ટપણે સમર્થન મળે છે.

૪૨. વધુમાં, આ તબકકે એ નોંધવુ પણ આવશ્યક છે કે ભોગબનનાર બાળા નગ્ન સ્થિતીમાં મળી આવેલ છે અને તેણીના કપડા બનાવવાળી જગ્યાના પંચનામાં દરમ્યાન તે સ્થળ પરથી મળી આવેલ જે હકીકતને પંચ સાહેદ નં.૫ દશરથભાઈ તથા સાહેદ નં.૨૨ ઝલ્પાબેનના પુરાવાથી પણ સમર્થન મળે છે. વળી, ફરિયાદપક્ષે આંક-૧૮,૧૯ અને ૨૦ વાળા પંચનામાથી બનાવ સમયે ભોગ બનનારે પહેરેલ કપડાં તથા આરોપીએ પહેરેલ કપડાં કબજે કર્યાના પંચનામા રજૂ કરેલ છે. તેજ રીતે બનાવ જે ખુલ્લી જગ્યામાં બનેલ તે જગ્યાએથી આંક-૧૮ વાળા પંચનામા તથા આંક-૯૬ વાળા સ્થળ પરીક્ષણ અહેવાલ દરમ્યાન મળી આવેલ રતાશ પડતાં ડાઘાવાળા ભોગ બનનારના કપડાં તથા ઘાસ કબજે કરેલ છે. જે તમામ મુદ્દામાલ આંક-૧૦૬ થી ૧૦૮ વાળી રવાનગી નોંધના આધારે પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ છે જે એફ.એસ.એલ.માં મળી ગયા બાદ સંબંધિત અધિકારી દ્વારા તેના

પર પૃથ્થકરણ કરી આંક–૧૧૩ થી બાયોલોજી અને સીરોલોજીકલ અહેવાલ રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં ભોગ બનનારના કપડાં એટલે કે કુર્તી તથા ઘાસ માંથી માનવ વીર્યની હાજરી મળી આવેલ છે અને આ રિપોર્ટ મુજબ રૂધિરનું જૂથ "બી" હતું જે આરોપીના રૂધિર જૂથ સાથે સામ્યતા ધરાવે છે. તેમજ આંક–૧૧૪ વાળા ડી.એન.એ. રિપોર્ટથી પણ આ હકીકતને સમર્થન મળે છે. બચાવપક્ષે આ અંગે પોતાના બચાવમાં કોઇ હકીકતો રજૂ કરેલ નથી. વળી, ફરિયાદપક્ષે સાહેદ નં.૧૯, આંક–૮૦ થી તપાસેલ ડૉ. અનુરાગ શહાણેનો નામદાર કોર્ટ સમક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં આરોપીના શરીર ઉપર ઘસરકાના નિશાનો જણાય આવે છે. આ નિશાનો આરોપીના શરીર ઉપર કેવી રીતે આવ્યા તે અંગે પણ આરોપી તરફે આ સાહેદના પુરાવામાં કોઇ ખુલાસો કે હકીકત કે સંભાવના રેકર્ડ ઉપર લાવેલ નથી.

આમ, આ ગુનો આચરનાર વ્યક્તિ તરીકે ભોગબનનાર આરોપીને નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી, ફરિયાદપક્ષે રજૂ ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતાં ભોગબનનાર સાથે જે દુષ્કર્મ આચરેલ છે તે દુષ્કર્મ આરોપીએ જ આચરેલ છે તેવી હકીકત શંકા રહિત અને કડીબધ્ધ રીતે ફલિત થાય છે. વળી, આરોપી દ્વારા ભોગ બનનારને શરીરે અને ગળાના ભાગે બચકા પણ ભરવામાં આવેલ છે જે પણ ભોગ બનનાર સાથે ઉગ્ર જાતીય હુમલા આચરેલ હોય તેવી હકીકતને સમર્થન કરે છે. તેમજ આરોપીએ ભોગબનનાર સાથે આ ગુનો આચરતી વખતે આચરેલ ગુનાહિત કૃત્યથી ભોગબનનારના શરીર પર શારિરીક ઈજાઓ અને વ્યથાઓ તથા ખાનગી અંગો પર ઈજાઓ નિપજાવેલ છે. જેથી ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું તુલનાત્મક અભ્યાસ કરી મુલ્યાંકન કરતાં એવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે પેનેટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ તથા જાતિય હુમલાનો ગુનો આચરેલ છે અને તે સમયે ભોગબનનારની ઉમર ૧૨ વર્ષ કરતા નાની હોય તેમજ

આ ગુનો આચરતા સમયે ભોગબનનારના શરીરે તેમજ ખાનગી અંગો પર ઈજાઓ નિપજાવેલ હોય જેથી આરોપીનું આ કૃત્ય એગ્રાવેટેડ પેનીટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટની કલમ-૫ (આઈ)(એમ) તથા એગ્રાવેટેડ સેકસ્યુઅલ એસોલ્ટની કલમ-૯(આઈ)(એમ) તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એમ) મુજબનો પણ ગુનો આચરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આપેલ પુરાવા પરથી સ્પષ્ટપણે ફલિત થાય છે.

આમ, ફરીયાદપક્ષે તપાસેલ ભોગબનનાર તથા તેના માતા-પિતા તથા અન્ય સાહેદોનો મૌખિક પુરાવા ધ્યાને લેતા એવી હકકીત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે, આરોપીએ ભોગબનનારને પોતાની સાથે લઈ ગયા બાદ ભોગબનનારને પ્રથમ સાહેદ નં.૨૦ આંક-૮૬થી તપાસેલ પો.કો. અરૂણાબેનને મળ્યા ત્યાં સુધી ભોગબનનાર પોતાના માતા-પિતાના વાલીપણામાં ન હતા તેમજ ભોગબનનાર આ સાહેદને નગ્ન અવસ્થામાં મળેલ અને આરોપીએ ભોગબનનારથી કયારે અલગ થયેલ તે અંગે આરોપીએ કોઈ ખુલાસો કે હકીકત પોતાના બચાવમાં જણાવેલ ન હોય તેવા સંજોગોમાં ઉપરોકત ગુનાઓ આરોપીએ ભોગબનનાર તેઓની પાસે હતા તે દરમ્યાન આચર્યા છે તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. વળી, ભોગબનનારને દવાખાને લઈ જતા સાહેદ નં.-૪ ડો. શ્રીએ તેણીની સારવાર કરેલ અને ભોગબનનાર સાથે દુષ્કર્મ આચરેલ હોવાનું તથા તેના ગુપ્તાંગ ભાગે દુષ્કર્મના કારણે ઈજા નિપજેલ હોવાનું જણાવેલ અને તેણીને વધુ સારવાર માટે ચાર દિવસ દવાખાને રાખેલ તેવો પુરાવો આપેલ છે. આમ ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તે ફરીયાદ પક્ષના કેસ સાથે સ્પષ્ટ, સચોટ અને સુસંગત તથા એકબીજાએ સોગંદ પર કહેલી હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ. જેથી આ તમામ સાહેદોનો પુરાવો સ્પષ્ટ, સચોટ, સુસંગત અને વિશવસનીય ફલીત થાય છે તેમજ ભોગબનનારનો પોતાનો પુરાવો પણ સ્વયં સ્પષ્ટ અને વિશ્વસનીય ફલીત થાય છે અને જેથી તેણીના એકના પુરાવા પર પણ આધાર રાખી શકાય તેમ છે. વળી આ ભોગબનનારના પુરાવાને અન્ય સાહેદોના

પુરાવામાંથી પણ સમર્થન મળે છે જે ફરીયાદ પક્ષના કેસ સાથે સુસંગત અને વિશ્વસનીય ફલીત થાય છે તેમજ ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદોનો મૌખિક પુરાવો તથા આંક-૧૧૩ વાળા બાયોલોજીકલ અને સીરોલોજીકલ અહેવાલ અને આંક-૧૧૪ વાળા એફ.એસ.એલ. ના ડી.એન.એ. અહેવાલ વાળા સ્વતંત્ર દસ્તાવેજો પર થી પણ આ તમામ સાહેદોના પુરાવાને સમર્થન પ્રાપ્ત થાય છે. વળી પોક્સો એક્ટની કલમ-૨૯ અને ૩૦ ની જોગવાઈ મુજબ આરોપી વિરૂદ્ધ ગુનો આચરેલ હોવાનું તથા ગુના આચરતા સમય આરોપીની ગુનાહીત માનસિકતા અંગે કરેલા અનુમાનો અંગેની જોગવાઈ તથા ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા તે અનુમાનો કરવા માટે પુરતો અને પર્યાપ્ત પુરાવો રેકર્ડ પર ફલીત થાય છે. આ અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષ પર છે પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે બચાવપક્ષ આ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે અને ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન આરોપીએ આ આક્ષેપિત ગુનાહીત કૃત્ય આચરેલ ન હોય અથવા તો ફરીયાદ પક્ષે આપેલ પુરાવામાં શંકા પ્રરીત કરે તેવી કોઈ હકીકત બચાવ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી ઉપરોકત તમામ સંજોગોમાં તથા ફરીયાદ પક્ષે રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપીએ ભોગબનનાર ૦૪ વર્ષ ૦૬ માસના હોવાનું જાણવા છતાં આટલી નાની ઉંમરની બાળા સાથે શારીરિક દુષ્કર્મ આચરેલ છે અને તે સમયે આરોપીનો ઈરાદો ઉપરોકત ગુનો આચરવાનો હોવાનું ઉપરોકત સંજોગોમાં શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થતુ હોય, જેથી ફરીયાદપક્ષે ઉપરોકત તમામ પુરાવાઓ મુજબ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૭૬(૨)(એમ) તથા ૩૭૬એબી તેમજ પોકસો એકટની કલમ-૩(એ) ભંગ બદલ કલમ-૪(૨) તથા કલમ-૫(આઈ)(એમ) ના ભંગ બદલ કલમ-૬ તથા કલમ-૯(આઈ)(એમ) ના ભંગ બદલ કલમ-૧૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ આચરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકારહિત સાબિત કરવામાં સફળ રહેલ હોય જેથી **મુદ્દા નં.૨** નો જવાબ તે પ્રમાણે **હકારમાં** આપું છું.

આમ, ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત પુરાવા પરથી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૭૬(૨)(એમ) તથા ૩૭૬એબી તેમજ પોકસો એકટની કલમ–૩(એ) ભંગ બદલ કલમ–૪(૨) તથા કલમ–૫(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૬ તથા કલમ–૯(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબના ગુનાઓ સાબિત થતા હોય જેથી ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) ની જોગવાઇ મુજબ આરોપીને ઉપરોકત ગુનાના કામે તકસીરવાન ઠરાવું છું.

પરંતુ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) ની જોગવાઇ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ આરોપીને સજા કરતા પુર્વે સાંભળવાની તક આપવી જરૂરી હોય જેથી આરોપીને સજા અંગે સાંભળવા પર મુલત્વી.

આજ તારીખઃ **૧૫મી** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૬/૨૦૨૬ **(હિતેષકુમાર મુકુંદરાય વ્યાસ)**
સુરત. ૬ઠ્ઠા એડી.સેશન્સ જજ તથા જજશ્રી સ્પે.કોર્ટ (પોકસો) સુરત.
જજ કોડ– જી.જે.૦૦૮૩૪

**સજા અંગે સાંભળ્યા બાદ હુકમઃ–**

૪૩. સદર કામે આજરોજ આ અદાલતે ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૭૬(૨)(એમ) તથા ૩૭૬એબી તેમજ પોકસો એકટની કલમ–૩(એ) ભંગ બદલ કલમ–૪(૨) તથા કલમ–૫(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૬ તથા કલમ–૯(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવેલ છે.

સદર કામે આરોપી આ અદાલતની ન્યાયિક હિરાસતમાં હોય જેથી તેને વી.સી. મારફતે હાજર રખાવતા સજા અંગે પોતાની રજુઆત કરવાની તક આપતા કોઇ વિશેષ રજુઆત કરેલ નથી.

આરોપી તરફે એલ.એ.ડી.સી. કુ. આર. જી. પારેખ નાઓએ

એવી રજુઆત કરે છે કે, આરોપી નાની ઉમરના છે. તેઓ ગરીબ પરિવારના સભ્ય છે અને પરિવારમાં કમાનાર કોઈ વ્યકિત નથી અને પરિવારની જવાબદારી તેમના શિરે છે અને જેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા તથા ભોગવેલ સજા મજરે આપવા વિનંતિ કરેલ છે.

ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી વી. એલ. ફળદુ નાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ પુરવાર કરવામાં સફળ રહેલ છે. ત્યારે આવા પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહેલ છે. આરોપી નાની બાળાઓનો અબુધપણા અને ભોળપણાનો લાભ લઈ ફોસલાવી લલચાવી બદકામ કરે છે અને તેના કારણે સગીર બાળાઓનું જીવન ક્ષય થઈ જાય છે. તેવા સંજોગોમાં આવા ગુનાઓ બનતા અટકે અને આવા ગુનાઓ કરનારને સબક મળે અને સમાજમાં આવી બાળાઓ નિઃશંકપણે જીવી શકે તેવા હેતુસર કાયદામાં જણાવેલ મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ અને દંડ કરવો જોઈએ અને ભોગબનનારને યોગ્ય વળતર આપવા રજુઆત કરેલ છે.

આ કામના ભોગબનનાર તથા ફરીયાદીને હાજર રાખવા માટે વિ.એ.પી.પી.શ્રીને સુચના આપવામાં આવેલી અને તેઓ તરફે આજરોજ એવી રજુઆત કરવામાં આવેલ છે કે ભોગબનનાર તથા ફરીયાદી બનાવ બાદ પોતાના વતનમાં રહેવા જતા રહ્યા છે.

૪૪. આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક રજુઆત તથા સરકારીશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રીની રજુઆત ધ્યાને લીધી. આ કામના આરોપીને સજા કરતા પુર્વે એ નોંધવુ આવશ્યક છે કે, પ્રવર્તમાન સમયમાં આ પ્રકારના બનાવો ખુબજ વધારે બને છે. વળી, ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રીઓને ખુબજ આદરણીય ગણવામાં આવે છે અને સ્ત્રીઓને શકિતનું સ્વરૂપ મનાય છે અને તેમાંય ખાસ કરીને નાની અને કુમળી વયની બાળાઓને તો કુટુંબમાં, સમાજમાં, સારા પ્રસંગોએ તથા તહેવારોએ પુજા પણ કરવામાં આવે છે અને નાની બાળાઓમાં ભગવાનનું રૂપ જોવામાં આવે છે અને તેઓના મહત્વ અંગે સંસ્કૃતમાં શ્લોક લખેલ છે કે,

- यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:
- यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफला: क्रिया:

ઉપરોકત શ્લોકનો અર્થ થાય છે કે, જયાં નારીઓની પુજા અને સત્કારા થાય છે ત્યાં સદા ભગવાનની કૃપા રહે છે. જયાં નારીઓના આદર, સત્કાર થતા નથી ત્યાં કરેલા શુભ કાર્યો પણ ફળ આપતા નથી. વળી, શ્રી ચાણકયએ સ્ત્રીઓના સન્માનમાં કહેલ છે કે, સ્ત્રી એ રત્ન છે. પરંતુ, તે રત્ન, જેમ રત્ન નથી. જેનો અર્થ થાય છે કે, સ્ત્રી અમુલ્ય છે પરંતુ તે અંલકાર કે વસ્તુ નથી. તે જ રીતે ભારતીય સમાજમાં સ્ત્રીઓ અને નાની બાળાઓ હમેશા આદર અને સત્કારની અધિકારીણીઓ રહેલ છે. તેઓ કોઈ મનોરંજન કે ભોગ વિલાસનું સાધન નથી. વળી, શાસ્ત્રોમાં અને વેદોમાં નાની બાળાના મહત્વ અંગે એવુ મંતવ્ય વ્યકત કરે છે કે,

" दशपुत्रसमा कन्या दशपुत्रान्प्रवर्धयन्।
यत्फलं लभते मर्त्यस्तल्लभ्यं कन्ययैकया॥ "

જેને સામાન્ય ભાષામાં અર્થ કરીએ તો એવો થાય છે કે, એક દિકરી ૧૦ દિકરાઓ સમાન છે અને મનુષ્યને ૧૦ દિકરાઓના ઉછેરથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ એક દિકરીના ઉછેરથી તે મેળવે છે. આમ, આવા સમૃધ્ધ ભારતીય સંસ્કૃતિમાં જયારે આ પ્રકારના બનાવો બને છે ત્યારે તે ખુબજ નિંદનીય અને ધૃણાસ્પદ છે. વળી, શારિરીક દુષ્કર્મ (રેપ) એ સ્ત્રીના પોતાના શરીર અંગેના રહેલા પોતાના મુળભુત અધિકારનો ભંગ છે. જેથી આ પ્રકારના બનાવોને કયારેય હળવાશથી લઇ શકાય નહીં અને તેવા જ ઉમદા સામાજીક હેતુને ધ્યાને રાખી પોકસો એકટની રચના કરવામાં આવેલ છે. જેથી નાની અને કુમળી વયની બાળાઓ આ પ્રકારના શારિરીક શોષણનો ભોગ ન બનવુ પડે. પરંતુ જયારે આ પ્રકારના કૃત્યો બાળાઓ સાથે થાય છે અને તે અદાલતમાં સાબિત થાય છે ત્યારે આ અદાલતની કાયદાકીય, નૈતિક અને સામાજીક ફરજ બને છે કે આ પ્રકારના ગુના આચરતા વ્યકિતઓ પર કોઈપણ પ્રકારની રહેમ નજર ન રાખી અને તેઓને કાયદામાં નિહીત કડકમાં કડક અને

વધુમાં વધુ સજા કરે, જેથી ભવિષ્યમાં આવી બાળાઓ સાથે આ પ્રકારના દુષ્કર્મ થતા અટકે. પોકસો એકટની કલમ–૬ માં તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬એબી માં આરોપીને વધુમાં વધુ મૃત્યુ દંડની સજા થઇ શકે, તેવી જોગવાઇ છે. પરંતુ, સદર કામે આરોપીનો ગુનાહિત ભુતકાળ હોય તેવી કોઇ હકીકત કે પુરાવો ફરીયાદપક્ષે રેકર્ડ પર લાવેલ નથી. આ પુર્વે આરોપીને કોઇ અન્ય ગુનાના કામે તકસીરવાન ઠરાવેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેમજ, નામ. સુપ્રિમ કોર્ટે મૃત્યુ દંડની સજા કયા પ્રકારના કિસ્સામાં થઇ શકે તે અંગે આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા, હાલનો કેસ તે મુજબ રેર ઓફ રેરેસ્ટ કેસમાં પડતો નથી. જેથી આરોપીને મૃત્યુ દંડની સજા થઇ શકે તેમ નથી. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે સદર કેસમાં ભોગબનનાર ૦૪ વર્ષ ૦૬ માસની નાની બાળા હતી. જેણે હજી દુનિયા પણ જોઇ નથી અને આવી નાની ઉમરે તેણીને આવા જઘન્ય અપરાધનો ભોગ બનવુ પડેલ છે અને તેણીની આખી જીંદગી આ અપરાધથી પ્રભાવિત થશે. તેવા સંજોગોમાં હાલના બનાવમાં માત્ર ભોગબનનાર બાળા નહીં પરંતુ તેના માતા પિતા અને આજુબાજુના પાડોશી તેમજ સમગ્ર સમાજ પ્રભાવિત થયેલ છે. જેથી આરોપીએ કરેલ રજુઆત ધ્યાને લેતા તથા ભારતીય દંડ સંહિતા તથા પોકસો એકટની કલમમાં ગુનાની સજા અંગે કરેલ જોગવાઇ ધ્યાને લેતા કાયદામાં નિહીત સજાની જોગવાઇ ધ્યાને લઇ આરોપીને યોગ્ય સજા કરવી યોગ્ય અને વ્યાજબી જણાઇ આવે છે. જેથી સાબિત થયેલ ગુનાની ગંભીરતા અને ગુનો આચરતી વખતે આરોપીએ આચરેલ ગુનાહિત કૃત્યની અસર ધ્યાને લેતા આરોપીને તેઓએ આચરેલ ગુનાની ગંભીરતા સમજાય તે રીતે તેમને સજા કરવી યોગ્ય જણાઇ આવે છે. વળી, આ તબકકે એ પણ ધ્યાને લેવુ જરૂરી છે કે, આરોપીએ કરેલ ગુનાના ગંભીરતા ધ્યાને લઇ તેને આચરેલા ગુનાના સપ્રમાણમાં સજા કરવી યોગ્ય અને ન્યાયિક જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

તેમજ, કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા પોકસો

એકટની કલમ – ૩૩ (૮) અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ તથા પોકસો એકટ રૂલ્સ ૨૦૨૦ ના નિયમ ૯ અને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ ૨૦૧૯ ની જોગવાઇ ધ્યાને લેતા તેમજ આ કામે ભોગબનનાર તથા તેણીના માતા–પિતાને થયેલી શારિરીક તેમજ માનસિક યાતના તેમજ હવે પછી તેણીની સમાજમાં થતી ઉપેક્ષાનું પરિબળ ધ્યાને લઇ તેમજ તેઓનો સ્વમાનભેર જીવન જીવવાને ઉજળી તક મળી રહે અને ભોગબનનાર બાળકના ભવિષ્ય પણ સુદ્રઢ બને તે હેતુથી તેઓને યોગ્ય વળતર અપાવવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમઃ–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫(૨) અન્વયે આ કામના આરોપી–**અંકિત ઓમપ્રકાશ ગૌતમ** ઉ.આ.વ.૨૯,ધંધો–એમ્બ્રોડરી મશીન ચલાવવાની મજુરી, રહેઃ–ખાતા નં. ૨૯૫, પંડોળ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ–૦૨, ચામુંડા પાન કોલ્ડ્રીંકસની ઉપર બીજા માળે અશોક ભાઇના ખાતામાં વેડરોડ, ચોકબજાર, સુરત, મુળ રહેવાસી–ગામ–સીરસા, તા. ધાટમપુર, થાના–સજેતી, જિ.કાનપુર (ઉત્તરપ્રદેશ) નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦ ૨૬૭/૨૦૨૪ ના કામ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૭૬ (૨)(એમ) તથા ૩૭૬એબી તેમજ પોકસો એકટની કલમ–૩(એ) ભંગ બદલ કલમ–૪(૨) તથા કલમ–૫(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૬ તથા કલમ–૯(આઇ)(એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ – ૩૬૩ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **૦૭ (સાત) વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ

કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે **તથા**

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ – ૩૭૬(૨)(એમ) મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદ એટલે કે આરોપીના બાકી રહેતા કુદરતી જીવનની છેલ્લી ક્ષણો સુધી સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે **તથા**

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ – ૩૭૬એબી મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદ એટલે કે આરોપીના બાકી રહેતા કુદરતી જીવનની છેલ્લી ક્ષણો સુધી સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે **તથા**

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમની કલમ–૩ ના ભંગ બદલ કલમ–૪(૨) મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદ એટલે કે આરોપીના બાકી રહેતા કુદરતી જીવનની છેલ્લી ક્ષણો સુધી સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ

કરવામાં આવે છે **તથા**

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમની કલમ–૫(આઇ) (એમ)ના ભંગ બદલ કલમ–૬ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદ એટલે કે આરોપીના બાકી રહેતા કુદરતી જીવનની છેલ્લી ક્ષણો સુધી સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે **તથા**

આ કામના આરોપી– **અંકિત ઓમપ્રકાશ ગૌતમ** નાઓને ચોકબજાર પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૪૦૨૬૭ /૨૦૨૪ ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમની કલમ–૯(આઇ) (એમ) ના ભંગ બદલ કલમ–૧૦ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **૦૭ (સાત) વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ **૦૨(બે) વર્ષની સાદી કેદની** સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીને કરેલી ઉપરોકત તમામ સજાઓ એકસાથે ભોગવવી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ અન્વયે તેઓએ ન્યાયિક હિરાસતમાં ગાળેલો સમયગાળો તેઓને કરવામાં આવેલ સદર કેદની સજાના હુકમ સામે મજરે આપવો.

૩. આ કામે આરોપીએ દંડની કુલ રકમ **રૂ. ૬૦,૦૦૦/–** (અંકે રૂપિયા સાંઇઠ હજાર પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી દંડની રકમ ભર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬એબી, ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ– ૪(૩) તથા કલમ–૬(૨) અન્વયે તેમાં જણાવેલ ઉદેશ્ય માટે ભોગબનનારને ચુકવી આપવી.

૪.૧ વધુમાં, ગુજરાત ની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમો તથા શેડ્યુલના અનુક્રમ નં. ૯ તેમજ નિયમ – ૯ (૫) અનુસાર, **અપીલ પીરીયડ બાદ** આ કામના **ભોગ બનનારને ₹ ૧૦,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પચાસ હજાર પૂરા)** અપીલ સમય બાદ અથવા અપીલના કામે થયેલ હુકમને આધિન ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે અને જો આરોપીએ દંડ ભરેલ હોય અને તે રકમ ભોગબનનારને ચુકવી આપેલ હોય તો, બાકીની વળતરની રકમ ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, સુરતને આથી હુકમ કરવામાં આવે છે.

૪.૨ ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમોના નિયમ– ૧૧(૩) અનુસાર, ભોગ બનનારને ઉપરોક્ત ચૂકવવાપાત્ર વળતરની રકમ પૈકી ૮૦% રકમ ભોગ બનનારના નામે, ત્રણ વર્ષના સમયગાળા માટે ભોગ બનનારના અથવા તેણીના કાયદેસરના વાલીની પસંદગીની કોઈ પણ રાષ્ટ્રિયકૃત બેંકમાં બાંધી મુદતની થાપણ તરીકે મૂકવી, જ્યારે બાકી રહેતી ૨૦% (વીસ ટકા) રકમ ભોગ બનનારને એકાઉન્ટ પેઈ ચેકથી તેણીની ઓળખની ખરાઇ કરી નિયમોનુસાર ચૂકવી આપવી.

૪.૩ ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમોના નિયમ – ૧૧(૪) અનુસાર, ઉપરોક્ત બાંધી મુદતની થાપણ ઉપર વખતોવખત જમા થતું વ્યાજ આપોઆપ ભોગ બનનારના બચત ખાતામાં જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪.૪ ભોગબનનાર કે તેના કાયદેસરના વાલી અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વિના ઉપરોક્ત બાંધી મુદતની થાપણ ઉપાડી શકશે નહીં કે તે ઉપર કોઈ ધીરાણ મેળવી શકશે નહીં કે બોજો ઉત્પન્ન કરી શકશે નહીં.

૪.૫ સદર ગુનાના અનુસંધાને જો ભોગ બનનારને અગાઉ કોઈ વળતરની રકમ ચૂકવવામાં આવેલ હોય તો, ઉપરોક્ત નિયત કરેલ વળતરની રકમમાંથી અગાઉ ચૂકવેલ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ આ હુકમના પેરા–૪(૧) તથા ૪(૨) અનુસાર ચૂકવવાનો હુકમ કરવામાં

આવે છે.

૫. આ હુકમની નકલ આરોપીને તેમજ ભોગબનનાર/વાલીને વિના મુલ્યે પુરી પાડવી.

૬. અપીલ સમય વિત્યા બાદ પેનડ્રાઈવ તથા આંકે પડેલ મુદ્દામાલ સિવાય બિન કિમતી મુદ્દામાલનો નાશ કરવો, અન્યથા અપીલ અદાલતના હુકમ આધીન નિકાલ કરવો.

૭. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરનાઓને આ ચુકાદાની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૮. આરોપી ન્યાયિક હિરાસતમાં હોય જેથી તેમની સજા હુકમની અમલવારી માટે સજા વોરંટ ભરી આગળની કાર્યવાહી કરવી.

આજ તારીખઃ **૧૫મી** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૬/૨૦૨૬ **(હિતેષકુમાર મુકુંદરાય વ્યાસ)**
સુરત. ૬ઠ્ઠા એડી.સેશન્સ જજ તથા જજશ્રી સ્પે.કોર્ટ (પોકસો) સુરત.
જજ કોડ– જી.જે.૦૦૮૩૪